# અમદાવાદ એક્સપ્રેસ

Ahmedabad Express | Ahmedabad | RNI No.GUJGUJ/2011/40654




પેજ-08
'ઈમરજન્સી' બોક્સ ઓફિસ કલેક્શન



પેજ-09
ઓસ્ટ્રેલિયન ઓપન: વર્લ્ડ નં. 1 સિનર ચોથા રાઉન્ડમાં

**હવામાન**

| શહેર | મહત્તમ | લઘુત્તમ |
|---|---|---|
| અમદાવાદ | 29.00 | 17.00 |
| વડોદરા | 31.00 | 17.00 |
| સુરત | 31.00 | 18.00 |

પેજ 5




જેન AIથી 2030 સુધીમાં 3.8 કરોડ નોકરીમાં પરિવર્તન આવશે

20 JANUARY-2025 MONDAY

શેખ હસીનાએ કહ્યું, મોત મારાથી માત્ર 20-25 મિનિટ દૂર હતું



પેજ 10

.....સુવિચાર.....
'સૂર્ય ઉગતાની સાથે જ અંધકાર મટી જાય છે, તેમજ મનની ખુશી બધા અવરોધોને દૂર કરે છે!'


વર્ષ-14 | અંક-063 | વિક્રમ સંવત-2081 | પોષ વદ-07 | પાના-12 | કિંમત 3/- | અમદાવાદ ▪ અમદાવાદ, વડોદરા, સુરતથી પ્રસિદ્ધ થતું દૈનિક


કુંભમેળાના સેક્ટર 19-20માં લાગી આગ.... ધડાધડ સિલિન્ડર બ્લાસ્ટ થયાં; આગની જ્વાળા વચ્ચેથી ટ્રેન પસાર થઈ

# મહાકુંભમાં અગ્નિકાંડ : સિલિન્ડર બ્લાસ્ટથી લાગી આગ

## ભારે જહેમત બાદ ફાયરવિભાગે આગ પર કાબૂ મેળવ્યો, સદ્નસીબે જાનહાનિ ટળી

(એજન્સી) પ્રયાગરાજ | તા.19

મહાકુંભનો મેળો ચાલી રહ્યો છે. ત્યારે મહાકુંભ મેળા ક્ષેત્રના ટેંટમાં આગ લાગી હોવાનું સામે આવ્યું છે. અનેક ટેંટ બળીને ખાખ થઈ ગયા છે. ફાયર ફાઈટરની ગાડીઓ ઘટના સ્થળે પહોંચી છે. આગ ઓલવવાની કામગીરી ચાલી રહી છે. શાસ્ત્રીપુલ પાસે ભયંકર આગ લાગી છે. કહેવામાં આવી રહ્યું છે કે મહાકુંભ મેળા ક્ષેત્રના શાસ્ત્રી બ્રિજ સેક્ટર 19 કેમ્પમાં ભીષણ આગ લાગી છે. એટલી મોટી આગ લાગી છે કે ભીષણ આગાના ધુમાડાના ગોટે ગોટા દૂર દૂર સુધી જોવા મળી રહ્યા છે. ફાયર વિભાગની ટીમ ઘટના સ્થળે પહોંચીને આગ પર કાબૂ મેળવવાનો પ્રયાસ કર્યો છે. જો કે ફાયર ફાઈટર દ્વારા સતર્કતા દાખવતા હાલમાં આગ પર કાબૂ મેળવવામાં આવ્યો છે. રેલવે પુલની નીચે આવેલા ટેંટમાં આગ લાગી હતી. આગ લાગવાનું કારણ ચોક્કસ સામે આવ્યુ નથી. પરંતુ સિલેન્ડરમાં બ્લાસ્ટ થયો હોવાની આશંકા છે. પાણીનો મારો ચલાવતા આગ પર કાબૂ મેળવવામાં આવ્યો છે. ફાયર વિભાગની 6 ગાડીઓ ઘટના સ્થળે પહોંચી ગઈ હતી. આગમાં કોઈ જાનહાનિ થઈ હોવાનું સામે આવ્યું નથી.

### આગ પર મેળવાયો કાબૂ

સેક્ટર 19માં મહાકુંભ મેળા ક્ષેત્રમાં આગ લાગી હતી. ટેન્ટ સીટીમાં લાગેલી આગ ધીરે ધીરે વધતી ગઈ અને સેક્ટર 20 સુધી પહોંચી હતી. જો કે યુદ્ધના ધોરણે આગ બુઝાવવાની કામગીરી શરૂ કરાતા હાલ આગ પર કાબૂ મેળવી દેવાયો છે. જો કે આ એટલી મોટી ઈવેન્ટ છે કે ત્યાં નાનકડી આગ પણ લાગે તો જીવ તાળવે ચોંટે.

## 50થી વધુ ટેન્ટ બળી ખાક થયાં



**ગીતા પ્રેસ ગોરખપુરના કેમ્પમાં લાગી હતી આગ :** મળતી માહિતી મુજબ, મહાકુંભમાં સેક્ટર 19માં ગીતા પ્રેસ ગોરખપુરના કેમ્પમાં આગ લાગી હતી. ભીષણ આગની ઘટનાથી 20 થી 25 ટેન્ટ બળી ગયા છે. ટેન્ટમાં મૂકવામાં આવેલાં સિલેન્ડર સતત બ્લાસ્ટ થઈ રહ્યા હતાં. જેના કારણે આગે વિકરાળ સ્વરૂપ ધારણ કર્યું હતું. આ આગ અખાડાથી આગળ રસ્તા પર લોખંડના બ્રિજ નીચે લાગી હતી. હાલ, ફાયર વિભાગ આગ પર દ્વારા આગ પર કાબૂ મેળવી લેવાયો છે. નોંધનીય છે કે, હવા તેજ હોવાના કારણે આગ વધુ ફેલાય તેવું જોખમ હતું. જોકે, હજુ સુધી કોઈ જાનહાનિની ઘટના સામે નથી આવી.

### આસપાસના વિસ્તારને તાત્કાલિક ખાલી કરાયા

મહાકુંભમાં લાગેલી આગના કારણે આસપાસના વિસ્તારમાં આકાશ ધુમાડાથી કાળું થઈ ગયું છે. આ સાથે જ ફાયર વિભાગની ટીમે આસપાસના વિસ્તારને તાત્કાલિક ધોરણે ખાલી કરાયો હોવાના કારણે હજુ સુધી કોઈ જાનહાનિની ઘટના સામે નથી આવી.

### બે-ત્રણ સિલિન્ડર થયા બ્લાસ: ADG

એડીજી ભાનુ ભાસ્કરે કહ્યું કે, મહાકુંભ મેળાના સેક્ટર 19માં બે-ત્રણ સિલિન્ડર બ્લાસ્ટ થયા, જેનાથી શિબિરોમાં ભીષણ આગ લાગી ગઈ. આગ પર કાબૂ મેળવી લેવાયો છે. તમામ લોકો સુરક્ષિત છે, કોઈ ઈજાગ્રસ્ત નથી થયું. ઘટનાની તપાસ કરાઈ રહી છે.

### ■ ટ્રેનમાંથી કેદ થયેલ અકસ્માતનો વીડિયો




આગનું કારણ ગેસ સિલિન્ડરમાં બ્લાસ્ટ હોવાનું જણાવવામાં આવી રહ્યું છે. આ આગ શાસ્ત્રી બ્રિજ અને રેલ્વે બ્રિજ વચ્ચે લાગી હતી. ફાયર બ્રિગેડના કર્મચારીઓ હજુ પણ ઘટનાસ્થળે તૈનાત છે, તેઓ બારીકાઈથી તપાસ કરી રહ્યા છે અને ત્યાં કોઈ જ્વલનશીલ સામગ્રી છે કે કેમ તે તપાસી રહ્યા છે. જેથી આગ ફરી ન ભડકે. સીએમ યોગી આદિત્યનાથે આ ઘટનાની નોંધ લીધી છે.

### ■ ગેસ અને વાસણોના ટુકડા થઈ ગયા



આગમાં ઘણા તંબુઓ અને તેમાં રાખેલી વસ્તુઓ બળીને રાખ થઈ ગઈ. શરૂઆતની માહિતી મુજબ, પહેલા એક સિલિન્ડરમાં આગ લાગી અને પછી તે ફેલાઈ ગઈ. આગએ વિકરાળ સ્વરૂપ ધારણ કરતાં, જુદા જુદા તંબુઓમાં રાખવામાં આવેલા સિલિન્ડરોમાં એક પછી એક અનેક વિસ્ફોટ થયા. આઠથી નવ સિલિન્ડરોમાં વિસ્ફોટ થયા હોવાની માહિતી સામે આવી છે.

## PM મોદીએ ઘટનાની મેળવી જાણકારી, CM યોગીને કર્યો ફોન



ઘટનાને પગલે યુપી સીએમ યોગી આદિત્યનાથ પરિસ્થિતિનો તાગ મેળવવા માટે ઘટના સ્થળે પહોંચ્યા હતા. અધિકારીઓને સાથે રાખીને પરિસ્થિતિનું નિરીક્ષણ કર્યુ હતું. તો બીજી તરફ પીએમ મોદીએ આગની ઘટનાની નોંધ લીધી હતી. સીએમ યોગી સાથે ફોન પર વાતચીત કરીને જાણકારી મેળવી હતી.

# મહાકુંભમાં આગને લઈને ભાજપ અને સપા આમને-સામને

(એજન્સી) પ્રયાગરાજ | તા.19

પ્રયાગરાજમાં મહાકુંભના મેળા વિસ્તારમાં સાંજે આગ લાગી હતી. આ આગ શાસ્ત્રી બ્રિજ પાસે સેક્ટર 19 કેમ્પમાં લાગી હતી. એવું કહેવામાં આવી રહ્યું છે કે વિવેકાનંદ સેવા સમિતિ વારાણસીના તંબુમાં ભોજન રાંધતી વખતે આગ લાગી હતી અને તેણે ઘણા તંબુઓને પોતાની લપેટમાં લઈ લીધા છે. આ પછી, તેમાં રાખેલા ગેસ સિલિન્ડરો બ્લાસ્ટ થવા લાગ્યા જેમાં લગભગ 20 થી 25 તંબુ બળીને રાખ થઈ ગયા. ઘટનાની માહિતી મળતા જ ફાયર બ્રિગેડની અનેક ગાડીઓ ઘટનાસ્થળે પહોંચી ગઈ હતી અને આગ પર કાબુ મેળવ્યો હતો.

આ ઘટના અંગે સમાજવાદી પાર્ટીએ યોગી સરકાર પર નિશાન સાધ્યું છે. પાર્ટીના મીડિયા સેલે સોશિયલ મીડિયા પર એક પોસ્ટ શેર કરી જેમાં કહ્યું હતું કે, 'મહાકુંભ મેળા વિસ્તારમાં આગ લાગવાને કારણે ઘણા તંબુ બળી ગયાના અહેવાલ છે અને આગ ઝડપથી ફેલાઈ રહી છે.' ભાજપ સરકારને અપીલ છે કે તેઓ તાત્કાલિક રાહત કાર્ય ઝડપી બનાવે અને કોઈ જાનહાનિ ન થાય તેની ખાતરી કરે.

### 'યોગીએ સિસ્ટમ વિશે ઢંઢેરો પીટ્યો હતો'



રાજ્યના મુખ્યમંત્રી યોગી આદિત્યનાથ પર પ્રહારો કરતા કહ્યું, 'શું આ એ જ વ્યવસ્થા છે જેના વિશે સીએમ યોગી મેળાના વિસ્તારના સંચાલન અને બધાને આમંત્રણ આપવા અંગે ખૂબ અવાજ ઉઠાવી રહ્યા હતા?' સત્ય એ છે કે યોગીએ ફક્ત અવાજ કર્યો છે અને ફક્ત ભ્રષ્ટાચાર કર્યો છે, સુરક્ષા વ્યવસ્થા ફક્ત ભગવાન રામ પર નિર્ભર છે. તેમણે કહ્યું છેકે મહા કુંભ મેળામાં લાગેલી આગની નોંધ લેવી જોઈએ અને ભવિષ્યમાં આવી દુર્ઘટના ન બને તેની ખાતરી કરવી.

### ભાજપે અખિલેશ પર વળતો પ્રહાર કર્યો



તે જ સમયે, ભાજપે સપાના આ નિવેદન પર વળતો પ્રહાર કર્યો છે. પાર્ટીના પ્રવક્તા પ્રદીપ ભંડારીએ એક પોસ્ટ શેર કરીને કહ્યું, 'તમને શરમ આવવી જોઈએ!' સમાજવાદી પાર્ટી એ ઈરાદા સાથે બેઠી છે કે મહાકુંભમાં કોઈ દુર્ઘટના બને. હિન્દુ દ્વેષની ચરમસીમા સ્પષ્ટ દેખાય છે. વધુમાં, તેમણે કહ્યું કે મુખ્યમંત્રી યોગી આદિત્યનાથે તાત્કાલિક જાણ કરી અને આગ પર કાબુ મેળવી લેવામાં આવ્યો. કોઈ જાનહાનિ નથી.

# ખો ખો વર્લ્ડ કપ 2025: ભારતીય મહિલા ટીમ પ્રથમ વિશ્વ ચેમ્પિયન



(એજન્સી) નવી દિલ્હી | તા.19

ભારત ખો ખોની પ્રથમ વિશ્વ ચેમ્પિયન ટીમ બની છે. રવિવાર ૧૯ જાન્યુઆરીના રોજ નવી દિલ્હીમાં રમાયેલી ફાઈનલમાં, ભારતીય મહિલા ટીમે નેપાળને એકતરફી રીતે ૩૮ પોઈન્ટના મોટા માર્જિનથી હરાવ્યું અને ટાઈટલ જીત્યું. ટુર્નામેન્ટની પહેલી મેચથી જ દરેક મેચમાં પ્રભુત્વ સાથે જીત મેળવી રહેલી ભારતીય મહિલા ટીમે ફાઈનલમાં પણ આ જ શૈલી ચાલુ રાખી અને નેપાળને 78-40ના સ્કોર સાથે હરાવીને ચેમ્પિયનશિપ જીતી. પ્રથમ ખો-ખો વર્લ્ડ કપ ૧૩ જાન્યુઆરીએ નવી દિલ્હીના ઈન્દિરા ગાંધી ઈન્ડોર સ્ટેડિયમ ખાતે શરૂ થયો હતો અને તેની પહેલી જ મેચમાં ભારતીય મહિલા ટીમે ૧૭૬ પોઈન્ટ મેળવીને દક્ષિણ આફ્રિકા સામે મોટી જીત નોંધાવી હતી. આ જીત સાથે ટીમ ઈન્ડિયાએ પોતાના ઈરાદા સ્પષ્ટ કરી દીધા અને આ ઈરાદો દરેક ટીમને બરબાદ કરવાનો હતો. રવિવારે ફાઈનલ સાથે, ભારતીય ટીમે પોતાના ઈરાદાઓને વાસ્તવિકતામાં ફેરવી દીધા અને ટાઈટલ જીત્યું.

**નેપાળને હરાવીને જીત્યો ખિતાબ**

### શરૂઆતથી જ ભારતનો દબદબો

ભારતીય ટીમ માટે આ મેચ મુશ્કેલ માનવામાં આવી રહી હતી કારણ કે તેમની જેમ, નેપાળ પણ એક મજબૂત ખો-ખો ટીમ છે, પરંતુ ભારતીય મહિલાઓએ પ્રથમ ટર્નથી જ પોતાનું વર્ચસ્વ જાળવી રાખ્યું હતું. ભારતીય ટીમે ટર્ન-૧ માં હુમલો કર્યો અને નેપાળી ખેલાડીઓ દ્વારા ડિફેન્સમાં કરવામાં આવેલી ભૂલોનો પૂરો ફાયદો ઉઠાવ્યો અને ૩૪-૦ ની વિશાળ લીડ સાથે મેચની શરૂઆત કરી. બીજા વળાંકમાં, નેપાળનો હુમલો કરવાનો વારો હતો અને ટીમે પોતાનું ખાતું ખોલાવ્યું પરંતુ ભારતીય ડિફેન્ડર્સે તેને સરળતાથી પોઈન્ટ મેળવવા દીધા નહીં.

# સેનાનું ઓપરેશન | જમ્મુ-કાશ્મીરના સોપોરમાં સુરક્ષા દળોએ બે આતંકવાદીઓને ઘેરી લીધા

(એજન્સી) સોપોર | તા.19



જમ્મુ-કાશ્મીરના બારામુલા જિલ્લાના સોપોરમાં ગોળીબારની ઘટના સામે આવી છે. સેનાનું સંયુક્ત સર્ચ ઓપરેશન ચાલી રહ્યું હતું ત્યારે ગોળીબાર થયો હતો. સોપોરના ગુર્જરપેટી જલુરામાં આતંકવાદીઓ છુપાયેલા હોવાની શક્યતા છે અને કહેવામાં આવી રહ્યું છે કે બે આતંકવાદીઓને ઘેરી લેવામાં આવ્યા છે. 22 RR, CRPF ની 179મી બટાલિયન અને પોલીસ ટીમ સર્ચ ઓપરેશન માટે બારામુલા જિલ્લાના સોપોર પહોંચી હતી. ગોળીબાર બાદ, વિસ્તારને ઘેરી લેવામાં આવ્યો છે અને આતંકવાદીઓ અને સેના વચ્ચે એન્કાઉન્ટર શરૂ થયું છે. અધિકારીઓના જણાવ્યા અનુસાર, આ કાર્યવાહીમાં હજુ સુધી કોઈ જાનહાનિના સમાચાર નથી. જમ્મુ-કાશ્મીરમાં આતંકવાદીઓ વિરુદ્ધ સુરક્ષા દળોનું ઓપરેશન સતત ચાલુ છે.

## '20 કરોડ આપો નહીંતર...', સાંસદ સંજય યાદવને મળી ધમકી

(એજન્સી) પટણા | તા.19



બિહારમાં, આરજેડી રાજ્યસભા સાંસદ અને તેજસ્વી યાદવના નજીકના સહયોગી સંજય યાદવને 20 કરોડ રૂપિયાની ખંડણી ચૂકવવાનું કહેવામાં આવ્યું છે. આંતરરાષ્ટ્રીય સ્તરે કુખ્યાત ગુનેગાર જોગીન્દર ગ્યોંગ ઉર્ફે જોગા ડોને વિદેશી નંબર પરથી ફોન કરીને આ ધમકી આપી છે. ડોને પરિણામોનો સામનો કરવા તૈયાર રહેવા કહ્યું છે. ધમકી મળ્યા બાદ સંજય યાદવે પટનાના કોતવાલી પોલીસ સ્ટેશનમાં કેસ નોંધાવ્યો છે. સાંસદ દ્વારા કેસ નોંધાયા બાદ પોલીસે આ મામલાની તપાસ શરૂ કરી દીધી છે.

## NDA માનવસર્જિત આપત્તિમાં મદદે આવે છે : અમિત શાહ

(એજન્સી) વિજયવાડા | તા.19

કેન્દ્રીય ગૃહ પ્રધાન અમિત શાહે રવિવારે આંધ્રપ્રદેશના વિજયવાડા નજીક નેશનલ ઈન્સ્ટિટ્યૂટ ઑફ ડિઝાસ્ટર મેનેજમેન્ટ (NIDM)ના દક્ષિણી કેમ્પસ અને નેશનલ ડિઝાસ્ટર રિસ્પોન્સ ફોર્સ (NDRF) ની 10મી બટાલિયન કેમ્પસનું ઉદ્ઘાટન કર્યું હતું. આ દરમિયાન તેમણે એક જાહેર સભામાં કહ્યું હતું કે, ભગવાન દ્વારા કોઈ પણ આપત્તિ આવે ત્યારે NDRF મદદ માટે આવે છે. જ્યારે માનવસર્જિત આફત આવે છે ત્યારે NDA મદદ માટે આવે છે. તેમણે કહ્યું કે મહારાષ્ટ્ર અને હરિયાણા બાદ NDA 2025માં દિલ્હીમાં સરકાર બનાવશે. શાહે કહ્યું કે, આંધ્રપ્રદેશને વડાપ્રધાન નરેન્દ્ર મોદીના નેતૃત્વવાળી સરકારનું સંપૂર્ણ સમર્થન છે. કેન્દ્રએ માત્ર 6 મહિનામાં રાજ્ય માટે રૂ. 3 લાખ કરોડથી વધુના પ્રોજેક્ટને મંજૂરી આપી છે. આ કાર્યક્રમમાં આંધ્રપ્રદેશના સીએમ ચંદ્રબાબુ નાયડુ, ડેપ્યુટી સીએમ પવન કલ્યાણ અને કેન્દ્રીય મંત્રી કે રામ મોહન નાયડુ પણ હાજર હતા.

## કેન્દ્ર દ્વારા વાટાઘાટોના આમંત્રણ મળ્યા બાદ 121 કિસાનોએ તોડ્યા ઉપવાસ, ડલ્લેવાલાના સમર્થનમાં કરી રહ્યા હતા વિરોધ

(એજન્સી) ખાનૌરી | તા.19

કિસાન નેતા જગજીત સિંહ દલેવાલ 50 દિવસથી વધુ સમયથી ભૂખ હડતાળ પર છે. તેમના સમર્થનમાં ખાનૌરી બોર્ડર પર ભૂખ હડતાળ પર બેઠેલા 121 ખેડૂતોએ આજે રવિવારે તેમની અનિશ્ચિત હડતાળ પાછી ખેંચી લીધી છે. હકીકતમાં જગજીત સિંહ દલેવાલ તબીબી સહાયતા માટે સંમત થયા બાદ ખેડૂતોએ તેમનો ઉપવાસ તોડ્યા છે. તેમણે 26 નવેમ્બરથી ભૂખ હડતાળ શરૂ કરી હતી અને ત્યારથી તેઓ તબીબી સહાય લેવાનો ઈનકાર કરી રહ્યા હતા.



**પોલીસ અધિકારીઓની સામે ખેડૂતોએ ઉપવાસ તોડ્યા :** આ 121 ખેડૂતોએ ડેપ્યુટી પોલીસ ઈન્સ્પેક્ટર જનરલ મનદીપ સિંહ સિદ્ધુ અને પટિયાલાના સિનિયર પોલીસ સુપ્રિન્ટેન્ડેડ નાનાક નાનક સિંહની હાજરીમાં જ્યુસ પીને પોતાનો ઉપવાસ તોડ્યો હતો.

**દલેવાલ પોતાનો ઉપવાસ નહીં તોડે :** પ્રસ્તાવિત બેઠકની જાહેરાત થયા બાદ દલેવાલ તબીબી મદદ લેવા સંમત થયા હતા. તેમને હાલમાં ઈન્ટ્રાવેનસ ડ્રિપ આપવામાં આવી રહ્યું છે. જોકે તેમણે એમ પણ કહ્યુ કે, 'જ્યાં સુધી અમને પાક પર MSPની કાનૂની ગેરંટી ન મળે ત્યાં સુધી અમે અમારા ઉપવાસ સમાપ્ત નહીં કરીએ.'

## રાહુલ ગાંધીએ સરકાર વિરુદ્ધ શરૂ કર્યું 'વ્હાઈટ ટી-શર્ટ મૂવમેન્ટ

(એજન્સી) નવી દિલ્હી | તા.19

કોંગ્રેસ સાંસદ રાહુલ ગાંધીએ રવિવારે યુવાનોને પોતાની પાર્ટી સાથે જોડવા માટે વ્હાઈટ ટી-શર્ટ મૂવમેન્ટ શરૂ કરી છે. તેમણે યુવાનોને આ અભિયાનમાં ભાગ લેવાની અપીલ કરી છે. રાહુલ ગાંધીએ આ અભિયાન પણ વડાપ્રધાન નરેન્દ્ર મોદીના નેતૃત્ત્વવાળી કેન્દ્ર સરકાર વિરૂદ્ધ શરૂ કર્યું છે. જેમાં ફરી એકવાર તેમણે કેન્દ્ર સરકાર પર ગરીબોને અવગણીને અમીરોને વધુ સમૃદ્ધ કરવાનો આરોપ લગાવ્યો છે. રાહુલ ગાંધીએ યુવાનોને અપીલ કરી છે કે તેઓ તેનાથી જોડીને દેશની અર્થવ્યવસ્થાને તાકાત આપનારા માટે સન્માન, સુરક્ષા અને નિષ્પક્ષતાની માગને મજબૂત કરવામાં તેની મદદ કરે. રાહુલ ગાંધીએ અભિયાનની માહિતી 'X' પર શેર કરી છે. તેમણે લખ્યું કે, 'કેન્દ્ર સરકારે ગરીબ અને મહેનતુ વર્ગને અવગણ્યા છે. તેમને સંપૂર્ણ રીતે તેના હાલ પર છોડી દેવાયા છે. સરકારનું સંપૂર્ણ ધ્યાન માત્ર ગણ્યાંગાંઠ્યા ધનવાનો પર જ છે અને તેને સમૃદ્ધ કરવા પર છે.

# બ.કાંઠાના વિભાજન મુદ્દે કેશાજી ચૌહાણનું નિવેદન

## 'ઓગડજીની ધરતીને ગૌરવ મળે, ઓગડજીનું ગૌરવ વધે એમાં જો પાછો રે તો પછી જણનારીનું ધાવણ લાજે'



બનાસકાંઠા (પાલનપુર) | બનાસકાંઠા જિલ્લાના વિભાજનનો ઠેર ઠેર વિરોધ કરવામાં આવી રહ્યો છે. જ્યારથી નવો જિલ્લો જાહેર થયો છે ત્યારથી જ દિયોદર તાલુકાના લોકો તેનો વિરોધ કરી રહ્યા છે. ત્યારે હવે આ મુદ્દે દિયોદરના ભાજપના ધારાસભ્ય કેશાજી ચૌહાણે મહત્વપૂર્ણ નિવેદન આપ્યું છે, જે હાલમાં સોશિયલ મીડિયા પર વાયરલ થઈ રહ્યું છે. જિલ્લા વિભાજનના વિરોધમાં ઓગડથળી ખાતે યોજાયેલી રેલી અને સભામાં તેમણે પ્રજાની માંગણીઓને સમર્થન આપ્યું હતું. કેશાજી ચૌહાણે સભામાં જણાવ્યું કે, ઓગડજીની ધરતીને ગૌરવ મળે, ઓગડજીનું ગૌરવ વધે એમાં જો પાછો રે તો તો પછી જણનારીનું ધાવણ લાજે'.

### હું આવ્યો હતો મળવા પણ મને બેસાડ્યો દળવા: MLA

ધારાસભ્ય કેશાજી ચૌહાણ જણાવ્યું હતું કે, હું અહિં આવ્યો હતો મળવા પણ મને બેસાડ્યો દળવા. તેમજ જણાવ્યું કે, હું ધારાસભ્ય તરીકે તમને સાંભળવા માટે આવ્યો છું. જે મારો ધર્મ છે. મારે મારી પ્રજાની વાત એમની વચ્ચે બેસીને સાંભળવી પડે. મારા વિસ્તારની વાત સરકાર સુધી પહોંચાડવી તે મારું કર્તવ્ય છે.

### ઓગડજીની ધરતીનો વિજય થશે: કેશાજી ચૌહાણ

વધુમાં જણાવ્યું કે, દિયોદર તાલુકાની પ્રજાની માંગણી છે કે, દિયોદરને ઓગડ જિલ્લો જાહેર કરવામાં આવે. જે અંગે મે સરકાર સમક્ષ લેખિતમાં રજૂઆત પણ કરી હતી. સરકારે ઓગડ જિલ્લો જાહેર નથી કર્યો, એટલે ઓગડજી મહારાજની ભક્તિમાં કંઈક કમી રહી ગઈ હશે. ઓગડજીની આ ધરતી એ પવિત્ર ધરતી છે, સત્યની ધરતી છે અને સત્ય કભી પરાજિત ન થાય. ઓગડજીની ધરતીનો વિજય થશે. છેલ્લે જણાવ્યું કે, ઓગડજીની ધરતીને ગૌરવ મળે, ઓગડજીનું ગૌરવ વધે, એમાં જો પાછો રે તો તો પછી જણનારીનું ધાવણ લાજે.

### બનાસકાંઠાનું વિભાજન કરી બે ભાગમાં વહેંચવામાં આવ્યો

તારીખ 1 જાન્યુઆરી 2025ની વહેલી સવારે જ ગુજરાત સરકારે બનાસકાંઠા જિલ્લાનું વિભાજન કરી જિલ્લાને બે ભાગમાં વહેંચવામાં આવ્યો હતો. જેમાં બનાસકાંઠા જિલ્લામાં છ તાલુકા અને નવો જિલ્લો એટલે કે વાવ-થરાદ જિલ્લામાં આઠ તાલુકાનો સમાવેશ કરવામાં આવ્યો છે.

### જિલ્લાનું વિભાજન થયું ત્યારથી ત્રણ તાલુકાના લોકો વિરોધ કરી રહ્યાં છે

બનાસકાંઠા જિલ્લાનું જ્યારથી વિભાજન થયું છે ત્યારથી જ કાંકરેજ, ધાનેરા અને દિયોદર તાલુકાના લોકો તેનો વિરોધ કરી રહ્યા છે. કાંકરેજ અને ધાનેરા તાલુકાના લોકોની માંગ છે કે, તેઓને જુના જિલ્લા એટલે કે બનાસકાંઠા જિલ્લામાં જ રાખવામાં આવે. જ્યારે દિયોદર તાલુકાના લોકોની માંગ છે કે, નવા જિલ્લાનું નામ ઓગડ આપવામાં આવે અને જિલ્લાનું વડુમથક દિયોદર રાખવામાં આવે. જે માગને લઈ ઠેર ઠેર ધરણા કરવામાં આવી રહ્યા છે. થોડા દિવસ અગાઉ દિયોદર ખાતે ધરણા પ્રદર્શન કરવામાં આવ્યું હતું. દિયોદરથી ઓગડધામ સુધી રેલી યોજવામાં આવી હતી. જેમાં દિયોદર તાલુકા સહિત આજુબાજુના મોટી સંખ્યામાં લોકો જોડાયા હતા. આ તકે દિયોદર ભાજપના ધારાસભ્ય કેશાજી ચૌહાણ પણ જોડાયા હતા. તેઓએ ત્યાં નિવેદન આપ્યું હતું. જે નિવેદન અત્યારે સોશિયલ મીડિયામાં વાયરલ થઈ રહ્યું છે.

# આંગણામાં સૂતા હતા ને મોત સ્વરૂપે દીપડો આવ્યો...

## ગીર ગઢડામાં દીપડાનો હુમલો, એકનું મોત, એક ગંભીર; માનવભક્ષી દીપડાના આતંકથી સ્થાનિકોમાં રોષ

(એજન્સી) ઉના | તા. 19

ગીર ગઢડા તાલુકાના જંગલ બોર્ડરના કોદિયા ગામે રાત્રિના સમયે શિકારની શોધમાં ચડી આવેલા એક માનવભક્ષી દીપડાએ બે અલગ-અલગ ઘરની ઓસરીમાં સૂતેલી વ્યક્તિ ઉપર જીવલેણ હુમલો કર્યો હતો. કોદિયા ગામની છેડે આવેલી ઘરની ઓસરીમાં સૂતેલી વ્યક્તિ ઉપર દીપડાના હુમલામાં તેનું મોત નીપજ્યું, જ્યારે અન્ય એક વ્યક્તિને દીપડાએ ગંભીર ઈજા પહોંચાડી હતી.

કોદિયા ગામે ઘરના આંગણમાં સૂતેલા વાઘા સાદુળ વાઘેલા (ઉંમર 50 વર્ષ )ઉપર દીપડાએ મોડીરાત્રે બે વાગ્યા આસપાસ હુમલો કર્યો હતો. હુમલો કર્યા બાદ દીપડાએ વાઘા સાદુળ વાઘેલાને ઘરની ઓસરીમાં ખાટલા ઉપરથી થોડે દૂર ઘસડીને લઈ જઈ મોતને ઘાટ ઉતાર્યા હતા. ઘરની અંદર સૂતેલા પરિવારના સભ્યોએ બૂમાબૂમ કરતાં દીપડો નાસી ગયો અને બાજુની વાડીમાં આવેલા અન્ય એક ઘરમાં સૂતેલાં દંપતીમાંથી બટુક ભીમા બારૈયા ઉપર હુમલો કર્યો હતો, જેમાં તેમને મોઢા, માથા અને પીઠના ભાગે ઈજા પહોંચાડી હતી.

વાઘા મસરીના દીકરાએ બૂમાબૂમ કરતાં આજુબાજુમાં રહેતા પરિવારના સભ્યો દોડી આવ્યા અને બનાવની જાણ પહેલા ગામના આગેવાનોને અને પછી ફોરેસ્ટ ગાર્ડ માડમને કરી હતી. જેઓ રજા ઉપર હોવા છતાં ગોળ ગોળ જવાબ આપ્યો હતો. બનાવના દોઢ કલાક બાદ જશાધાર રેન્જમાં વન વિભાગના આરએફઓ સ્થળ પર આવ્યા હતા, એવી જાણકારી પરિવારના સભ્યોએ અને ગ્રામજનોએ આપી હતી.

ગ્રામજનોએ મૃતક વાઘા સાદુળ વાઘેલાનો મૃતદેહ ઉપાડવા ન દીધો અને ACFને બોલાવવાની માગ કરી હતી. આખરે ધારી રેન્જ ACF આવ્યા બાદ મૃતદેહને પોસ્ટમોર્ટમ માટે ગીર ગઢડા સરકારી હોસ્પિટલ લઈ ગયા હતા, જ્યારે ઈજાગ્રસ્ત બટુક ભીમા બારૈયા (ઉંમર આશરે 50 વર્ષ)ને પણ ગીર ગઢડા સરકારી હોસ્પિટલ લઈ ગયા હતા. ત્યાર બાદ વધુ સારવાર અર્થે ઉના ખસેડ્યા હતા.

### 'વન વિભાગ સ્ટાફ એક કલાક મોડો આવ્યો'

મૃતકના ભાઈ રવજીભાઈ સાદુરભાઈએ જણાવ્યું હતું કે રાત્રિના અઢી વાગ્યે દીપડાએ હુમલો કર્યાની ઘટના બની હતી. મારા ભાઈ ફળિયામાં સૂતા હતા ત્યારે દીપડાએ અચાનક હુમલો કર્યો અને તેમનું મોત નીપજ્યું હતું. એ બાદ બટુકભાઈ ભીમાભાઇ બારૈયા નામની વ્યક્તિ પર પણ હુમલો કરતાં તેમને હોસ્પિટલ ખસેડાયા હતા. આ દીપડાએ હુમલો કરી મોત નીપજ્યાનો બનાવ બનતાં ગામના આગેવાનને જાણ કરી હતી અને વન વિભાગને પણ જાણ કરતાં તેનો સ્ટાફ એક કલાક મોડો આવ્યો હતો.

### બોટાદમાં ટ્રાફિક સમસ્યાથી હાલાકી: પોલીસની નિષ્ક્રિયતાથી લોકો ગ્રસ્ત

બોટાદ | બોટાદ શહેરમાં ટ્રાફિક સમસ્યાએ વિકરાળ સ્વરૂપ ધારણ કર્યું છે. શહેરના મુખ્ય વિસ્તારોમાં દિનદયાળ ચોકથી શાકમાર્કેટ, લીમડા ચોક, હવેલી ચોક અને એસટી ડેપો સુધીના માર્ગો પર દરરોજ ટ્રાફિકજામની સ્થિતિ સર્જાય છે, જેના કારણે નાગરિકોને ભારે હાલાકીનો સામનો કરવો પડી રહ્યો છે.

સમસ્યાનું મુખ્ય કારણ સાંકડા રસ્તાઓ પર દુકાનદારો દ્વારા માલસામાન બહાર મૂકવો અને વાહનચાલકોનું અવ્યવસ્થિત પાર્કિંગ છે. આ ઉપરાંત, ટ્રાફિક વિભાગની ઉદાસીનતા પણ આ સમસ્યાને વધુ ગંભીર બનાવી રહી છે. ત્રણ-ચાર મહિના પહેલા સિટી ટ્રાફિક વિભાગને ડ્રોઈંગ વાન ફાળવવામાં આવી હોવા છતાં, કોઈ નક્કર પગલાં લેવામાં આવ્યા નથી.

શહેરીજનોએ વારંવાર રજૂઆતો કરી હોવા છતાં ટ્રાફિક વિભાગ દ્વારા કડક કાર્યવાહી કરવામાં આવતી નથી. આ પરિસ્થિતિમાં રાહદારીઓને રસ્તો ક્રોસ કરવામાં પણ મુશ્કેલીનો સામનો કરવો પડે છે.

# બાજીપુરા નજીક ઈકો-પિકઅપ વચ્ચે ભયાનક અકસ્માત :કારમાં ફસાયેલા ચાલકને કટર વડે બચાવાયો...

(એજન્સી) તાપી (વ્યારા) | તા. 19

વાલોડ તાલુકાના બાજીપુરા ગામની સીમમાં નેશનલ હાઈવે પર આજે સવારે એક ગંભીર અકસ્માત સર્જાયો હતો. નેશનલ હાઈવે પર ઈકો કાર અને પિકઅપ વાહન વચ્ચે થયેલા ભીષણ અકસ્માતમાં ઈકો કારનો ચાલક ગંભીર રીતે કારમાં ફસાઈ ગયો હતો.

અકસ્માતની જાણ થતાં જ આસપાસના સ્થાનિક લોકો અને રાહદારીઓ તાત્કાલિક મદદ માટે દોડી આવ્યા હતા. ફસાયેલા ચાલકને બચાવવા માટે તત્કાળ રેસ્ક્યૂ ઓપરેશન શરૂ કરવામાં આવ્યું હતું. કારમાં ફસાયેલા ચાલકને સુરક્ષિત રીતે બહાર કાઢવા માટે રેસ્ક્યૂ ટીમે કટર મશીનનો ઉપયોગ કરીને કારનો ભાગ કાપવો પડ્યો હતો.

ઘટનાની જાણ થતાં જ 108 એમ્બ્યુલન્સને બોલાવવામાં આવી હતી, જેમાં ઈજાગ્રસ્ત ચાલકને તાત્કાલિક સારવાર માટે નજીકની હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યો છે. સ્થાનિક પોલીસે ઘટનાસ્થળે પહોંચીને તપાસ શરૂ કરી છે અને અકસ્માત અંગેની ફરિયાદ નોંધવાની પ્રક્રિયા હાથ ધરી છે.



# માળીયા-હળવદમાં દારૂની રેડ: ચેકપોસ્ટ પરથી ઈકો ગાડીમાંથી 3.58 લાખનો મુદ્દામાલ જપ્ત

(એજન્સી) મોરબી | તા. 19

માળીયા કચ્છ હાઈવે પર આવેલ ઓનેસ્ટ ચેકપોસ્ટ પાસેથી પોલીસે એક ઈકો ગાડીમાંથી દારૂની 12 બોટલો સાથે એક શખ્સની ધરપકડ કરી છે. પકડાયેલા આરોપી એજાજ સલીમભાઈ ભટ્ટીની પાસેથી દારૂની બોટલો અને 3.50 લાખની કિંમતની ગાડી મળીને કુલ રૂ. 3,58,232નો મુદ્દામાલ કબજે કરવામાં આવ્યો છે.

બીજી તરફ, મોરબીના હળવદ રોડ પર ઉંચી માંડલ ગામના બસ સ્ટેશન પાસે આવેલી બાબા રામદેવ હોટલની પાછળના ભાગમાં તળાવના કાંઠે પોલીસે રેડ કરતાં બાવળીની જાળીમાંથી દારૂની 6 બોટલ મળી આવી હતી. આ કેસમાં પોલીસે રૂ. 3,000ની કિંમતની દારૂની બોટલો સાથે દારાસિંહ ઘનશ્યામસિંહ ચૌહાણની ધરપકડ કરી છે. સંબંધિત પોલીસ સ્ટેશનમાં ગુનો નોંધી આગળની કાર્યવાહી હાથ ધરવામાં આવી છે. માળીયા પોલીસ દ્વારા પકડાયેલા આરોપી પાસેથી મળેલ દારૂની બોટલો ક્યાંથી લાવવામાં આવી અને ક્યાં લઈ જવાતી હતી તે દિશામાં વધુ તપાસ ચાલી રહી છે.

# સુરતમાં LED ફોકસની ચોરી કરનાર આરોપીઓ ઝડપાયાં

## મોજશોખ પૂરા કરવા પાર્ટી પ્લોટમાંથી ચોરી કરતા, પોલીસે આરોપીઓ સહિત 3.87 લાખનો મુદ્દામાલ જપ્ત કર્યો




સુરત | સુરતની સિંગણપોર-ડભોલી પોલીસ મથકની ટીમે પાર્ટી પ્લોટમાંથી LED ફોકસની ચોરી કરનાર 7 આરોપીઓને ઝડપી પાડ્યા છે. પોલીસે આરોપીઓ પાસેથી 60 LED ફોકસ અને 2 બાઈક મળી 3.87 લાખથી વધુનો મુદામાલ કબજે કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

આ અંગે પોલીસ પાસેથી મળતી માહિતી પ્રમાણે આ અંગે પોલીસ પાસેથી મળતી માહિતી પ્રમાણે સિંગણપોર ડભોલી પોલીસ મથકના પોલીસ કર્મચારીઓને બાતમી મળી હતી કે, સિંગણપોર વિસ્તારમાં આવેલા અલગ-અલગ પાર્ટી પ્લોટમાંથી LED ફોક્સની ચોરી થઈ રહી છે. આ LED ફોક્સની ચોરી કરનાર આરોપીઓ ડભોલી ગામ સર્જન વાટિકા પાસે આંબાવાડી પાસેથી પસાર થવાના છે. જેથી પોલીસે બાતમીના આધારે તપાસ હાથ ધરી હતી અને વોચ ગોઠવી હતી. આ દરમિયાન પોલીસે સાત આરોપીઓને ઝડપી પાડ્યા છે.

પોલીસે ક્રિશ (જયેશભાઇ) કંથારીયા (19) - મોટી વેડ ગામ , રેહાન (બાબો) ફારૂકભાઇ શેખ (19) - મોટી વેડ ગામ , હિતેન (રાજુભાઇ) રાઠોડ (22) - મોટી વેડ ગામ , અનિકેત (અશોકભાઇ) નાયકા (21) - મોટી વેડ ગામ , સમીર શૈલેષભાઇ રાઠોડ - ડભોલી ગામ , જય પોનમભાઇ રાઠોડ - ડભોલી ગામ , મનીષ સોમાભાઇ દેવીપૂજક - ડભોલી ગામની ધરપકડ કરી છે.

આરોપીઓની પૂછપરછમાં જણાવ્યું હતું કે, ત્રણેક દિવસ પહેલા રામકથા રોડ પર વૃંદાવન ફાર્મમાંથી મોડી રાત્રે 21 જેટલા LED ફોક્સની ચોરી કરી હતી. આ ચોરીના ગુનામાં અન્ય શખસો પણ સામેલ હતા. આરોપીઓએ અત્યાર સુધીમાં મહાદેવ ફાર્મ, સિલ્વર ફાર્મ, રાજ પેલેસ ફાર્મ અને સહજ ફાર્મમાંથી LED ફોક્સની ચોરી કરી હતી. આરોપીઓ પોતાના મોજશોખ પૂરા કરવા આ ફોક્સની ચોરી કરતા હતા અને વેચાણ કરી રૂપિયા સરખા ભાગે વહેંચી લેતા હતા. હાલ પોલીસે આરોપીઓ પાસેથી 60 જેટલા એલઈડી ફોક્સ, બે બાઈક અને મોબાઈલ ફોન મળી 3.87 લાખનો મુદ્દા માલ કબજે કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

# માતા બોલાવે છે કહી યુવતીને ઘરે લઇ જઈ 21 વર્ષીય યુવકે દુષ્કર્મ આચર્યું

(એજન્સી) આણંદ | તા. 19



આણંદ જિલ્લાના ઉમરેઠમાં 21 વર્ષીય યુવકે 18 વર્ષની યુવતી સાથે દુષ્કર્મ આચર્યું છે. આરોપી પાર્થ રાવળે 17 જાન્યુઆરીના રોજ સાંજના સમયે યુવતીને તેની માતા બોલાવે છે એવું કહીને એક્ટિવા પર બેસાડી પોતાના ઘરે લઈ ગયો હતો. ઘરમાં એકલતાનો લાભ લઈને આરોપીએ યુવતીની મરજી વિરુદ્ધ બળજબરીથી દુષ્કર્મ આચર્યું હતું. આ ઘટના બાદ ભયભીત યુવતી કોઈક રીતે પોતાના ઘરે પહોંચી હતી અને પરિવારજનોને સમગ્ર ઘટનાની જાણ કરી હતી. યુવતીની ફરિયાદના આધારે ઉમરેઠ પોલીસે તાત્કાલિક કાર્યવાહી કરતાં આરોપી પાર્થ રાવળ વિરુદ્ધ બી.એન.એસ. એક્ટની કલમ 64 હેઠળ ગુનો નોંધ્યો છે. પોલીસે આ ગંભીર ગુનામાં આગળની કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે. આ ઘટનાએ સમગ્ર વિસ્તારમાં ચકચાર મચાવી છે અને સલામતીના મુદ્દે ચિંતાજનક સ્થિતિ ઊભી કરી છે.

# મરોલી પાસે સાઇડ પર ઊભેલા 3 મિત્રોને ડમ્પરે અડફેટે લીધા, 1નું મોત થયું...

(એજન્સી) નવસારી | તા. 19

નવસારી શહેરમાં એક દુર્ભાગ્યપૂર્ણ અકસ્માતમાં 32 વર્ષીય યુવકનું મોત નીપજ્યું છે. મરોલીના છીણમ ગામ પાસે બનેલી આ ઘટનામાં ડમ્પરે ત્રણ યુવકોને અડફેટે લીધા હતા. ઘટના મુજબ, મિથિલા નગરીના રહેવાસી અને કલર કામ કરતા ત્રણ મિત્રો મરોલી વિસ્તારમાં ફરવા નીકળ્યા હતા. છીણમ ચાર રસ્તા પાસે તેઓએ પોતાની બાઈક ઊભી રાખી પાન-માવો ખાવા માટે રોકાણ કર્યું હતું. આ દરમિયાન, એક ડમ્પર ચાલકે બેદરકારીથી વાહન ચલાવતા તેના પાછલા ટાયરની અડફેટે અમિત રામચંદ્ર (ઉ.વ.32) આવી ગયો હતો. અકસ્માતમાં અમિતનું ઘટનાસ્થળે જ કરુણ મોત નીપજ્યું હતું, જ્યારે અન્ય બે મિત્રોને ઈજાઓ થતાં તેમને નવસારી સિવિલ હોસ્પિટલમાં સારવાર માટે ખસેડવામાં આવ્યા છે.

મરોલી પોલીસે ઘટનાસ્થળે પહોંચી તપાસ શરૂ કરી છે. ડમ્પર ચાલક વાહન મૂકીને ફરાર થઈ ગયો છે. પોલીસે ફરાર ચાલકની શોધખોળ શરૂ કરી છે. નવસારી જિલ્લામાં ડમ્પર ચાલકોની બેદરકારી અને ટ્રાફિક નિયમોનું ઉલ્લંઘન ચિંતાનો વિષય બન્યો છે. આશાસ્પદ યુવાન અમિતના અકાળે અવસાનથી તેના પરિવારજનો પર આભ તૂટી પડ્યું છે.

# સુરતમાં 11 વર્ષીય તરુણ પર શ્વાનનો હુમલો : હોસ્પિ.માં દાખલ

## પાંડેસરામાં માસૂમને ગાળાના ભાગે શ્વાને કરડી લેતાં ચાર ટાંકા આવ્યા, સારવાર માટે સિવિલ ખસેડાયો...

(એજન્સી) સુરત | તા. 19

સુરત શહેરમાં શ્વાનના આતંકની વધુ એક ઘટના સામે આવી છે. પાંડેસરા વિસ્તારમાં તરુણ ઉપર શ્વાન દ્વારા હુમલો કરવામાં આવ્યો હતો. 11 વર્ષીય તરુણના ગળાના ભાગે શ્વાને કરડી લેતા સિવિલ હોસ્પિટલ ખસેડાયો હતો. જ્યાં તેને ચાર જેટલા ટાંકા લેવાની ફરજ પડી હતી.

મળતી માહિતી પ્રમાણે પાંડેસરા વિસ્તારમાં આવેલા બાલાજી નગરમાં 11 વર્ષીય આદિત્ય સહાની પરિવાર સાથે રહે છે. આજરોજ આદિત્ય બાલાજી નગરથી ઈશ્વર નગર તરફ જઈ રહ્યો હતો ત્યારે ગીતા નગરની ગલીમાંથી પસાર થતા સમયે એક શ્વાન તેના તરફ ધસી આવ્યો હતો અને તેના પર હુમલો કરી દીધો હતો. શ્વાન દ્વારા આદિત્યના ગળા પર કરડી લેવાના કારણે ગંભીર ઈજા થઈ હતી.

શ્વાનના હુમલાના પગલે આસપાસથી લોકો દોડી આવ્યા હતા અને આદિત્યને બચાવી લેવામાં આવ્યો હતો. ત્યારબાદ આદિત્યને સુરત સિવિલ હોસ્પિટલ ખાતે સારવાર અર્થે ખસેડવામાં આવ્યો હતો. જ્યાં તાત્કાલિક તેને સારવાર આપવામાં આવી હતી અને ગળાના ભાગે ચાર જેટલા ટાંકા લેવા પડ્યા હતા. આ સાથે જ તેને હડકવા વિરોધી રસીનો ડોઝ આપીને રજા આપવામાં આવી હતી.



# સાયલામાં ખનન ઝડપાયું: ત્રણ ટ્રેક્ટર, એક લોડર સહિત 25 લાખનો મુદ્દામાલ જપ્ત, ચાર કુવા સીઝ, બે શખ્સની અટકાયત

સુરેન્દ્રનગર | સુરેન્દ્રનગર જિલ્લાના સાયલા તાલુકાના ચોરવીરા ગામની સીમમાં ખાણખનીજ વિભાગ અને લીંબડી ડીવાયએસપીની ટીમે સંયુક્ત ઓપરેશન હાથ ધરી ગેરકાયદે કાર્બોસેલના ખનનનો પર્દાફાશ કર્યો છે. આ કાર્યવાહી દરમિયાન અધિકારીઓએ કુલ રૂ. 25 લાખનો મુદ્દામાલ જપ્ત કર્યો છે.

લીંબડી ડીવાયએસપી વિશાલ રબારીના નેતૃત્વમાં હાથ ધરાયેલી આ કાર્યવાહીમાં પોલીસ અને ભૂસ્તરશાસ્ત્રીની બે ટીમોએ સાથે મળીને દરોડા પાડ્યા હતા. ઓપરેશન દરમિયાન ગેરકાયદે ખનન માટે ઉપયોગમાં લેવાતા ત્રણ ટ્રેક્ટર, એક લોડર જપ્ત કરવામાં આવ્યું છે. જ્યારે ચાર કુવાઓ સીઝ કરવામાં આવ્યા છે. આ ઉપરાંત ખનન માટે વપરાતી ચરખીઓ પણ જપ્ત કરવામાં આવી છે.

સ્થળ પરથી ગેરકાયદે ખનન કરતા બે શખ્સોને પણ ઝડપી લેવામાં આવ્યા છે. ભૂસ્તરશાસ્ત્રી વિભાગની ટીમે આ મામલે ગુનો નોંધી આગળની કાર્યવાહી શરૂ કરી છે. વિભાગ દ્વારા જપ્ત કરાયેલા મુદ્દામાલની ચકાસણી કરી કુલ કેટલા રૂપિયાની ખનિજ ચોરી થઈ છે તેની તપાસ ચાલી રહી છે. આ કાર્યવાહીથી વિસ્તારમાં ગેરકાયદે ખનન કરતા તત્વોમાં ફફડાટ ફેલાયો છે.







OWNER PUBLISHER PRINTER : KALPESH JAYRAM KOSHTI PUBLISHED FROM 205, Chanakya Building, B/h. Sales India, Income Tax, Ashram Road, Ahmedabad-380009. GUJARAT
PRINTING PRESS : VIDHATA OFFSET, 12-b, mahashakti industrial estate, behind anil starch mill, naroda road, naroda, Ahmedabad. EDITOR KALPESH J. KOSHTI | Help Line No. 7359601122 | E-mail : support@ahmedabadexpress.com | RNI No. GUJGUJ/2011/40654

## ગુમ બાળકને સુરત પોલીસે 100થી વધુ CCTV ચેક કરી શોધ્યું, પરિવાર સાથે મિલન થતાં લાગણીસભર દૃશ્યો સર્જાયાં

# 5 વર્ષનું બાળક 7 કિમી ચાલી થાકીને સૂઈ ગયું



સુરત શહેરમાં પોલીસ વધુ એકવાર દેવદૂત બની હોવાનો કિસ્સો સામે આવ્યો છે. રાંદેર વિસ્તારમાં પાંચ વર્ષીય બાળક ગુમ થઈ જતાં પરિવાર ચિંતામાં મુકાઈ ગયો હતો. આ અંગેની રાંદેર પોલીસને જાણ થતાં 100થી વધુ સીસીટીવી ચેક કરી ગણતરીના કલાકોમાં બાળકને શોધી કાઢ્યું હતું. ત્યાર બાદ તેનું પરિવાર સાથે મિલન થતાં પોલીસ સ્ટેશનમાં લાગણીસભર દશ્યો સર્જાયાં હતાં. અત્રે ઉલ્લેખનીય છે કે આ પાંચ વર્ષનું બાળક ચાલતાં-ચાલતાં સાત કિમી જેટલું દૂર જતું રહ્યું હતું. ત્યાર બાદ તે થાકી જતાં ત્યાં જ સૂઈ ગયું હતું. બાળક રમતાં-રમતાં માતા-પિતાથી દૂર નીકળી ગયું.



### બાળક ગુમ થતાં પોલીસનો સંપર્ક કર્યો

રમીલાબેનનું સૌથી નાનું બાળક રમતાં-રમતાં ગુમ થઈ ગયું હતું, એને લઈને શ્રમિક દંપતી ચિંતામાં મુકાઈ ગયું હતું. રાંદેર પોલીસ સ્ટેશનનો સંપર્ક કરતાં રાંદેર પીઆઇ આર. જે. ચૌધરીએ ઉપરી અધિકારીઓનું ધ્યાન દોરતાં તેમના માર્ગદર્શન મુજબ તાત્કાલિક રાંદેર પોલીસની અલગ-અલગ ટીમો બનાવી સર્વેલન્સ કોડ સ્ટાફના માણસો મારફત તપાસ શરૂ કરવામાં આવી હતી.મળતી માહિતી પ્રમાણે, મૂળ દાહોદનાં વતની એવાં રમીલાબેન અબેસ ડોડિયાર અને તેમના પતિ અભેસ કાળુભાઈ છૂટક મજૂરી કરી પોતાનું ગુજરાત ચલાવે છે. તેમને સંતાનમાં ત્રણ બાળક છે.

**પોલીસે ટીમો બનાવી શોધખોળ તેજ કરી :** 100થી વધારે સીસીટીવી ચેક કરી, જ્યાં જ્યાંથી આ બાળક પસાર થયું એના સગડ મેળવી સ્થાનિક રહેવાસીઓનો સંપર્ક કરી પોલીસે તેના ફોટો-વીડિયો શેર કર્યા હતા. આ દરમિયાન પોલીસને આ બાળક રાંદેરના ક્ષેત્રપાળ દાદાના મંદિર પાસેથી મળ્યું હતું. બાળક તેનાં માતા-પિતા પાસેથી ચાલતાં-ચાલતાં સાત કિલોમીટર જેટલું દૂર આવી ગયું હતું. ત્યાર બાદ તે ખૂબ જ થાકી જતાં રોડની સાઈડમાં જ સૂઈ ગયું હતું.

**પોલીસ સ્ટેશનમાં લાગણીસભર દૃશ્યો સર્જાયાં :** રાંદેર પોલીસને આ બાળક સુધી પહોંચવામાં 10 કલાક જેટલો સમય લાગ્યો હતો. 10 કલાક સુધી અલગ-અલગ ટીમો આ બાળકને સહીસલામત શોધી કાઢવા માટે કામગીરી કરી રહી હતી. આ બાળકને ખૂબ જ જહેમતથી શોધી કાઢી સફળતા મેળવી હતી. આ બાળકનું શ્રમિક પરિવાર સાથે મિલન કરાવતાં પરિવારમાં આનંદની લાગણી છવાઈ ગઈ હતી. પોલીસ સ્ટેશનમાં લાગણીસભર દશ્યો સર્જાયાં હતાં.

# દુર્ગંધ મારતા રૂમનું શટર ઊંચું કરતા જ હેબતાઈ ગયા સુરતમાં 42 વર્ષીય યુવકની કોહવાયેલી લાશ મળી

(એજન્સી) સુરત તા 19

સુરતના ભેસ્તાન વિસ્તારમાં એક યુવકનું રહસ્યમય મોત નિપજ્યું હતું. યુવક જે રૂમમાં રહેતો હતો, તેમાંથી ખૂબ જ દુર્ગંધ આવતી હોવાથી રૂમનું શટર ઊંચું કરતા જ પરિવારજનો હેબતાઈ ગયા હતા. યુવકની કોહવાઈ ગયેલી હાલતમાં લાશ મળી આવી હતી. રૂમમાં લાશ ની પાસે પડેલા લોહી અને ઈ જાના નિશાનના પગલે પરિવારજનો દ્વારા હત્યાની આશંકા સેવવામાં આવી રહી છે. આ મામલે ભેસ્તાન પોલીસ દ્વારા વધુ તપાસ કરવામાં આવી રહી છે. મૃતક લુમ્સના કારખાનામાં કામ કરતો હતો મળતી માહિતી પ્રમાણે, મૂળ ઓડિશા અને સુરતના ભેસ્તાન વિસ્તારમાં આવેલા સિદ્ધાર્થ નગર માં 42 વર્ષીય નીલકંઠ જૂટીયા શેટ્ટી રહેતો હતો. પરિવારમાં માતા, પત્ની અને ત્રણ સંતાન છે. પિતાનું અવસાન થઈ ચૂક્યું છે અને નીલકંઠનો પરિવાર વતનમાં રહે છે. જ્યારે તે પોતે અહીં એકલો રહેતો હતો. સિદ્ધાર્થ નગરમાં આવેલી શટર વાળી રૂમમાં રહી લુમ્સના કારખાનામાં કારીગર તરીકે કામ કરતો હતો અને પરિવારનું ગુજરાન ચલાવતો હતો. હાલ તો નીલકંઠના મૃતદેહને



પોસ્ટમોટમ અર્થે સિવિલ હોસ્પિટલ ખસેડવામાં આવ્યો છે. આ સાથે જ ભેસ્તાન પોલીસ દ્વારા પરિવારજનોના આક્ષેપોને લઈને વધુ તપાસ હાથ ધરવામાં આવી રહી છે. આ સાથે જ પોસ્ટમોર્ટમ બાદ નીલકંઠના મોતનું સાચું કારણ સામે આવશે. જોકે, નીલકંઠના મોતના પગલે ત્રણ સંતાનોએ પિતાની છત્રછાયા ગુમાવી છે. જેથી પરિવારમાં શોકનો માહોલ છવાઈ જવા પામ્યો છે.પરિવારના જણાવ્યા પ્રમાણે, ગતરોજ રાત્રે નીલકંઠના પાડોશીઓ દ્વારા જાણ કરવામાં આવી હતી કે નીલકંઠ રૂમની બહાર આવ્યો નથી. નીલકંઠ જે રૂમમાં રહેતો હતો ત્યાંથી ખૂબ જ દુર્ગંધ આવતી હતી. જેથી આ રૂમનો શટર ઊંચું કરતાની સાથે જ પરિવારજનો મિત્રો અને સંબંધીઓ હેબતાઈ ગયા હતા. નીલકંઠની કોહવાઈ ગયેલી હાલતમાં લાશ મળી આવી હતી. આ સાથે જ લોહી અને ઈજાના નિશાન હોવાથી પરિવારને તેની હત્યા કરવામાં આવ્યો અને આશંકા છે. પરિવારમાં માતા, પત્ની અને ત્રણ સંતાન છે. પિતાનું અવસાન થઈ ચૂક્યું છે અને નીલકંઠનો પરિવાર વતનમાં રહે છે. જ્યારે તે પોતે અહીં એકલો રહેતો હતો. સિદ્ધાર્થ નગરમાં આવેલી શટર વાળી રૂમમાં રહી લુમ્સના કારખાનામાં કારીગર તરીકે કામ કરતો હતો અને પરિવારનું ગુજરાન ચલાવતો હતો. જોકે, નીલકંઠના મોતના પગલે ત્રણ સંતાનોએ પિતાની છત્રછાયા ગુમાવી છે. જેથી પરિવારમાં શોકનો માહોલ છવાઈ જવા પામ્યો છે.

## રાષ્ટ્રભક્તિ અને અંગદાન જાગૃતિનો ત્રિવેણી સંગમ જોવા મળ્યો

# બે લગ્નમાં 3000થી વધુ લોકોનો અંગદાનનો સંકલ્પ સુરતમાં હાસ્ય કલાકારના લગ્ન પ્રસંગમાં ધર્મભક્તિ

(એજન્સી) સુરત તા 19

સુરતમાં અમરોલી સ્થિત છાપરાભાઠા વિસ્તારમાં ટાંક પરિવાર અને ગઢપુર વિસ્તારમાં તળાવીયા પરિવાર દ્વારા લગ્ન પ્રસંગમા સમાજિક જાગૃતિ માટે એક અનોખું આયોજન કરવામાં આવ્યું હતું. સનાતન ધર્મભક્તિ, રાષ્ટ્રભક્તિ અને અંગદાન જાગૃતિનો ત્રિવેણી સંગમ સાથે લગ્ન સમારોહનું આયોજન થયું હતું. આ આયોજનમાં જીવનદીપ ઓર્ગન ડોનેશન ફાઉન્ડેશન સંસ્થા દ્વારા એક જ દિવસમાં બે લગ્ન સમારોહમાં 3,000થી વધુ લોકો દ્વારા અંગદાન અંગેના સંકલ્પ લેવામાં આવ્યા હતા. રાષ્ટ્ર ભક્તિ અનુરૂપ સામૂહિક રાષ્ટ્રગાન કરાયું બન્ને લગ્ન સમારોહમાં વરરાજા મિલન તળાવિયા અને મયુર ટાંકએ પ્લેકાર્ડ સાથે એન્ટ્રી કરી અને લગ્નવિધિ પૂર્વે આવેલા દરેક મહેમાનો સાથે રાષ્ટ્ર ભક્તિને અનુરૂપ સામૂહિક રાષ્ટ્રગાન પણ કરવામાં આવ્યું હતું. ધર્મભક્તિ સાથે સામૂહિક હનુમાન ચાલીસા પાઠ કરવામાં આવ્યા હતા, ત્યારબાદ આ બંને ગાન સાથે અંગદાન જાગૃતિ અભિયાન અંતર્ગત જીવનદીપ ઓર્ગન ડોનેશન ફાઉન્ડેશન સંસ્થાના સહયોગથી આવેલા દરેક વર વધુ તથા આવેલા દરેક મહેમાનોએ અંગદાનના સંકલ્પ લીધા હતા. ટાંક અને તળાવિય પરિવારના આ લગ્ન સમારોહમાં 3000 જેટલા લોકોએ અંગદાન અંગેના સંકલ્પ લીધા હતા. એક વ્યક્તિ મૃત્યુ પછી પણ અન્યના જીવનદીપાવી ઉપયોગી થઈ શકે છે અને ઘણા મદદરૂપ થઈ શકે છે, તેવી સમજણ આપવામાં આવી હતી. જેમાં આ સંસ્થા વતી વિપુલભાઈ તળાવિયા, નીતિનભાઈ ધમાલિયા, વિપુલભાઈ બુહા, વિશાલભાઈ બેલડીયા, સતીશભાઈ ભંડેરી, રોનકભાઈ ઘેલાણી, મિલનભાઈ કાનાણી, યોગીભાઈ, ભૌતિકભાઈ, પાર્થભાઈ સુદામા, સોશિયલ આર્મી ગૃપ અને સુદામા ગ્રુપ સભ્યો તથા અન્ય મહાનુભાવો ઉપસ્થિત રહ્યા હતાં, આ અભિયાન સાથે નવ યુગલને આશીર્વાદ આપ્યા હતા. સાથે સાથે સોશિયલ આર્મી ગ્રુપ સંચાલિત લાઈવ બ્લડ બેંક અંતર્ગત લોકોને રકતદાન માટે જાગૃત કરવામાં આવ્યા હતા.

# ગોરા પ્રા.શાળાના આચાર્યને પ. પૂજય સંતશ્રી મોરારી બાપુના હસ્તે "ચિત્રકૂટ એવોર્ડ" અર્પણ

ભરત શાહ | નર્મદા



ભાવનગર જિલ્લાના મહુવા તાલુકાના તલગાજરડા ખાતે મોરારીબાપુના હસ્તે સંતો મહંતો અને ગુજરાત રાજય પ્રાથમિક શિક્ષક સંઘના પ્રમુખ અને મહામંત્રીની પ્રેરક ઉપસ્થિતિમાં નર્મદા જિલ્લાના ગરુડેશ્વર તાલુકાની ગોરા (ન.પુ.વ) પ્રા.શાળા ના આચાર્ય શાંતિલાલ કોદરભાઈને પ્રાથમિક શિક્ષણમાં શાળા અને બાળકોના સર્વાંગીણ વિકાસ માટે સતત નવતર પ્રયોગો, ડીજીટલ શિક્ષણ, સ્પર્ધાત્મક પરીક્ષાઓ, તેમજ INDIA BOOK OF RECORDS અને WORLD BOOK OF EXCELLENCE (IBR), શાળાના પ્રાથમિક શિક્ષણ માટે થયેલા અવિરત પ્રયાસોના ફળસ્વરુપે "ચિત્રકૂટ એવોર્ડ-૨૦૨૪" અર્પણ કરવામાં આવ્યો છે. ગુજરાત રાજ્યના ૩૪ પ્રાથમિક શિક્ષકોને ચાલુ વર્ષે ચિત્રકૂટ એવોર્ડ ૧૫મી જાન્યુઆરીએ ભાવનગર જિલ્લાના તલગાજરડા ખાતે ચિત્રકૂટ ધામમાં પરમ પૂજ્ય મોરારજી બાપુના આશીર્વાદ સાથે એવોર્ડ વિતરણ કાર્યક્રમ યોજાયો. વિશ્વ પ્રસિદ્ધ રામકથાકાર પરમ પૂજ્ય મોરારીબાપુ દર વર્ષે શિક્ષણ કાર્ય અને સમાજસેવામાં મહત્વપૂર્ણ યોગદાન આપનાર નિષ્ઠાવાન પ્રાથમિક શિક્ષકોને દરેક જિલ્લામાંથી એક શિક્ષકની પસંદગી કરીને ચિત્રકૂટ એવોર્ડ એનાયત કરે છે. આ પ્રસંગે તમામ એવોર્ડી શિક્ષકને પ્રમાણપત્ર, શાલ અને રૂ. ૨૫,૦૦૦ પ્રોત્સાહક ઈનામ સ્વરૂપે એનાયત કરવામાં આવ્યા. સાથે સાથે ગુજરાત રાજ્ય પ્રાથમિક શિક્ષક સંઘ દ્વારા તમામ એવોર્ડી શિક્ષકોને રાજયના પ્રાથમિક શિક્ષકો વતી સન્માનપત્ર આપી સન્માન કરવામાં આવ્યુ. ઉલ્લેખનીય છે કે રાજ્યના બે લાખ પ્રાથમિક શિક્ષકો માટે અતિ પ્રતિષ્ઠિત અને ગૌરવવંતો ગણાતો શ્રેષ્ઠ શિક્ષક ચિત્રકૂટ એવોર્ડ છેલ્લા ૨૫ વર્ષથી દર વર્ષે એનાયત કરવામાં આવે છે.

## 12 મૃતક બાળકોનાં વાલીઓ હજી ન્યાય ઝંખી રહ્યાં છે

# 'હવે ન્યાય માટે કોને કહેવું?'- મા:12 બાળકોનાં મા-બાપ સાથે રસ્તે જોવા ઊભેલા લોકો પણ રડી પડ્યાં

(એજન્સી) વડોદરા તા 19

જેનું તન-મન-ધનથી પાલન કર્યું, જેની પળેપળ હેતથી ભરી, જેણે જીવતરનું કારણ આપ્યું તે વ્હાલસોયાને 12 માતાએ ખોઈ દીધાંને એક વર્ષ થયું, છતાં પ્રવાસે લઇ જનાર સ્કૂલ, લેકઝોન સંચાલકો, પરવાનગી આપનારા અધિકારીઓ જેવા ભ્રષ્ટાચારી ખુલ્લેઆમ છે, હવે ન્યાય માટે કોને કહેવું?

હરણી બોટકાંડની કરુણ ઘટનાને એક વર્ષ પૂર્ણ થયું છે પણ 12 મૃતક બાળકોનાં વાલીઓ હજી ન્યાય ઝંખી રહ્યાં છે. શનિવારે વાલીઓ ન્યૂ સનરાઈઝ સ્કૂલ, પાલિકાની કચેરી અને સાંજે હરણી લેક ઝોન પહોંચ્યાં હતાં. જ્યાં વાલીઓના આક્રંદથી લેક ઝોન બહાર વાતાવરણ ગમગીન બન્યું હતું. વાલીઓએ આક્રંદ કરતાં કહ્યું કે, એક વર્ષથી ન્યાય માટે અમે ક્યાં ક્યાં નથી ગયાં, હવે તો કોઈ અમને સાંભળે. સ્કૂલમાં શ્રદ્ધાંજલિ આપવા વાલી પહોંચ્યાં, શ્રદ્ધાંજલિમાં પોલીસ ખડકી, પ્રવાસમાં ખડકી હોત તો બાળકો જીવતાં હોત 'મારો ભાઈ પાછો આપો'નાં પોસ્ટર-બેનર સાથે વાલીઓ ન્યૂ સનરાઈઝ સ્કૂલ ખાતે મૃત્યુ પામેલાં બાળકોને શ્રદ્ધાંજલિ આપવા પહોંચ્યાં હતાં. વાલીઓએ ગુનેગારોને સજાની માગ કરી હતી. વાલીઓએ શાળાએ લગાવેલાં બાળકોને



શ્રદ્ધાંજલિ આપતાં બેનરનો ન્યૂ સનરાઈઝ સ્કૂલ લખેલો ભાગ ફાડી નાખ્યો હતો. મૃતક વિશ્વનાં માતા સંધ્યા નિઝામાએ કહ્યું કે, એક વર્ષથી લડી રહ્યાં છીએ, છતાં ન્યાય મળ્યો નથી. આજે વડોદરા માટે કાળો દિવસ છે છતાં સ્કૂલ સત્તાધીશોએ સ્કૂલ ચાલુ રાખી છે. સંચાલકો 5 મિનિટ શ્રદ્ધાંજલિ આપવા કે જોવા સુધ્ધાં આવ્યા નથી. શાળા સંચાલકોએ પોલીસ બંદોબસ્ત ગોઠવી દીધો. જો આટલો પોલીસ બંદોબસ્ત પ્રવાસ સમયે ગોઠવાયો હોત તો અમારાં બાળકો જીવતાં હોત.

પાલિકા ખાતે રજૂઆત કરવા વાલીઓ ગયાં, દોષિત અધિકારીઓ સામે ખાતાકીય તપાસ સાથે પોલીસ ફરિયાદ નોંધાવો

12 મૃતક બાળકોનાં માતા-પિતા, ભાઈ-બહેન અને વાલીઓ સનરાઈઝ સ્કૂલથી બપોરે ભાજપના કાઉન્સિલર આશિષ જોષી, પારુલબેન પટેલ અને રણછોડ રાઠવા સાથે પાલિકા પહોંચ્યાં હતાં. નાના ભાઈ-બહેનોએ હાથમાં 'મને મારો ભાઈ પાછો આપો'નાં પોસ્ટર લીધાં હતાં. પાલિકાની કચેરીએ મ્યુનિ. કમિશનર દિલીપ રાણાને રજૂઆત કરી હતી કે, વર્ષ 2016માં જે પ્રક્રિયા થઈ તેમાં સંડોવાયેલા તમામ અધિકારીઓ સામે ખુદ મ્યુનિ. કમિશનર પોલીસ ફરિયાદ નોંધાવે. વાલીઓએ પાલિકા પ્લોટને વર્ષોથી ઉપયોગ કરતી સ્કૂલ પાસેથી વપરાશનું ભાડું વસૂલે તેમજ શાળાનું બાંધકામ પણ ગેરકાયદે છે કે કેમ તેની તપાસ કરવામાં આવે. બે બાળકો ગુમાવનાર વાલીએ કહ્યું હતું કે, બસ હવે ન્યાય સિવાય કંઈ ન જોઈએ. હરણી લેકઝોન પર વાલીઓનું આક્રંદ,12 બાળકોનાં મા-બાપ સાથે રસ્તે જોવા ઊભેલા લોકો પણ રડી પડ્યાં વાલીઓ કાઉન્સિલરો સાથે પગપાળા હરણી લેક ઝોન પહોંચ્યાં હતાં. તેમની સાથે સમાજિક કાર્યકરો અને શહેરીજનો પણ પહોંચ્યાં હતાં. એક વર્ષ પહેલાં હરણી લેક ઝોન પર સાંજના સમયે ઘટના વ્હાલસોયાંને યાદ કરી આક્રંદ કરતાં નજરે પડ્યાં હતાં. માતાઓ હરણી લેક ઝોન બહારથી તળાવ તરફ જોઈ તે પોતાનાં બાળકોની તે સમયે થયેલી પરિસ્થિતિને યાદ કરી હતી.



મહેશ સોની | નખત્રાણા

ભૂજના જાણિતા ભરત નાટ્યમ તેમજ કથ્થક કલાકાર કુ.આશના બારમેડા તેમજ કું. રિયા બારમેડા સંચાલિત નૃત્ય આરાધના એકેડેમીમાં તેમની વિદ્યાર્થિની દિયા વત્સલ સોનીએ ઈન્ટરનેશનલ સ્કૂલ કોમ્પીટિશનમાં દ્વિતીય સ્થાન પ્રાપ્ત કર્યુ હતું.

# એગ્રીસ્ટેક પ્રોજેક્ટ હેઠળ ફાર્મર રજિસ્ટ્રેશન ફરજિયાત

માહિતી બ્યુરો | પાલનપુર

એગ્રીસ્ટેક પ્રોજેક્ટ અંતર્ગત ભારત સરકાર અને ગુજરાત સરકારના સંયુક્ત પ્રયાસોથી ફાર્મર રજીસ્ટ્રી હેઠળ ખેડૂતોને આધાર આઈ.ડીની જેમ ફાર્મર આઈ.ડી મળશે. રાજ્યમાં ૧૫ ઓક્ટોમ્બર ૨૦૨૪થી ખેડૂત નોંધણી શરૂ કરવામાં આવી છે. જે અંતર્ગત બનાસકાંઠા જિલ્લામાં બાકી રહેતા તમામ ખેડૂતોએ ગ્રામ્ય કક્ષાએ વિલેજ કમ્પ્યુટર એન્ટરપ્રીન્યોર (વીસીઈ)તથા કોમન સર્વિસ સેન્ટર (સીએસસી) નો સંપર્ક કરી ખેડૂત રજીસ્ટ્રેશન કરાવવાનું રહેશે અથવા ઓનલાઈન સેલ્ફ રજીસ્ટ્રેશન પણ કરી શકાશે. ખેડૂત મિત્રો 'Farmer Registry Gujarat'મોબાઈલ એપ્લિકેશન http://play.google.com/ store/appsdetailsid=com.agristack.gj.farmerregistry મારફતે ઘરે બેઠા પણ નોંધણી કરી શકે છે. ફાર્મર રજીસ્ટ્રી હેઠળ ખેડૂતોને ડિજિટલ પ્લેટફોર્મ મારફત તમામ વિવિધ યોજનાકીય લાભો અને ધિરાણ સંબંધી લાભ અને માર્કેટ સંબંધિત જાણકારી સરળ બનશે.

# કોંગ્રેસે હરણી લેકઝોનથી ન્યાય યાત્રા કાઢી, વાલીઓને ન્યાય-વળતર આપી ભ્રષ્ટાચારીને જેલ ભેગા કરવા માગ

(એજન્સી) વડોદરા તા 19

વડોદરા નાગરિક સંઘર્ષ મંચે પોસ્ટર પ્રદર્શન કરી દોષિતો સામે પગલાં ભરવાની માગણી કરી

હરણી બોટકાંડને એક વર્ષ પૂર્ણ થતાં શહેર કોંગ્રેસ દ્વારા લેક ઝોનથી ખંડેરાવ માર્કેટ ખાતે પગપાળા પહોંચી મૃત્યુ પામેલા 12 નિર્દોષ બાળકો અને 2 શિક્ષિકાના પરિવારને ન્યાય મળે તેવી માગ કરી હતી. કોંગ્રેસે ભ્રષ્ટાચારી દોષિતોને જેલ ભેગા કરવાની માંગ સાથે મૃતકોના પરિજનોને વળતર ચૂકવવા માગ કરી હતી.

શહેર કોંગ્રેસના પ્રમુખ, નેતાઓ, પદાધિકારીઓ અને કાર્યકરો મોટી સંખ્યામાં ન્યાય યાત્રામાં જોડાયા હતા. કોંગ્રેસના પ્રમુખ ઋત્વિજ જોષીએ જણાવ્યું હતું કે એક માનવસર્જિત હોનારતના દિવસે મુખ્યમંત્રી અને ગૃહમંત્રી પરિવારોને વચન આપેલું હતું કે કોઈ પણ ચમરબંધીને છોડવામાં નહિ આવે. દસ્તાવેજી પુરાવા પોકારી રહ્યા છે કે કેટલો મોટો ભ્રષ્ટાચાર પાલિકાનું તંત્ર કરી રહ્યું છે. તત્કાલીન મ્યુનિ. કમિશનર વિનોદ રાવના નામ જોગ આ આદેશ થયો છે. તાત્કાલિક તેમેને સસ્પેન્ડ કરવામાં આવે. સરકારે આરોપીઓને જામીન પર મુક્ત કર્યા અને પીડિત પરિવારજનોને વળતર ચૂકવ્યું નથી.

કસૂરવાર અને ભ્રષ્ટાચારીઓને જેલ ભેગા કરવામાં આવે તેવી માગ કરી છે. બીજી તરફ વડોદરા નાગરિક સંઘર્ષ મંચ દ્વારા શહેરના સયાજીગંજ કડક બજાર નજીક એકત્ર થઈ દેખાવો કર્યા હતા તેઓએ માંગણી કરતા કહ્યું હતું કે જાહેર સ્થળો અને મેળાવડા માં જીવલેણ અકસ્માતને રોકી શકાય તે માટે મોનિટરિંગ કરવું જોઈએ.

શ્રદ્ધાંજલિનું બેનર ઉતારી લેવાતાં પોલીસ ફરિયાદ કરાશે હરણી બોટકાંડમાં ભ્રષ્ટ સીસ્ટમનો ભોગ બનનારા માસુમ ભૂલકાઓને શ્રદ્ધાંજલી આપતું બેનર ઉતારી લેવામાં આવતાં વિવાદ સર્જાયો છે. કાઉન્સિલર આશિષ જોષી અને ધારાશાસ્ત્રી હિતેષ ગુપ્તાએ દાંડિયા બજાર ચાર રસ્તા પર માસુમ ઉતારી સાઈડ પર દેખાય નહીં એવી રીતે મુકી દેવાયું હતું. પાલિકાના જમીન મિલકત શાખાના અધિકારીએ અજાણ હોવાનું જણાવ્યું હતું. ધારાશાસ્ત્રી હિતેષ ગુપ્તા, કાઉન્સીલર આશિષ જોષી પોલીસ ફરિયાદ નોંધવશે.

# 71 લાખની ઠગાઇમાં અભિનવ ગોલ્ડનો સંચાલક સંજય બિરલા 13 વર્ષે ઝડપાયો

(એજન્સી) વડોદરા તા 19

રાજસ્થાનથી પુત્રને ત્યાં આવ્યો હોવાની જાણ થતાં અમદાવાદથી પકડાયો

અભિનવ ગોલ્ડ સ્કીમમાં સભ્ય બનાવી નાગરિકો પાસે થી 71 લાખ ઉપરાંતના રૂપિયા ઉઘરાવી ફરાર થયેલા આરોપીને ક્રાઈમ બ્રાન્ચે 13 વર્ષે ઝડપી પાડયો છે. છેતરપિંડી કરી ભાગી ગયેલો રાજસ્થાનનો આરોપી અમદાવાદમાં આવ્યો હોવાની જાણકારી મળતાં પોલીસની ટીમે જઈ ને ઝડપી પાડી અત્રે લાવી છે. 2012 માં શહેરનાં ડી.સી.બી પોલીસ મથકે ફરિયાદ નોંધાઇ હતી જેમાં અભિનવ ગોલ્ડ ઈન્ટરનેશનલ માર્કેટિંગ લિમિટેડનાં ડાયરેક્ટર એમ.ડી.બિરલા,અનિલ બિરલા અને સંજય બિરલા એ મળી સ્કીમ મૂકી હતી.

શહેરના રાવપુરા અને રેસકોર્સ વિસ્તારમાં વૈભવી શોરૂમ અને ઓફિસ ખોલી હતી અને સસ્તા ભાવે સોનું આપવાની અને રોકાણ સામે મોટું વ્યાજ આપવાની લોભામણી જાહેરાતો કરી હતી. અને આ સ્કીમમાં અનેક સભ્યો પાસેથી રૂપિયા લીધા હતા. આ ત્રિપુટી નાગરિકોને આકર્ષવા માટે વૈભવી હોટેલમાં સેમિનાર યોજ્યા હતા અને કુલ 228 મેમ્બરો બનાવી એમની પાસેથી 71.22.808 રૂપિયા ભરાવ્યા હતા બાદમાં આ ત્રિપુટી અચાનક ઓફિસો બંધ કરી ફરાર થઈ હતી.છેતરાયેલા મેમ્બરોએ આ અંગે ક્રાઈમ બ્રાન્ચ આરોપીઓના રાજસ્થાન નાં ભીલવાડા નાં સરનામે તપાસ કરી હતી પરંતુ આરોપીઓ ઘર બંધ કરી ભાગી ગયા હતા.

## અમે લોકોએ કેન્દ્રમાં એક પ્રપોઝલ કરી છે: PCCF


# વિશ્વામિત્રી નદી ઊંડી કરવા મગરોને અન્ય જગ્યાએ ખસેડાશે:એક મહિના સુધી મગરોની વસતિગણતરી થશે

(એજન્સી) ગાંધીનગર તા 19

વડોદરામાં આવેલા વિશ્વામિત્રી પૂર બાદ સફાળી જાગી ગયેલી સરકાર હવે નદી ઊંડી તથા પહોળી કરવાના કામમાં જોતરાઈ ગઈ છે. આ માટે રાજ્ય સરકારે 1200 કરોડ રૂપિયાની ફાળવણી પણ કરી છે, જોકે અંદાજે ખર્ચ 3200 કરોડ સુધી થાય એવી સંભાવના વ્યક્ત કરવામાં આવી રહી છે. 24 કિ.મી. સુધીની વિશ્વામિત્રી નદી 10 ફૂટ સુધી ઊંડી કરવા માટે કામ પણ સોંપાઈ ગયું છે. વાઈલ્ડલાઈફ બોર્ડ દ્વારા એનઓસી મળ્યા બાદ આ કામગીરી શરૂ થઈ શકશે. વાઈલ્ડલાઈફ બોર્ડ દ્વારા આ માટે પ્રક્રિયા કરવામાં આવી છે અને મગરની વસતિગણતરી કરવાનો નિર્ણય કરવામાં આવ્યો છે. વિશ્વામિત્રીમાં હાલ 441 મગર વર્ષ-1960માં વિશ્વામિત્રી નદીમાં 50 મગર હતા, જોકે આજે વિશ્વામિત્રી નદીમાં 441 જેટલા મગરો છે. વડોદરા જિલ્લામાં વિશ્વામિત્રી નદી ઉપરાંત પણ દેવ, ઢાઢર, નર્મદા નદી અને વિવિધ તળાવોમાં મળીને કુલ 1 હજાર કરતાં વધુ મગરો છે.મગરોને રિ-લોકેટ કરવાની આ તૈયારીઓ વચ્ચે 16 જાન્યુઆરીના રોજ વિશ્વામિત્રી નદીમાંથી બે મહાકાય મગરોના મૃતદેહ મળ્યા હતા. વડોદરા શહેરમાં છેલ્લા 2 મહિનામાં 6 મગરનાં મોત થયાં છે. અચાનક આ રીતે મગરના થઈ રહેલા મોતને કારણે મગરોના અસ્તિત્વ સામે સવાલો ઊભા થઈ રહ્યા છે.વિશ્વામિત્રી નદીમાં રહેલા મગર વરસાદી પૂર વખતે વડોદરા શહેરમાં દોડવા લાગે છે ત્યારે નદીમાં કેટલા મગર છે એની વસતિગણતરી કરવામાં આવશે. આ અંગે એડિશનલ PCCF(પ્રિન્સિપલ ચીફ કન્ઝર્વેટર ઓફ ફોરેસ્ટ) ડો. જયપાલ સિંહે દિવ્ય ભાસ્કર સાથે ખાસ વાતચીતમાં જણાવ્યું હતું કે વન્ય પ્રાણી, જે શિડ્યૂલ-1માં આવે છે એમને જો જરૂર પડે તો ટેમ્પરરી રિલોકેટ કરવાનાં થાય છે. ડો.જયપાલ સિંહ વધુમાં જણાવે છે, વન્ય પ્રાણીની ગણતરી એકદમ ચોક્કસ થતી નથી, એટલે અંદાજિત ગણતરી થાય છે. એ પ્રાણીઓ ખુલ્લા વાતાવરણમાં રહેતાં હોય છે.

## વડોદરા તરફથી કામ શરૂ થતા કચવાટ શરૂ

# મહી નદી ઉપર 10 મીટર ઊંચા આડબંધનું કામ શરૂ કરાતા વિરોધ



### આણંદ અને ખેડાના 4 ગામોમાં પૂરના પાણી ઘૂસવાનો ભય : અગાઉ મુખ્યમંત્રીને પણ જાણ કરાઈ હતી

(એજન્સી) આણંદ I તા. 19

આણંદના લાલપુરા (સુંદલપુરા) અને સાવલીના પોઈચા (કનોડા) વચ્ચે મહી નદી પર ૧૦ મીટર ઉંચો આડબંધ બનાવવાનું કામ વડોદરા તરફથી શરૂ થયું છે. ત્યારે આણંદ અને ખેડાના લાલપુરા, સુંદલપુરા, જેસાપુરા, મીઠાપુરા સહિતના નીચા કિનારા ધરાવતા ગામોમાં ચોમાસામાં પૂરના પાણી પેસી જવાની ભીતિ ગ્રામજનોને સેવાઈ રહી છે. આ અંગે ખાતરી કરવા ગ્રામજનો દ્વારા અગાઉ પણ મુખ્યમંત્રીને લેખિત રજૂઆત કરવામાં આવી હતી. રજૂઆતમાં જણાવ્યું હતું કે, આડબંધના કારણે વધારે ગામોને લાભ મળે તે માટે પૂર્વ દિશામાં સ્થળ બદલવા માંગ કરી હતી. જમીન સંપાદન વગર મુખ્યમંત્રીના હસ્તે સાવલીના કનાડા ગામે ખાતમુહૂર્ત કરવામાં આવ્યું છે. સરદાર સરોવરે ડીઝાઈન કરી છે,

તેમાં લખ્યું છે કે સીડીઓ દ્વારા તેનું રિવ્યૂ કરવું પરંતુ તે આજદીન સુધી થયું ન હોવાના આક્ષેપ લગાવ્યા હતા. ચોમાસા દરમિયાન હોનારત ન સર્જાય તેની લેખિત બાહેંધરી આપ્યા બાદ કામગીરી કરવામાં આવે તેવી માંગ ઉઠી છે. સુંદરપુરાના સરપંચ વિનય ઝાલાએ જણાવ્યું હતું કે, હજૂ જમીન સંપાદન કરાઈ નથી, માત્ર બેઠક યોજાઈ હતી. આ કામગીરી સિવાય હાલ આડબંધનું કામ શરૂ કરી દેવાતા તેનો વિરોધ કરીએ છીએ. હાલ ૧૫ લાખ ક્યુસેક પાણીમાં સુંદલપુરા સહિતના ગામોમાં પાણી ઘૂસી જતાં ટાપુ બની જાય છે, આડબંધ બનતા ચોમાસામાં હજારો પરિવાર પર આફત આવે તેવી સ્થિતિ સર્જાય તેમ છે. અસરગ્રસ્ત ગામો દ્વારા આગામી દિવસોમાં ઉગ્ર આંદોલન કરાશે.

## ભાવનગર અને રાણપુર પોલીસના દરોડા

# ઘોઘારોડ પોલીસે 3 સ્થળેથી દારૂ-બિયર ઝડપ્યા : 2 મહિલા સહિત 3 ફરાર

(એજન્સી) ભાવનગર I તા.19

ભાવનગરના ઘોઘારોડ પોલીસે શહેરના અલગ-અલગ વિસ્તારોમાં ત્રણ સ્થળે દરોડો પાડી વિદેશી દારૂની ૭ બોટલ તથા બિયરના ૧૯ ટીન ઝડપી પાડયા હતા. જ્યારે, જથ્થો રાખનાર બે મહિલા સહિત ત્રણ બુટલેગર નાસી છૂટયા હતા. જ્યારે, બોટાદની રાણપુર પોલીસે વિદેશી દારૂ સાથે એક શખ્સને પકડી પાડયો હતો. જેને બોટાલ આપનાર શખ્સનું નામ ખુલતાં પોલીસે તેને ઝડપી લેવા ચક્રો ગતિમાન કર્યા છે. બનાવની વિગત એવી છે કે, ભાવનગરના ઘોઘા રોડ પોલીસે બાતમીના આધારે શહેરના તિલકનગર નજીક આવેલાં આડોડીયાવાસમાં રહેતી જયશ્રીબેન રાજુભાઈ પરમારના રહેણાંકના મકાનમાં દરોડો પાડી વિદેશી દારૂની ચાર બોટલ ઝડપી લીધી હતી જ્યારે મહિલા ફરાર થઈ ગઈ હતી.

તે જ રીતે, આડોડીયાવાસમાં રહેતી નીમાબેન બટુકભાઈ પરમારના રહેણાંકી મકાનમાં દરોડો પાડી ઘોઘારોડ પોલીસે વિદેશી દારૂની ત્રણ બોટલ ઝડપી લીધી હતી.જ્યારે આ કિસ્સામાં પણ મહિલા પોલીસને હાથ તાળી આપી નાસી છૂટી હતી.ઉપરાંત, ઘોઘારોડ પોલીસે શહેરના ખેડૂતવાસ હનુમાનજી મંદિરના ઓટલા પાસે રહેતો વિક્રમ ઉર્ફે વિકો ધમાંભાઈ રાઠોડના મકાન પર દરોડો પાડી બિયરના ૧૯ ટીન ઝડપી પાડયા હતા. જ્યારે જથ્થો રાખનાર શખ્સ પોલીસને હાથ તાળી આપી નાસી છૂટયો હતો.ઉપરાંત,બોટાદના રાણપુર પોલીસે સાળંગપુર જતા રોડ પર દરોડો પાડી અનીશ ઈકબાલભાઈ પરમારને વિદેશી દારૂની એક બોટલ સાથે ઝડપી પાડયો હતો. પોલીસ પૂછપરછમાં તેણે આ બોટાલ જયું હકુભાઈ ખાચર પાસેથી લાવ્યો હોવાની કબૂલાત કરતા પોલીસે બન્ને શખ્સ વિરૂધ્ધ રાણપુર પોલીસ સ્ટેશનમાં પ્રોહીબિશન એક્ટ તળે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

### કપડવંજમાં લૂંટ વીથ મર્ડરના ગુનામાં ઉત્તરપ્રદેશના 4 શખ્સોની ધરપકડ

નડિયાદ, કપડવંજ : કપડવંજમાં બંધક બનાવી ડ્રાઈવરની હત્યા કર્યા બાદ રૂા. ૨.૮૫ લાખના સિલિંગ ફેનની કન્ટેનરમાંથી લૂંટ ચલાવાઈ હતી. જે ઘટનાના ૪૮ કલાક બાદ ખેડા જિલ્લા પોલીસે અમદાવાદ-બાવળા રોડ પરથી આઈશરમાં ઉત્તરપ્રદેશના ચાર શખ્સોને ઝડપી પાડયા છે. પકડાયેલા શખ્સો પાસેથી લૂંટ કરાયા પૈકીનો કેટલોક મુદ્દામાલ અને લૂંટમાં વાપરેલા હથિયારો કબજે કરી પોલીસે વધુ તપાસ હાથ ધરી છે. કપડવંજના પાંખીયાથી કાપડીવાવ રોડ પર મલકાણા ગામની સીમમાં ડ્રાઈવરની હત્યા કરી કન્ટેનરમાંથી રૂા. ૨.૮૫ લાખની સિલિંગ ફેનની લૂંટ ચલાવાયાની ઘટના બન્યા બાદ જિલ્લા પોલીસે ૭ ટીમો બનાવી સર્ચ ઓપરેશન હાથ ધરાયું હતું.

## મનપામાં વિવિધ 20 વિભાગો કાર્યરત કરી તેના વડાઓની નિમણૂક

# આણંદ મ્યુનિ. કોર્પોરેશન બે ઝોનમાં વહેંચાયું ઈસ્ટ અને વેસ્ટ ઝોનલ કચેરી કાર્યરત કરાઈ

(એજન્સી) આણંદ I તા. 19

આણંદ મહાનગરપાલિકામાં આણંદ,વલ્લભ વિદ્યાનગર અને કરમસદ નગરપાલિકા અને લાંભવેલ, મોગરી, ગામડી અને જીટોડિયા ગ્રામ પંચાયતનો સમાવેશ કરાતા વહીવટી કાર્યક્ષેત્ર વિસ્તૃત થયું છે. તેથી વહીવટી સરળતા માટે મનપાને ઈસ્ટ અને વેસ્ટ ઝોનમાં ફેરવવામાં આવ્યા છે. મ્યુનિ. કોર્પોરેશનમાં વિવિધ ૨૦ વિભાગો કાર્યરત કરવા સાથે આ તમામ વિભાગના વડાઓની પણ નિમણૂક કરવામાં આવી છે. ચારેય ગ્રામ પંચાયતોના નાગરિકોને જન્મ-મરણ નોંધણી, આકારણી પત્રકની નકલ જે-તે વિસ્તાર ખાતેથી મળી રહેશે. જ્યારે લગ્નની નોંધણી મનપા ખાતે કરાવવાની રહેશે. નવા વર્ષની શરૂઆતની સાથે જ આણંદ નગરપાલિકાને મહાનગરપાલિકાનો દરજ્જો આપવામાં આવ્યો હતો. મનપામાં આણંદ, વલ્લભ વિદ્યાનગર અને કરમસદ નગરપાલિકા તેમજ મોગરી, લાંભવેલ, જીટોડિયા અને ગામડી ગ્રામ પંચાયતનો સમાવેશ કરવામાં આવ્યો છે. નગરપાલિકામાંથી મહાપાલિકામાં પરિવર્તિત થતાં વહીવટી તંત્રનું કાર્યક્ષેત્ર પણ વિસ્તર્યું છે. પરિણામે વહીવટી સરળતા માટે મનપાને ઈસ્ટ અને વેસ્ટ ઝોનલ ઓફિસ કાર્યરત કરાઈ છે. મનપાના ઈસ્ટ ઝોનમાં આણંદ, મોગરી, જીટોડિયા અને ગામડી વિસ્તારનો સમાવેશ કરવામાં આવ્યો છે.

## પ્રેમ સંબંધ મામલે સમાધાન થયા બાદ દાઝ રાખી તૂટી પડયા

# રાજપરા: ગેરકાયદે મંડળી રચી 7 શખ્સનો 6 લોકો પર ઘાતક હુમલો

### ગામમાં જ રહેતાં શખ્સોએ ધારિયું, કોદાળી, લોખંડના પાઈપ સહિતના હથિયારો વડે કરેલાં હુમલામાં તમામ 6 લોકો ઘાયલ

(એજન્સી) ભાવનગર I તા. 19

બોટાદ જિલ્લાના રાણપુર તાબેનાં રાજપરા ગમે યુવતી સાથે પ્રેમ સંબંધ મામલે સમાધાન થઈ ગયા બાદ તેની દાઝ રાખી સાત શખ્સે એકસંપ કરી ઘાતક હથિયારો ધારણ કરી ગેરકાયદે મંડળી રચી છ લોકો પર હુમલો કરતાં ચકચાર મચી છે.બનાવને લઈ રાણપુર પોલીસે રાયોટિંગ સહિતની કલમ અન્વયે ગુન્હો નોંધી તપાસનો ધમધમાટ શરૂ કર્યો છે.



બનાવની વિગત એવી છે કે, બોટાદ જિલ્લાના રાણપુર તાલુકાના રાજપરા ગામે રહેતા વાસુદેવભાઇ વેલાભાઈ ઝેઝરિયાનાં કુટુંબી જેરામભાઈ ધનજીભાઈ ઝેઝરિયાનાં પુત્ર સુરેશને યુવતી સાથે પ્રેમ સબંધ હતો જે બાબતે અગાઉ ઘરમેળે સમાધાન થઇ ગયું હતું. જો કે, સમાધાન બાદ પણ પ્રેમસંબંધ અંગની દાઝ રાખી આ જ ગામે રહેતાં રાજુ નાનજીભાઈ પંચાળા,ચિરાગ રાજુભાઈ પંચાળા,સાગર રાજુભાઈ પંચાળા મુકેશ નાનજીભાઈ પંચાળા,રાહુલ મુકેશભાઈ પંચાળા,દિનેશ વશરામભાઈ પંચાળા,કમલેશ નાનજીભાઈ પંચાળાએ એક સંપ કરી લાકડી,ધારિયું,કોદાળી ,લોખંડના પાઈપ જેવા ઘાતક હથિયારો વડે પ્રેમજીભાઈ ધનજીભાઈ ઝેઝરિયા પર તૂટી પડયા હતા દરમિયાનમાં વાસુદેવભાઈ વેલાભાઈ ઝેઝરિયા અને કુટુંબી મેરાભાઈ ધનજીભાઈ ઝેઝરિયા અને શંભુભાઈ વેલભાઈ ઝેઝરિયા બચાવવા માટે વચ્ચે પડયા ત્યારે તેમને પણ ઉક્ત શખ્સોએ લાકડાના ધોકા, ફરસી, લોખંડના પાઈપ વડે માર માર્યો હતો.તદુપરાંત માથાકૂટ દરમિયાન વચ્ચે પડેલાં હસમુખભાઈ ઈશ્વરભાઈ ઝેઝરિયાને જેમ ફાવે તેમ ગાળો આપી સાગર રાજુભાઈ પંચાળાએ લાકડીઓ ફટકારી હાથ પર અને ખભા પર મૂઢ ઈજા કરી હતી.ઉપરાંત, અજયભાઈ ઈશ્વરભાઈ ઝેઝરિયા અને દીપાભાઈ રણછોડભાઈ ઝેઝરિયા છોડાવવા માટે વચ્ચે પડયા ત્યારે રાહુલ મુકેશભાઈ પંચાળાએ લોખંડના પાઈપ નાં ઘા ઝીંકી બન્નેને ઈજા પહોચાડી હતી.હતી.તેમજ ઉપરોક તમામ શખ્સોએ તમામને ગાળો આપી જાનથી મારી નાખવાની ધમકી આપી ઈંટોના છુટા ઘા કર્યા હતા.જયારે, મારામારીના પગલે ઈજા પામેલા છ લોકોને હોસ્પિટલે ખસેડાયા હતાં.બનાવ સંદર્ભે વાસુદેવભાઈ રાણપુર પોલીસ મથકમાં સાત શખ્સ વિરૂધ્ધ રાયોટિંગ, ઘાતક હથિયારો વડે હુમલો કરી માર મારી, જાનથી મારી નાંખવાની ધમકીઆપ્યાની ફરિયાદ નોંધાવી હતી. પોલીસે ગુન્હો નોંધી તમામ સાત શખ્સોને ઝડપી લેવા ચક્રો ગતિમાન કર્યા હતા.

## ગંગાજળિયા પોલીસે હત્યારાને સાથે રાખી ઘટનાનું રિ-કન્સ્ટ્રક્શન કર્યું

# પથિકાશ્રમ પાસે થયેલી યુવાનની હત્યામાં વપરાયેલી છરી હત્યારાને સગીરે આપી ’તી

(એજન્સી) ભાવનગર I તા. 19

ત્રણ દિવસ પૂર્વે મિત્રના ભાણેજના ઘર પાસે ગાળો બોલતાં શખ્સનાં પિતાને ઠપકો આપ્યોની દાઝે શહેરના શેલારશા ચોક પથિકાશ્રમ પાસે થયેલી યુવાનની કરપીણ હત્યામાં ઝડપાયેલાં ત્રણેય શખ્સને સગીરે છરી લાવી આપી હોવાનું ખુલતાં પોલીસે તેને પણ ઝડપી પાડયો હતો.જયારે, ઝડપાયેલાં ત્રણેય હત્યારાને કોર્ટમાં રજૂ કરાતાં કોર્ટે ત્રણેયના ત્રણ દિવસના રિમાન્ડ મંજૂર કર્યા હતા. બનાવની વિગત એવી છે કે, ભાણેજ આમિરના ઘર પાસે ગાળો બોલતાં અરમાન ઉર્ફે ભોલુ સલીમભાઈ લાખાણીના પિતાને ત્રણ દિવસ પૂર્વે મામા ખાલિદખાન પઠાણ, સંબંધી સાહિલ રાજા તથા ખાલિદખાનના મિત્ર મિત્ર મુસ્તુફા ઉર્ફે કાળુભાઈ કાચવાલા દુકાને જઈ



સમજાવવા ગયા હતા જેની દાઝ રાખી ત્રણેય લોકો શહેરના શેલારશા ચોક પથિકાશ્રમ નજીક ઉભા હતા.

ત્યારે, એક્સેસ સ્કૂટરમાં અરમાન ઉર્ફે ભોલુ સલીમભાઈ લાખાણી, રહેમાન ઉર્ફે દિલીપ ઈરફાનભાઈ ફરિયાણી અને અરમાનનો કારીગર આફતાબ તલવાર અને છરી લઈને આવ્યા હતા અને મુસ્તુફા ઉર્ફે કાળુભાઈ કાસિમભાઈ કાચવાલા અને તેના મિત્ર ખાલિદખાન પઠાણ પર લોહીયાળ હુમલો કર્યો હતો. જેમાં ગંભીર ઈજાના કારણે મુસ્તુફા ઉર્ફે કાળુભાઈ કાસિમભાઈ કાચવાલાનું મોત થતાં બનાવ હત્યામાં પરિણમ્યો હતો. બનાવને લઈ ગંગાજળિયા પોલીસે ત્રણેય હત્યારાને ઝડપી લીધા હતા અને આજે પોલીસે ત્રણેય શખ્સને સાથે રાખી ઘટનાનું રિ- કન્સ્ટ્રક્શન કર્યું હતું.જાયેર, સાંજે તમામને રિમાન્ડની માંગ અર્થે કોર્ટમાં રજૂ કરવામાં આવ્યા હતા. જયાં પોલીસે ત્રણેય હત્યારાના પાંચ દિવસના રિમાન્ડની માંગ કરી હતી. જેની સામે કોર્ટે બન્ને પક્ષની દલીલો સાંભળી ત્રણ દિવસના રિમાન્ડ મંજૂર કર્યા હતા.

દરમિયાન પોલીસ પૂછપરછમાં ઝડપાયેલાં આરોપીઓએ કબૂલાત આપી હતી કે, હત્યામાં વપરાયેલી છરી તેમને એક સગીરે આપી હતી. જે કબૂલાતના આધારે પોલીસે ગણતરીના સમયમાં સગીરને ઝડપી પાડયો હતો.અને રાજકોટ રિમાન્ડ હોમ ખાતે મોકલી આપ્યો હતો.

## થાર કારના ચાલક વિરૂદ્ધ ગુનો દાખલ

# આણંદના ખાંધલીમાં પૂરઝડપે થારની ટક્કરે રાહદારીનું મોત

(એજન્સી) આણંદ I તા. 19

આણંદના ખાંધલી ગામમાં પૂરઝડપે થાર કારે ટક્કર મારતા રાહદારી યુવાન ઈજાગ્રસ્ત થયો હતો. ઈજાગ્રસ્ત યુવાનનું વડોદરા ખાતે સારવાર દરમિયાન મૃત્યું થયું છે. ત્યારે આણંદ રૂરલ પોલીસે થાર કારના ચાલક વિરૂદ્ધ ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે. આણંદના ખાંધલી ગામન શિવાપુરા બળિયાદેવ મંદિર પાસે રહેતા મહેશભાઈ રમેશભાઈ ઠાકોરના કાકા કાંતીભાઈ ભઈલાલભાઈ ઠાકોર (ઉં.વ.૪૦) ખેતમજૂરી કામ કરતા હતા. તા. ૧૬મીએ ખાંધલી બસ સ્ટેન્ડ નજીક ખરી સામે રોડ ઉપર કાંતીભાઈ ઠાકોર ચાલતા જતા હતા. ત્યારે પૂરઝડપે અને ગફલત ભરી રીતે થાર ગાડીના ચાલકે ટક્કર મારતા




કાંતીભાઈ ઠાકોર માથાના પાછળના ભાગે ગંભીર ઈજાગ્રસ્ત બન્યા હતા. ત્યારે ભત્રીજા સહિત ૧૦૮ની ટીમ ઈજાગ્રસ્તને બોરસદની ખાનગી હોસ્પિટલમાં સારવાર કરાવી વધુ સારવાર માટે વડોદરા એસએસજી હોસ્પિટલ લઈ ગયા હતા. જ્યાં સારવાર દરમિયાન કાંતીભાઈ ઠાકોરનું મૃત્યુ થયું હતું. આ અંગે મહેશભાઈ ઠાકોરની ફરિયાદના આધારે આણંદ રૂરલ પોલીસે થાર ગાડીના ચાલક વિરૂદ્ધ ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

# વિજિલન્સે ક્વોલિટી કેસ કર્યો ત્યારે સ્થાનિક પોલીસે 3.48 લાખનો દારૂ પકડયો

### નડિયાદમાંથી એક જ સમયે 3 સ્થળેથી 7 લાખનો દારૂ પકડાતા તર્ક-વિતર્ક

(એજન્સી) નડિયાદ I તા. 19

નડિયાદ પશ્ચિમ પોલીસ મથકની હદમાં ગતરોજ એસએમસીની ટીમે બે સ્થળે દરોડા પાડી રૂા. ૩.૨૩ લાખના દારૂ સહિત રૂા. ૧૧.૭૪ લાખનો મુદ્દામાલ જપ્ત કરવા સાથે ૪ શખ્સોને ઝડપી પાડયા છે. જ્યારે એસએમસીના દરોડાના અરસામાં જ સ્થાનિક પોલીસે પણ રૂા. ૩.૪૮ લાખના દારૂ સાથે બે શખ્સોને પકડયાનું નોંધ્યું છે. ત્યારે વિજિલન્સે ક્વોલિટી કેસ કર્યો તે દરમિયાન જ પશ્ચિમ પોલીસે પણ અચાનક પ્રોહિબિશન હેઠળ લાખોનો દારૂ પકડયાનું નોંધતા તર્ક- વિતર્ક ચાલી રહ્યા છે.નડિયાદ પશ્ચિમ પોલીસની હદમાં ગઈકાલે ગાંધીનગરની સ્ટેટ મોનિટરિંગ સેલની ટીમ ત્રાટકી હતી. જેમાં બપોરે ૨.૩૦ વાગ્યાથી મોડી રાતે ૧૧ વાગ્યા સુધી બે સ્થળે દરોડા પાડયા હતા. જેમાં પહેલા પીજ રોડ પર જિલ્લા ઉદ્યોગ કેન્દ્રની પાછળ મહીડા કોલોનીમાં તેમજ સત્સંગ પાર્ટી પ્લોટની બાજુમાં અવાવરૂ જગ્યાએ વિદેશી દારૂના વેચાણ પર સપાટો બોલાવ્યો હતો. જ્યાં સ્થળ પરથી



દારૂના વેચાણ પર વોચ રાખતા અને બે ગ્રાહકોને ઝડપી પાડયા હતા. જેમાં સોહીલ મહીડા, અલ્પેશ ઠાકોર, સુરેશ પરમાર અને દિલીપ તુવરનો સમાવેશ થાય છે. જ્યાં સ્થળ પરથી કુલ ૪ ઈસમોને ઝડપ્યા છે. જેમાં દારૂના વેચાણ પર વોચ રાખનાર અને છુટક વેચાણ પર વોચ રાખનારા બે ઈસમો સહિત વિદેશી દારૂ લેવા આવેલા બે ગ્રાહકોને ઝડપી પાડયા છે. દરોડામાં રૂા. ૩.૨૩ લાખના દારૂ સાથે વાહન, મોબાઈલ અને રોકડ મળી કુલ ૧૧.૭૪ લાખનો મુદ્દામાલ જપ્ત કર્યો છે. દરોડામાં એક પણ બુટલેગર ન ઝડપાતા ૪ બુટલેગરો સહિત ૧૦ સામે પણ ગુનો નોંધ્યો છે.

#### પીજ રોડ પર વર્ષોથી દારૂનું દૂષણ છતાં સ્થાનિક પોલીસના આંખ આડા કાન

નડિયાદ પશ્ચિમમાં પીજ રોડ પરની મહીડા કોલોની અને પીજ ચોકડી પાસે અવાવરું જગ્યામાં વર્ષોથી દારૂનો ધંધો ધમધમી રહ્યો છે. સ્થાનિક પોલીસની રહેમ નજર હેઠળ દારૂનું દૂષણ ફેલાયું હોવા છતાં સ્થાનિક પોલીસ પ્રશાસન સામે કોઈ પગલાં ઉચ્ચ કક્ષાએથી લેવાતા ન હોવાના આક્ષેપો પણ થઈ રહ્યા છે.

#### કાર્યવાહીથી બચવા ક્રોસ કેસ કર્યાની ચર્ચા

એસએમસીના ક્વોલિટી કેસથી પશ્ચિમ પોલીસ મથકના જવાબદાર અધિકારીઓ અને વહીવટદારો પર કાર્યવાહીની શક્યતાઓ હતી. જેનાથી બચવા ક્રોસ કેસ ઉભો કરાયો હોવાની ચર્ચાઓ ઉઠી છે. ત્યારે પશ્ચિમ પોલીસ મથકના જવાબદાર અધિકારી અને બે વહીવટદારને જ કેસની બાતમી મળ્યાનું દર્શાવ્યું છે. ત્યારે પાણી પહેલા જ પાળ બાંધી હોવાની ચર્ચાએ જોર પકડયું છે.

## જુનિયર એન્જિનિયરનાં મોતનું કારણ અકબંધ

# ધંધુકા : વીજ કચેરીમાંથી જ જુનિ. એન્જિનિયરનો મૃતદેહ મળ્યો


(એજન્સી) ધંધુકા I તા. 19

ધંધુકા યુજીવીસીએલના જુનિયર એન્જિનિયરનો મૃતદેહ કચેરીમાંથી જ આવતા ચકચાર મચીહતી.આ સંદર્ભે ધંધુકા પોલીસે હાલ અકસ્માતે મોતનો ગુન્હો નોંધી મોતનું કારણ જાણવા મૃતદેહને પીએમ અર્થે હોસ્પિટલ ખસેડ્યો હતો. બનાવની વિગત એવી છે કે, છોટા ઉદેપુરના વતની તરૂણભાઈ જગાભાઈ રાઠવા ની થોડા સમય પૂર્વેજ અન્ય જિલ્લામાંથી બોટાદ જિલ્લાના ધંધુકા શહેરમાં આવેલી યુજીવીસીએલ કચેરીમાં બદલી થઈ હતી. અને હાલ તેઓ ધંધુકા સ્થિત કચેરી ખાતે નોકરી કરતા હતા. દરમિયાનમાં ગતરાત્રિના સુમારે ધંધુકાની યુજીવીસીએલની કચેરી ખાતે સુતા હતા,બાદમાં કલાકો સુધી તેમની કોઈ હલનચલન જોવા ન મળતાં સહકર્મીઓએ તેમને જગાડવાનો પ્રયત્ન કર્યો હતો. પરંતુ, તેમના તરફથી કોઈ હલન-ચલન કે પ્રત્યુતર ન મળતાં બનાવ અંગે ધંધુકા પોલીસને જાણ કરવામાં આવી હતી. બનાવના પગલે પોલીસ તથા ૧૦૮ સહિતનો કાફલો ઘટના સ્થલે દોડી આવ્યો હતો અને તેમને હોસ્પિટલ ખસેડવામાં આવ્યા હતા. જયાં તેમને મૃત જાહેર કરાતાં મૃતદેહને પોસ્ટમોર્ટમ અર્થે સરકારી હોસ્પિટલ ખાતે ખસેડાયો હતો. બીજી તરફ, વીજ કચેરીમાં પણ વીજ કર્મીના રહસ્યમય સંજોગોમાં આકસ્મિક મોતને લઈ ભારે ચકચાર મચી હતી. ધંધુકા પોલીસે અકસ્માતે મોતનો ગુન્હો નોંધી તેમના મોતનું કારણ જાણવા તજવીજ હાથ ધરી છે. પોસ્ટમોર્ટમના રિપોર્ટના આધારે વીજ કર્મીના મોતનું કારણ સ્પષ્ટ થશે તેમ પોલીસ સૂત્રોએ વિગત આપતાં જણાવ્યું હતું.

## આપનો આજનો દિવસ



**મેષ (અ,લ,ઇ)**
તમારા બાળકનો દેખાવ તમને અનહદ આનંદ આપશે. ધન સંબંધી કોઈ બાબત આજે ઉકેલી શકાય છે અને તમને ધન લાભ પણ થયી શકે છે. તમારા નવા પ્રૉજેક્ટ્સ તથા યોજનાઓ વિશે તમારા ભાગીદારને વિશ્વાસમાં લેવા માટે પણ આ સમયગાળો સારો છે.



**વૃષભ (બ,વ,ઉ)**
સામાજિક જીવન કરતાં સ્વાસ્થ્યને પ્રાથમિકતા આપજો. આજે કરેલું રોકાણ તમારી સમૃદ્ધિ તથા આર્થિક સુરક્ષામાં વધારો કરશે. તમારી લાગણીઓ પર અંકુશ મુકવો તમારી માટે મુશ્કેલ થઈ પડશે-પણ તમારી આસપાસના લોકોને કનડતા નહીં અન્યથા તમે એકલા પડી જશો.



**મિથુન (ક,છ,ઘ)**
તમે જે બાબત વાસ્તવિકતામાં મૂર્તસ્વરૂપે જોવા માગતા હો એ દિશામાં તમારા વિચારો અને ઊર્જા વાળો. માત્ર કલ્પના કરવાથી કોઈ અર્થ સરવાનો નથી. તમારી અત્યાર સુધીની સમસ્યા એ છે કે તમે માત્ર ઈચ્છા કરો.



**કર્ક (ડ,હ)**
સ્વાસ્થ્યની દૃષ્ટિએ સારો દિવસ. તમારી ખુશખુશાલ મન:સ્થિતિ તમને ઈચ્છિત ટૉનિક આપશે તથા તમને આત્મવિશ્વાસથી સભર રાખશે. આજે તમને કોઈ અજાણ્યા સ્ત્રોત્ર થી ધન લાભ થયી શકે છે જેના લીધે તમારી ઘણી આર્થિક મુશ્કેલીઓ દૂર થયી જશે.




**સિંહ (મ,ટ)**
તમારો વિપુલ આત્મવિશ્વાસ તથા કામનું સરળ સમયપત્રક તમને આજે હળવા થવાનો પૂરતો સમય આપશે. આજે તમે મૂડી આસાનીથી ઊભી કરી લેશો-લેણાં નીકળતાં નાણાંની ઉઘરાણી કરો-અથવા નવા પ્રૉજેક્ટ્સ પર કામ કરવા માટે ધીરાણ માગો. તમને જે સમયે તમારા મિત્રની જરૂર સૌથી વધારે હશે.



**કન્યા (પ,ઠ,ણ)**
આશાવાદી બનો અને ઉજળી બાજુ જોવાનો પ્રયાસ કરો. આત્મવિશ્વાસસભર અપેક્ષાઓ તમારી આશાઓ અને ઈચ્છાઓની પૂર્તિના દ્વાર ખોલશે. આર્થિક બાબતોમાં સુધારો ચોક્કસ થશે. ધંધામાં ઉધાર માગવાના ઈરાદે તમારો સંપર્ક કરનારાઓની અવગણના કરો.



**તુલા (ર,ત)**
ઝળહળતો અને ખડખડાટ હાસ્યથી ભરેલો દિવસ જ્યારે મોટા ભાગની ઘટનાઓ તમારી ધારણા મુજબ આકાર લેશે. તમારા ભાઈ બહેનો માં થી આજે કોઈ તમારી જોડે પૈસા ઉધાર માંગી શકે છે, તમે તેમને પૈસા આપી તો દેશો પરંતુ આના થી તમારા આર્થિક હાલત ખરાબ થયી શકે છે.




**વૃશ્ચિક (ન,ય)**
તમારી જાતને કોઈક રમત રમવામાં સાંકળો કેમ કે તે સનાતન યૌવનનું રહસ્ય છે. જે લોકો ટેક્સ ચોરી કરે છે તે લોકો આજે મોટી મુશ્કેલી માં ફસાઈ શકે છે. તેથી તમને સલાહ આપવા માં આવે છે કે ટેક્સ ચોરી ના કરો.




**ધન (ભ,ધ,ફ)**
તમારૂં મોહિત કરનારૂં વર્તન ધ્યાન આકર્ષિત કરશે. સટ્ટા અથવા અણધાર્યા લાભ દ્વારા તમારી આર્થિક હાલત સુધરશે. તમારા તરફથી કંઈ વધુ કર્યા વિના અન્યોનું ધ્યાન ખેંચવા માટે આ શ્રેષ્ઠ દિવસ છે. તમારી હાજરી તમારા પ્રિયપાત્ર માટે આ વિશ્વ યોગ્ય સ્થળ બનાવશે.



**મકર (ખ,જ)**
માનસિક શાંતિ માટે તમારી જાતને કોઈ દાન કે સખાવતી પ્રવૃત્તિમાં સાંકળો. જો તમે લોન લેવા માટે ઘણા દિવસો થી પ્રયાસ કરી રહ્યા છો તો આજ ના દિવસે તમને લોન મળી શકે છે. તમારા પરિવાર સાથે જડતાપૂર્વક વર્તન ન કરતા-તેનાથી શાંતિ જોખમાઈ શકે છે.



**કુંભ (ગ,શ,સ)**
હસતા રહો કેમ કે એ તમારી તમામ સમસ્યાનું મારણ છે. આર્થિક બાબતોમાં ચોક્કસ સુધારો થશે-પણ તેની સાથે જ ખર્ચમાં પણ વધારો થશે. ટપાલ દ્વારા આવેલો પત્ર આખા પરિવાર માટે ખુશીના સમાચાર લાવશે. પ્રેમી ને આજે તમારી કંઈક વાત ખોટી લાગી શકે છે.



**મીન (દ,ચ,ઝ,થ)**
તમે ઘણા લાંબા સમયથી અનુભવી રહ્યા છો એ જીવનના ટૅન્શન તથા તણાવમાંથી તમને રાહત મળશે. ટૅન્શન તણાવને કાયમી ધોરણે દૂર રાખવા માટે તમારી જીવનશૈલીમાં ફેરફાર કરવાનો સમય આવી ગયો છે. જે વેપારીઓ ના સંબંધ વિદેશો થી છે તેમને આજે ધન હાનિ થવા ની શક્યતા છે તેથી સાવચેતી થી ચાલો.

## 5 ફેબ્રુઆરી સુધી બિડ કરી શકશે રોકાણકારો

# એરિસિનફ્રા સોલ્યુશન્સનો IPO 3 ફેબ્રુઆરીએ ખુલશે

(એજન્સી) મુંબઈ તા 19

પ્રારંભિક જાહેર ઓફર એટલે કે એરિસિનફ્રા સોલ્યુશન્સ લિમિટેડનો IPO 3 ફેબ્રુઆરીએ ખુલશે. રોકાણકારો આ ઈસ્યુ માટે 5 ફેબ્રુઆરી સુધી બિડ કરી શકશે. કંપનીના શેર 10 ફેબ્રુઆરીએ બોમ્બે સ્ટોક એક્સચેન્જ (BSE) અને નેશનલ સ્ટોક એક્સચેન્જ (NSE) પર લિસ્ટ થશે. કંપની આ ઈસ્યુ દ્વારા કુલ 600 કરોડ એકત્ર કરવા માગે છે. આ માટે, એરિસિનફ્રા સોલ્યુશન્સ 600 કરોડના 2,85,71,428 નવા શેર ઈશ્યૂ કરશે. કંપનીના હાલના રોકાણકારો અથવા પ્રમોટર્સ ઓફર ફોર સેલ એટલે કે OFS દ્વારા એક પણ શેર વેચશે નહીં. જો તમે પણ તેમાં પૈસા રોકવાનું વિચારી રહ્યા છો, તો અમે તમને જણાવી રહ્યા છીએ કે તમે તેમાં કેટલું રોકાણ કરી શકો... લઘુત્તમ અને મહત્તમ કેટલી રકમનું રોકાણ કરી શકાય છે? એરિસિનફ્રા સોલ્યુશન્સે IPO પ્રાઈસ બેન્ડ 200-210 પર સેટ કર્યો છે. છૂટક રોકાણકારો ઓછામાં ઓછા એક લોટ એટલે કે 70 શેર માટે બિડ કરી શકે છે. જો તમે IPO ના ઉપલા પ્રાઇસ બેન્ડ પર 210 પર 1 લોટ માટે અરજી કરો છો, તો તમારે 14,700 નું રોકાણ કરવું પડશે. તે જ સમયે, છૂટક રોકાણકારો મહત્તમ 13 લોટ એટલે કે 910 શેર માટે અરજી કરી શકે છે. આ માટે રોકાણકારોએ અપર પ્રાઈસ બેન્ડ મુજબ 1,91,100નું રોકાણ કરવું પડશે. ગ્રાહકોમાં કેપેસિટી ઈન્ફ્રાપ્રોજેક્ટ્સ લિમિટેડ, જે કુમાર ઈન્ફ્રાપ્રોજેક્ટ્સ લિમિટેડ, એફકોન્સ ઈન્ફ્રાસ્ટ્રક્ચર લિમિટેડ, ઈએમએસ લિમિટેડ, એસપી સિંગલ કન્સ્ટ્રક્શન પ્રાઈવેટ લિમિટેડ વગેરેનો સમાવેશ થાય છે. રિટેલ રોકાણકારો માટે ઈશ્યૂનો 10% અનામત કંપનીએ IPO ના 75% ક્વોલિફાઈડ ઈન્સ્ટિટ્યૂશનલ બાયર્સ (QIB) માટે અનામત રાખ્યા છે. આ સિવાય, 10% શેર રિટેલ રોકાણકારો માટે અનામત છે અને બાકીનો 15% શેર બિન-સંસ્થાકીય રોકાણકારો (NII) માટે આરક્ષિત છે. જ્યારે કોઈ કંપની પ્રથમ વખત તેના શેર સામાન્ય જનતા માટે જારી કરે છે, ત્યારે તેને પ્રારંભિક જાહેર ઓફરિંગ એટલે કે IPO કહેવામાં આવે છે. કંપનીને તેનો બિઝનેસ વધારવા માટે પૈસાની જરૂર છે. આવી સ્થિતિમાં કંપની બજારમાંથી લોન લેવાને બદલે કેટલાક શેર લોકોને વેચીને અથવા નવા શેર જારી કરીને નાણાં એકત્ર કરે છે. આ માટે કંપની IPO લાવે છે. આ માટે રોકાણકારોએ અપર પ્રાઈસ બેન્ડ મુજબ 1,91,100નું રોકાણ કરવું પડશે.

ગ્રાહકોમાં કેપેસિટી ઈન્ફ્રાપ્રોજેક્ટ્સ લિમિટેડ, જે કુમાર ઈન્ફ્રાપ્રોજેક્ટ્સ લિમિટેડ, એફકોન્સ ઈન્ફ્રાસ્ટ્રક્ચર લિમિટેડ, ઈએમએસ લિમિટેડ, એસપી સિંગલ કન્સ્ટ્રક્શન પ્રાઈવેટ લિમિટેડ વગેરેનો સમાવેશ થાય છે.




### એરિસિનફ્રા સોલ્યુશન્સની સ્થાપના 2021માં કરવામાં આવી હતી

એરિસિનફ્રા સોલ્યુશન્સ લિમિટેડની સ્થાપના 2021માં કરવામાં આવી હતી, જે B2B કંપની છે. આ કંપની કન્સ્ટ્રક્શન અને ઈન્ફ્રાસ્ટ્રક્ચર કંપનીઓને મટિરિયલ અને ફાઈનાન્સ મેનેજમેન્ટની ખરીદીમાં મદદ કરે છે. કંપનીના ગ્રાહકોમાં કેપેસિટી ઈન્ફ્રાપ્રોજેક્ટ્સ લિમિટેડ, જે કુમાર ઈન્ફ્રાપ્રોજેક્ટ્સ લિમિટેડ, એફકોન્સ ઈન્ફ્રાસ્ટ્રક્ચર લિમિટેડ, ઈએમએસ લિમિટેડ, એસપી સિંગલ કન્સ્ટ્રક્શન પ્રાઈવેટ લિમિટેડ વગેરેનો સમાવેશ થાય છે.

## જેન AIથી 2030 સુધીમાં 3.8 કરોડ નોકરીમાં પરિવર્તન આવશે

(એજન્સી) નવીદિલ્હી તા 19

જનરેટિવ એઆઇ 2030 સુધીમાં 3.8 કરોડ નોકરીમાં પરિવર્તન લાવશે તેમજ નોંધપાત્ર આર્થિક વૃદ્ધિને વેગ આપશે તેવો આશાવાદ EY ઈન્ડિયાના રિપોર્ટમાં વ્યક્ત કરવામાં આવ્યો છે. જેન એઆઇના ઉપયોગથી સંગઠિત ક્ષેત્રમાં આર્થિક ઉત્પાદકતામાં 2.61%નો વધારો થશે અને જો અસંગઠિત ક્ષેત્ર દ્વારા પણ વ્યાપકપણે ઉપયોગ કરવામાં આવે તો તેનાથી વધુ 2.82%ની ઉત્પાદકતા હાંસલ કરી શકાય છે. રિપોર્ટ અનેકવિધ ઈન્ડસ્ટ્રીઝમાં જેન એઆઈની ક્ષમતા પર ભાર મૂકે છે જેમાં 24% કામકાજ સંપૂર્ણપણે સ્વચાલિત છે અને 42% કામગીરીમાં એઆઈ ઑગમેન્ટેન્સન મારફતે સુધારો કરી શકાય છે. તેનાથી પ્રોફેશનલ્સ માટે 8-10 કલાકની બચત શક્ય બને છે, જેનો ઉપયોગ તેઓ અન્ય વધુ મૂલ્ય ધરાવતી ગતિવિધિ પર ફોકસ કરવા માટે કરી શકે છે.

એઆઈથી ખાસ કરીને સર્વિસ સેક્ટરને સૌથી વધુ લાભ થશે. ગ્રાહક સંપાદન, કામગીરી અને સેવા જેવી પ્રક્રિયાઓમાં નોંધપાત્ર પરિવર્તન જોવા મળશે તેવું અનુમાન વ્યક્ત કરવામાં આવ્યું છે. IT/ITeS અને BPO સેક્ટર્સ પણ નોંધપાત્ર પરિવર્તનમાંથી પસાર થશે. જો કે, ઓટો અને ફાર્મા ઈન્ડસ્ટ્રીમાં ઉત્પાદકતાને લઈને મર્યાદિત લાભ જોવા મળશે.

બિઝનેસ પ્રક્રિયામાં, કોલ સેન્ટર મેનેજમેન્ટની ઉત્પાદકતામાં 80% જ્યારે સૉફ્ટવેર ડેવલપમેન્ટમાં 61%ની વૃદ્ધિ નોંધાશે. જ્યારે ડિસ્ટ્રીબ્યૂશમાં 45%સ કસ્ટમર સર્વિસમાં 44% અને માર્કેટિંગમાં 41%નો ગ્રોથ જોવા મળી શકે છે. જો કે આવડત ધરાવતા કર્મચારીઓની અછત પર ભાર મૂકવામાં આવ્યો હતો. દેશની માત્ર 3% કંપનીઓ AIની ક્ષમતાનો ઉપયોગ કરી શકે તેવા કર્મચારીઓ ધરાવે છે,



## ડોનાલ્ડ ટ્રમ્પ અમેરિકાના રાષ્ટ્રપતિ બનતા ભારતીય શેર માર્કેટ પર શું થશે અસર ?

(એજન્સી) અમેરિકા તા 19

ડોનાલ્ડ ટ્રમ્પની જીત બાદ 6 નવેમ્બરના રોજ ભારતીય શેરબજારમાં ઉછાળો જોવા મળ્યો હતો. સેન્સેક્સ અને નિફ્ટી 1 ટકાથી વધુ વધ્યા હતા. પરંતુ આ ઉત્સાહ લાંબો સમય ટક્યો નહોતો અને 6 નવેમ્બરે બંને સૂચકઆંકો 1 ટકાથી વધુ તૂટ્યા હતા. ત્યારે આગામી સમયમાં ડોનાલ્ડ ટ્રમ્પ ભારતીય શેર માર્કેટ માટે સારા સાબિત થશે કે કેમ ? તેના વિશે આ લેખમાં જાણીશું. ડોનાલ્ડ ટ્રમ્પ અમેરિકાના રાષ્ટ્રપતિ બનતા ભારતીય શેર માર્કેટ પર શું થશે અસર ? વધશે કે ઘટશે ? ડોનાલ્ડ ટ્રમ્પ અમેરિકાના 47મા રાષ્ટ્રપતિ તરીકે ચૂંટાયા છે. ડોનાલ્ડ ટ્રમ્પ અમેરિકાના રાજકીય ઈતિહાસમાં બીજા એવા વ્યક્તિ છે, જે એકવાર રાજકીય સત્તામાંથી હટ્યા બાદ ફરીવાર ચૂંટણી જીતવામાં અને ફરીથી રાષ્ટ્રપતિ બનવામાં સફળ થયા છે. ટ્રમ્પની ચૂંટણી જીતની અનેક રાજકીય અને વૈશ્વિક અસરો છે. અમેરિકાની સ્થાનિક રાજનીતિ અને આંતરિક અર્થતંત્ર, વિદેશ નીતિ અને કૂટનીતિ તેમજ વૈશ્વિક રાજનીતિ પર તેની અસર પડશે. તે ભારત અને અમેરિકા વચ્ચેના રાજકીય સંબંધો માટે પણ મહત્વપૂર્ણ છે.

ડોનાલ્ડ ટ્રમ્પની જીત બાદ બુધવારે એટલે કે 6 નવેમ્બરના રોજ ભારતીય શેરબજારમાં ઉછાળો જોવા મળ્યો હતો. બંને મુખ્ય સૂચકાંકો એટલે કે સેન્સેક્સ અને નિફ્ટી 1 ટકાથી વધુ વધ્યા હતા. પરંતુ આ ઉત્સાહ લાંબો સમય ટક્યો નહોતો. છેલ્લા સત્રમાં જોવા મળેલી તેજીના પગલે ભારતીય શેરબજારના સૂચકાંકો ગુરુવારે એક ટકાથી વધુ તૂટ્યા હતા. બંને મુખ્ય સૂચકાંકો સેન્સેક્સ અને નિફ્ટી-50 રોજ 1 ટકા કરતા વધુ ઘટ્યા હતા. બુધવારે અમેરિકન માર્કેટમાં રેકોર્ડ વધારો થયો હોવા છતાં સેન્સેક્સ અને નિફ્ટીમાં 1 ટકાથી વધુનો ઘટાડો થયો હતો. તો 8 નવેમ્બરે પણ માર્કેટમાં આંશિક ઘટાડો જોવા મળ્યો હતો.

## તેલનો આ કેવો ખેલ?...:સરસવ, સોયાબીન ઓઇલમાં 80% સુધી બીજું તેલ તો નથી ન

(એજન્સી) મુંબઈ તા 19

જો તમે વર્ષોથી જાણીતી બ્રાન્ડનું સરસવનું તેલ ખરીદી રહ્યા છો, તો ચકાશો તેમાં 80% સુધી રાઈસ બ્રાન ઓઈલ તો નથી ને. તમે જે ઓલિવ તેલ ખરીદી રહ્યા છો. તેમાં 80% રાઈસ બ્રાન ઓઈલ (ડાંગરની ભૂકીમાંથી કાઢવામાં આવેલું તેલ) પણ હોઈ શકે છે. તેનો અર્થ એ થયો કે આ તેલમાં સરસવ અથવા ઓલિવ તેલનું પ્રમાણ માત્ર 20% છે. આ ભેળસેળ પાછળ બે કારણ છે - પ્રથમ, રાઈસ બ્રાન ઓઈલની કિંમત સરસવની સરખામણીમાં રૂ. 45/લીટર છે, તે સસ્તું છે. બીજું - 1 વર્ષ પહેલા 'બ્લેન્ડિંગ' કાયદામાં કેટલાક ફેરફારો થયા હતા, એટલે કે, મલ્ટી-સોર્સ તેલ લખીને તેમાં અન્ય તેલ 80% મિશ્રણ કરી શકાય છે. તો જાણો, કંપનીઓ કેવી રીતે ભેળસેળ કરે છે.... 3 ફેબ્રુઆરી 2023ના રોજ બ્લેન્ડિંગ કાયદામાં ફેરફારો કરવામાં આવ્યા હતા. તેમાં એફએસએસઆઈએ નિર્ણય લીધો કે કંપની કોઈપણ તેલમાં 20% કરતા ઓછા અન્ય તેલને મિશ્રણ કરી શકશે નહીં. જો તેમાં વધુ માત્રામાં અન્ય કોઈ તેલ મિલાવવામાં આવે તો તેને મૂળ ઓળખ સરસવ કે સોયાબીનના નામે વેચી શકાય નહીં. બ્રાન્ડમાં સ્પષ્ટ રીતે લખવું જોઈએ કે તે મલ્ટિસોર્સ તેલ છે. આ તેલ ક્યાંથી લાવવામાં આવ્યું હતું અને કેટલા પ્રમાણમાં મિશ્રણ કરાયું તે જણાવવું પણ જરૂરી છે. અગાઉ કંપનીઓ મૂળ તેલમાં 10% થી 20% અન્ય તેલ ભેળવીને તેને સરસવ અથવા સોયાબીનના નામે બજારમાં વેચતી હતી. તેનું પરિણામ એ આવ્યું કે કેટલીક કંપનીઓએ તેમની બ્રાન્ડના સરસવના તેલના લેબલ પર લખવાનું શરૂ કર્યું કે 'સરસવ તેલ' બ્રાન્ડ નામ છે, પરંતુ કંપની દાવો કરતી નથી કે તે સરસવના તેલ જેવી જ ગુણવત્તા ધરાવે છે અને તેમાં 80% તેલ ભેળવવાનું શરૂ કર્યું, જે બજારમાં સૌથી સસ્તું હતું.

વર્ષો પહેલાં પામ તેલ સસ્તું હોવાથી તેને મિલાવવામાં આવતું, ઓલિવ ઓઈલ બ્રાન્ડ પર લખ્યું કંપનીઓ એક જ પ્રકારના તેલમાં ભેળસેળ કરે છે અથવા તેને બદલતી રહે છે?

## ધર્મેશ મહેતા, સ્થાપક અને સીઈઓ, અર્થમ ફિનસર્વ પ્રાઇવેટ લિમિટેડ રુરલ અપોર્ચ્યુનિટીઝ ફંડ વિશે વાત કરે છે

(એજન્સી) નવી દિલ્હી તા 19

વક્તા - ધર્મેશ મહેતા, સ્થાપક અને સીઈઓ, અર્થમ ફિનસર્વ પ્રાઈવેટ લિમિટેડ રુરલ અપોર્ચ્યુનિટીઝ ફંડ વિશે વાત કરે છે વીડિયો વિશે - રુરલ અપોર્ચ્યુનિટીઝ ફંડમાં રોકાણ કરવાથી તમે ગ્રામીણ બજારોની ઉચ્ચ-વૃદ્ધિની સંભાવનાનો ઉપયોગ કરી શકો છો, તે ગ્રામીણ આર્થિક વિસ્તરણથી લાભ મેળવતા ક્ષેત્રોને વૈવિધ્યીકરણ અને એક્સપોઝર પ્રદાન કરે છે. ICICI પ્રુડેન્શિયલ રુરલ અપોર્ચ્યુનિટીઝ ફંડ એ લાંબા ગાળાના રોકાણકારો માટે એક ઉત્તમ તક છે જેઓ ભારતના રુરલ ડેવલપમેન્ટની ગ્રોથ સ્ટોરીમાં એક્સપોઝર મેળવવા માગે છે. જે આવક, વપરાશ અને માળખાગત વિકાસમાં વધારા દ્વારા પ્રેરિત થાય છે. તે ગ્રામીણ આર્થિક વિસ્તરણથી લાભ મેળવતા ક્ષેત્રોને વૈવિધ્યીકરણ અને એક્સપોઝર પ્રદાન કરે છે. ICICI પ્રુડેન્શિયલ રુરલ અપોર્ચ્યુનિટીઝ ફંડ એ લાંબા ગાળાના રોકાણકારો માટે એક ઉત્તમ તક છે જેઓ ભારતના રુરલ ડેવલપમેન્ટની ગ્રોથ સ્ટોરીમાં એક્સપોઝર મેળવવા માગે છે. તે ગ્રામીણ માળખાકીય સુવિધાઓ, આવક અને વપરાશમાં માળખાકીય ફેરફારો સાથે લક્ષ્યો સાથે મેચ કરવા માટે નાણાકીય સલાહકારોની સલાહ લેવી જોઈએ.

## સ્પોર્ટ્સ બાઈકથી લઈને નવી લક્ઝરી કાર સુધી, આ રીતે BMW એ Auto Expo 2025 માં લૂટી મહેફિલ

(એજન્સી) નવી દિલ્હી તા 19

Bharat Mobility Global Expo 2025 ના બીજા દિવસે, લક્ઝરી કાર મેન્યુફેક્ચરિંગ કંપની BMW એ ભારતીય બજારમાં ગ્રાહકો માટે 2025 BMW X3 લોન્ચ કરી છે. આ કારની સાથે BMW S 1000 RR અને BMW R 1300 GSA એડવેન્ચર બાઈક પણ લૉન્ચ કરવામાં આવી છે.

Bharat Mobility Global Expo 2025 ના બીજા દિવસે, લક્ઝરી કાર મેન્યુફેક્ચરિંગ કંપની BMW એ ભારતીય બજારમાં ગ્રાહકો માટે 2025 BMW X3 લોન્ચ કરી છે. આ કારની સાથે BMW S 1000 RR અને BMW R 1300 GSA એડવેન્ચર બાઈક પણ લૉન્ચ કરવામાં આવી છે.

ભારતમાં BMW X3 ની કિંમત આ BMW SUVના પેટ્રોલ વેરિઅન્ટની કિંમત 75 લાખ 80 હજાર રૂપિયા (એક્સ-શોરૂમ) છે. તે જ સમયે, આ કારના ડીઝલ વેરિઅન્ટની કિંમત 77 લાખ 80 હજાર રૂપિયા (એક્સ-શોરૂમ) છે. કંપની તેના ચેન્નાઈ પ્લાન્ટમાં 2025 BMW X3નું ઉત્પાદન કરશે. વિશેષતાઓ વિશે વાત કરીએ તો, વેન્ટિલેટેડ ફ્રન્ટ સીટ, વક્ર પેનોરેમિક ડિસ્પ્લે અને ડિજિટલ ઈન્સ્ટ્રુમેન્ટ ક્લસ્ટર સિવાય, આ વાહનને ઈન્ટિગ્રેટેડ વૉઈસ આસિસ્ટન્ટ સપોર્ટ મળશે. સલામતી માટે, આ કારમાં લેન કીપિંગ આસિસ્ટન્ટ, ડિસ્ટન્સ કંટ્રોલ, એક્ટિવ બ્લાઈન્ડ સ્પોટ ડિટેક્શન, 60kmphની ઝડપે હેન્ડ્સ ફ્રી ડ્રાઈવિંગ અને રીઅરવ્યૂ કેમેરા જેવી સુવિધાઓ પણ હશે. BMWની આ સ્પોર્ટ્સ બાઈક ઓટો એક્સપોમાં લોન્ચ કરવામાં આવી છે. આ લક્ઝરી સ્પોર્ટ્સ બાઈકની કિંમત 21 લાખ 90 હજાર રૂપિયા (એક્સ-શોરૂમ) નક્કી કરવામાં આવી છે. આ બાઈકમાં નવો પ્રો રાઈડિંગ મોડ, એમ ક્વિક એક્શન થ્રોટલ, ટ્રેક્શન કંટ્રોલ, સ્લાઈડ કંટ્રોલ ફીચર, બ્રેક સ્લાઈડ આસિસ્ટ સાથે ABS સપોર્ટ મળશે. કંપનીએ આ બાઈકમાં ચાર રાઈડિંગ મોડ્સ પણ આપ્યા છેઃ રેઈન, રોડ, ડાયનેમિક અને રેસ.

## સેન્સેક્સ ત્રણ દિવસમાં 713 પોઇન્ટ વધી 77000 ક્રોસ

(એજન્સી) નવી દિલ્હી તા 19

ભારતીય શેરમાર્કેટ માટે કમૂરતા પૂરા થઇ ગયા હોય તેવો આશાવાદ રોકાણકારો દર્શાવી રહ્યાં છે. જિયો પોલિટિકલ ઈશ્યુ હળવા થયા છે ખાસકરીને ઈઝરાયલ હમાસ યુધ્ધ વિરામના પગલે મોમેન્ટમ પોઝિટીવ બન્યું છે આ ઉપરાંત અમેરિકામાં ફુગાવો ઘટીને આવતા વ્યાજદર ઘટાડાનો માર્ગ મોકળો બન્યો છે. યુએસ બોન્ડ યિલ્ડમાં ઘટાડો થવા સાથે વૈશ્વિક બજારોમાં સુધારા તરફી ટ્રેન્ડ રહ્યો હતો. સેન્સેક્સ છેલ્લા ત્રણ દિવસમાં 713 પોઈન્ટ અને નિફ્ટી 226 પોઈન્ટ સુધર્યા છે. રિલાયન્સ ઈન્ડસ્ટ્રીઝ, આઈસીઆઈસીઆઈ બેંક અને એચડીએફસી બેંકમાં ખરીદીએ સેન્ટિમેન્ટને વેગ આપ્યો હતો જેના કારણે સેન્સેક્સ 318.74 પોઈન્ટ વધીને 77000ની સપાટી કુદાવી 77042.82 પહોંચ્યો હતો. ઈન્ટ્રા-ડેમાં 595.42 પોઈન્ટ વધી 77319.50 પર પહોંચ્યો હતો. નિફ્ટી 98.60 પોઈન્ટ વધીને 23311.80 પર પહોંચ્યો હતો. રોકાણકારોની મૂડી વધી 428.55 લાખ કરોડ પહોંચી છે. ફોરેક્સ માર્કેટમાં ડોલર સામે રૂપિયો ફરી નબળો પડી 86.56 રહ્યો હતો.

સેન્સેક્સ પેકમાં અદાણી પોર્ટ્સ, સ્ટેટ બેંક ઓફ ઈન્ડિયા, બજાજ ફિનસર્વ, ભારતી એરટેલ, ટાટા મોટર્સ, ઈન્ડસઈન્ડ બેંક, એનટીપીસી, મારુતિ, રિલાયન્સ ઈન્ડસ્ટ્રીઝ અને એક્સિસ બેંક સૌથી વધુ વધ્યા હતા. સ્મોલકેપ 1.43 ટકા જ્યારે મિડકેપ ઈન્ડેક્સ 0.92 ટકા વધ્યો હતો. સેક્ટોરલ ઈન્ડેક્સમાં સર્વિસિસ 1.93 ટકા, ઔદ્યોગિક 1.73 ટકા, મેટલ 1.63 ટકા, ટેલિકોમ 1.61 ટકા, કેપિટલ ગુડ્સ 1.56 ટકા અને કોમોડિટીઝ 1.51 ટકા વધ્યા હતા. વૈશ્વિક બજારોમાં મજબૂત સ્થિતી જોવા મળી હતી.

માર્કેટબ્રેડ્થ પોઝિટિવ, FIIની 4342 કરોડની વેચવાલી

માર્કેટબ્રેડ્થ પોઝીટિવ રહેવા સાથે સેન્ટીમેન્ટ સાવચેતી તરફીનું રહ્યું છે. બીએસઇ ખાતે કુલ ટ્રેડેડ 4067 પૈકી 2778 સ્ક્રીપ્સમાં સુધારો અને 1188 સ્ક્રીપ્સમાં ઘટાડો નોંધાયો હતો. જે દર્શાવે છે કે, માર્કેટબ્રેડ્થ પોઝિટિવ રહેવા સાથે માર્કેટ સેન્ટિમેન્ટ હજુ સલામતી તરફીનું રહ્યું છે. સેન્સેક્સ પેકમાં 20 સ્ક્રિપ્સ વધી હતી. 98 સ્ક્રીપ્સમાં વર્ષની ટોચ સામે 63 સ્ક્રીપ્સમાં વર્ષની બોટમ જોવા મળી હતી. જ્યારે 11 સક્રીપ્સમાં અપર સર્કિટ તથા 1 સ્કીપ્સમાં લોઅર સર્કિટ લાગી હતી. વિદેશી રોકાણકારોની 4341.95 કરોડની વેચવાલી સામે સ્થાનિક રોકાણકારો દ્વારા 2928.72 કરોડની ખરીદી રહી હતી. ચાલુ માસમાં સરેરાશ એન્જલ વને રોકાણકારોને છેતરપિંડી અંગે સાવચેત કર્યા વનના નામનો દુરુપયોગ કરતા અને તેના સિનિયર એક્ઝિક્યુટિવ્સ હોવાનો દેખાડો કરતા છેતરપિંડીયુક્ત સોશિયલ મીડિયા ગ્રુપ્સની વધી રહેલી સંખ્યા અંગે રોકાણકારોને ચેતવ્યા છે.

## સ્વાસ્થ્ય-વીમા કંપની: દરેક પોલિસી ધારકને હાલની વીમા કંપનીમાંથી કોઇપણ અન્ય કંપનીમાં સ્વિચ કરવાનો અધિકાર છે

(એજન્સી) નવી દિલ્હી તા 19

વીમા નિયમનકાર IRDAIએ 2011થી વીમા ખરીદદારોને પોર્ટેબિલિટી અધિકારો આપ્યા છે. આ વિકલ્પનો ઉપયોગ વીમાધારક વ્યક્તિ વર્તમાન વીમા કંપનીમાંથી અન્ય કોઈપણ વીમા કંપનીમાં તેની પોલિસી બદલવા માટે કરી શકે છે. અહીં સ્વાસ્થ્ય વીમા પોર્ટેબિલિટી સંબંધિત કેટલાક સામાન્ય સવાલોના જવાબો છે... વીમા પોર્ટેબિલિટી ક્યારે પસંદ કરવી? જો વીમાધારક તેની વીમા કંપનીની સેવા અથવા દાવાની પતાવટ પ્રક્રિયાથી સંતુષ્ટ નથી. જો કોઈ અન્ય કંપની વધુ સારી સુવિધાઓ, વધુ કવરેજ અથવા ઓછું પ્રીમિયમ ઓફર કરી રહી છે. ૅોલિસી ધારકની હેલ્થકેર જરૂરિયાતો બદલાઈ ગઈ હોઈ શકે છે અને નવી જરૂરિયાતોને પહોંચી વળવા માટે અન્ય કંપની સાથે વધુ સારું કવરેજ ઉપલબ્ધ હોઈ શકે છે. પણ જાણો... વીમા પોર્ટેબિલિટી માટે કોઈ પ્રોસેસિંગ ફી નથી. આ સાથે જૂની પોલિસીના ફાયદામાં કોઈ નુકસાન નથી. અગાઉની પોલિસીમાં જોવા મળતા હાલના રોગો માટે માત્ર રાહ જોવાની અવધિ લંબાવવામાં આવે છે. આ કિસ્સામાં સગવડતા રહે છે. પોર્ટ કરતી વખતે શું ધ્યાનમાં રાખવું જોઈએ? IRDAIના નિયમો મુજબ પોલિસી રિન્યુઅલ તારીખના 45 દિવસ પહેલા પોર્ટેબિલિટી પ્રક્રિયા શરૂ કરવી ફરજિયાત છે. નવી કંપની દ્વારા ઈનકારના કિસ્સામાં તમારી પાસે હાલના વીમાદાતા પાસે રહેવાનો વિકલ્પ હશે.

પછીની તારીખે દાવો અસ્વીકાર ટાળવા માટે નવી કંપનીને તમારા તબીબી ઈતિહાસ વિશે સંપૂર્ણ અને સાચી માહિતી આપો.

નવી અને જૂની કંપનીના કવરેજની સરખામણી કરો. ખાતરી કરો કે નવી પોલિસી તમને જરૂરી તમામ લાભોને આવરી લે છે.

સારા ક્લેમ સેટલમેન્ટ રેશિયો અને ગ્રાહક સેવા સાથે વિશ્વસનીય વીમા કંપની પસંદ કરો.




શું પોર્ટીંગ વીમામાં કોઈ ગેરલાભ છે?

તપાસ કર્યા વિના વીમો પોર્ટ કરવાથી નુકસાન થઈ શકે છે. નવી કંપની સાથે સમાન પોલિસી માટેનું પ્રીમિયમ પણ તમારી ઉંમર, તબીબી ઈતિહાસ અને અન્ય જોખમી પરિબળોના આધારે વધી શકે છે.

નવી કંપની તમારી હાલની નીતિ સાથે મેળ ખાતી પોલિસી ઓફર કરી શકશે નહીં.

પોર્ટેબિલિટી માટે નવી વીમા કંપનીની મંજૂરી જરૂરી છે. નવી કંપની તમારી તબીબી સ્થિતિ અથવા અન્ય પરિબળોના આધારે તમારી પોર્ટેબિલિટી એપ્લિકેશનને નકારી શકે છે.

નવી કંપની પાસે તમારી હાલની આરોગ્ય વીમા પોલિસીની વિગતો અને દાવો ઈતિહાસને એક્સેસ કરવાનો અધિકાર/વિકલ્પ છે.

પોર્ટને બદલે નવી યોજના મેળવવી વધુ સારી છે?

જો તમારી હાલની પોલિસી જૂની છે અને પૂર્વ-અસ્તિત્વમાં રહેલી સ્વાસ્થ્ય સ્થિતિઓ માટે રાહ જોવાનો સમયગાળો પૂર્ણ થઈ ગયો છે, તો નવી યોજના લેવાને બદલે પોલિસીને પોર્ટ કરવી વધુ સારું છે.

જો તમારી હાલની આરોગ્ય વીમા પોલિસી મર્યાદિત કવરેજ પ્રદાન કરે છે, તો નવી પોલિસી મેળવવી ફાયદાકારક હોઈ શકે છે, પરંતુ રાહ જોવાનો સમયગાળો નવી યોજના સાથે નવેસરથી શરૂ થશે.

આ વિકલ્પ પણ છે: નવો પ્લાન પોર્ટ કરવા કે લેવાને બદલે તમે તમારી હાલની પોલિસીમાં કંપની દ્વારા ઓફર કરાયેલ એડ-ઓન અથવા રાઈડર્સ ઉમેરી શકો છો અને કેટલાક વધારાના પ્રીમિયમ ચૂકવીને હાલના પ્લાનમાં સુધારો કરી શકો છો.

### ચાંદી ₹552 મોંઘી થઈને ₹90820 પ્રતિ કિલો વેચાઈ છે

## આ સપ્તાહે સોના-ચાંદીમાં તેજી રહી:સોનું ₹1221 વધીને ₹79239 પર પહોંચ્યું

(એજન્સી) નવી દિલ્હી તા 19

આ સપ્તાહે સોના- ચાંદીના ભાવમાં તેજી જોવા મળી છે. ઈન્ડિયા બુલિયન એન્ડ જ્વેલર્સ એસોસિએશન (IBJA) અનુસાર, ગયા શનિવારે એટલે કે 11 જાન્યુઆરીએ 24 કેરેટ સોનાના 10 ગ્રામની કિંમત 78,018 રૂપિયા હતી, જે હવે 18 જાન્યુઆરીએ 79,239 રૂપિયા પર પહોંચી ગઈ છે. એટલે કે આ અઠવાડિયે તેની કિંમત 1,221 રૂપિયા વધી છે. આ સપ્તાહે ચાંદી રૂ. 552 મોંઘી થઈ છે અને રૂ. 90,820 પ્રતિ કિલોએ પહોંચી ગઈ છે. ગયા શનિવારે તે રૂ. 90,268 પ્રતિ કિલો હતી. ગયા વર્ષે 30 ઓક્ટોબરે સોનું 79,681 રૂપિયા પ્રતિ 10 ગ્રામ ઓલ ટાઈમ હાઈ હતું. તેમજ 23 ઓક્ટોબર 2024ના રોજ ચાંદી 99,151 રૂપિયા પ્રતિ કિલોગ્રામ પર પહોંચી ગઈ હતી. 4 મેટ્રો અને ભોપાલમાં સોનાનો ભાવ દિલ્હી: 10 ગ્રામ 22 કેરેટ સોનાની કિંમત 74,500 રૂપિયા અને 10 ગ્રામ 24 કેરેટ સોનાની કિંમત 81,260 રૂપિયા છે. મુંબઈ: 10 ગ્રામ 22 કેરેટ સોનાની કિંમત 74,350 રૂપિયા અને 10 ગ્રામ 24 કેરેટ સોનાની કિંમત 81,110 રૂપિયા છે. કોલકાતા: 10 ગ્રામ 22 કેરેટ સોનાની કિંમત 74,350 રૂપિયા અને 24 કેરેટ સોનાના 10 ગ્રામની કિંમત 81,110 રૂપિયા છે. ચેન્નાઈ: 10 ગ્રામ 22 કેરેટ સોનાની કિંમત 74,350 રૂપિયા અને 10 ગ્રામ 24 કેરેટ સોનાની કિંમત 81,110 રૂપિયા છે. ભોપાલ: 10 ગ્રામ 22 કેરેટ સોનાની કિંમત 74,400 રૂપિયા અને 10 ગ્રામ 24 કેરેટ સોનાની કિંમત 8,160 રૂપિયા છે. 2024માં સોનાએ 20% અને ચાંદીએ 17% વળતર આપ્યું ગયા વર્ષે સોનાના ભાવમાં 20.22%નો વધારો થયો હતો. તેમજ, ચાંદીના ભાવમાં 17.19%નો વધારો થયો છે. 1 જાન્યુઆરી, 2024ના રોજ, સોનું 63,352 રૂપિયા પ્રતિ 10 ગ્રામ હતું, જે 31 ડિસેમ્બર, 2024ના રોજ 76,162 રૂપિયા પ્રતિ 10 ગ્રામ પર પહોંચી ગયું હતું. આ દરમિયાન એક કિલો ચાંદીની કિંમત 73,395 રૂપિયા પ્રતિ કિલોથી વધીને 86,017 રૂપિયા પ્રતિ કિલો પહોંચી છે. બ્યુરો ઓફ હંમેશા ખરીદો. સોના પર 6 અંકનો હોલમાર્ક કોડ છે. તેને હોલમાર્ક યુનિક આઈડેન્ટિફિકેશન નંબર એટલે કે HUID કહેવામાં આવે છે. આ નંબર આલ્ફાન્યૂમેરિક છે એટલે કે કંઈક આના જેવું છે- AZ4524. હોલમાર્કિંગ દ્વારા જાણી શકાય છે.

## તંત્રીની કલમે...

વિક્રમ સંવત 2081, પોષ વદ-07

# શું શાંતિ સ્થપાશે?



વિશ્વભરમાં આનંદની લહેર હોવા છતાં, ઈઝરાયલ અને હમાસ વચ્ચેના 15 મહિનાથી ચાલી રહેલા સંઘર્ષમાં કાયમી શાંતિની શક્યતા ખૂબ જ ઓછી દેખાઈ રહી છે. આ સંઘર્ષમાં અત્યાર સુધીમાં ૧.૨૦ લાખ લોકો માર્યા ગયા છે. તેમાં ઘણી સ્ત્રીઓ અને બાળકો પણ છે. આ સમયગાળા દરમિયાન, ગાઝાના 19 લાખ રહેવાસીઓ વિસ્થાપિત થયા હતા. ત્રણ તબક્કાના યુદ્ધવિરામ કરારમાં સદ્ભાવનાનો અભાવ જણાય છે. કતાર અને યુનાઈટેડ સ્ટેટ્સ સાથેની મુશ્કેલ પરોક્ષ વાટાઘાટો પછી ઈઝરાયલ અને હમાસ આ કરાર પર સંમત થયા હોવાના અહેવાલ છે, પરંતુ બંને દેશો વચ્ચે ઊંડો અવિશ્વાસ રહે છે. હાલમાં, ઈઝરાયલી કેબિનેટે દસ્તાવેજ પર અંતિમ હસ્તાક્ષર કરવામાં વિલંબ કર્યો છે, જે ગુરુવારે હસ્તાક્ષર થવાનું હતું. ઈઝરાયલી વડા પ્રધાન બેન્જામિન નેતન્યાહૂ, જેઓ ઘરે ખૂબ જ અપ્રિય છે, તેમણે કહ્યું છે કે જ્યાં સુધી હમાસ 'છેલ્લી ઘડીની છૂટ' હોવાનો દાવો કરે છે તે પાછી ખેંચી ન લે ત્યાં સુધી ઈઝરાયલનું મંત્રીમંડળ મળશે નહીં. યુદ્ધવિરામ માટે સંમત થવાની નેતન્યાહૂની અનિચ્છા ઘરેલું રાજકીય આવશ્યકતાઓમાં મૂળ ધરાવે છે. તેઓ 2022 થી જમણેરી ઉગ્રવાદી પક્ષો સાથે સરકારનું નેતૃત્વ કરી રહ્યા છે અને સત્તામાં તેમનું રહેવું હમાસ સાથેના સંઘર્ષને લંબાવવા પર આધારિત છે. ઓક્ટોબર 2023 માં ઈઝરાયલી નાગરિકો પર હમાસના હુમલા પછી, તેમની સરકારે કહ્યું કે તે હમાસનો નાશ કરશે. તે હુમલામાં 1,200 લોકો માર્યા ગયા હતા અને 250 થી વધુ લોકોને બંધક બનાવવામાં આવ્યા હતા. યુદ્ધવિરામની જાહેરાત થયાના કલાકોમાં જ, ઈઝરાયલે ગાઝા પર હુમલો શરૂ કર્યો, જેમાં 70 થી વધુ લોકો માર્યા ગયા. આ એ પણ દર્શાવે છે કે કરારનું પાલન કરવું મુશ્કેલ લાગે છે. રવિવારથી યુદ્ધવિરામ અમલમાં આવવાની અપેક્ષા છે. અમેરિકામાં ટ્રમ્પની સરકાર બન્યા પછી પેલેસ્ટાઈનના લોકોએ આનાથી રાહતનો શ્વાસ લીધો છે કારણ કે તેઓને બહુ રાહતની અપેક્ષા નહોતી. લેબનોન સ્થિત જૂથ હિઝબુલ્લાહની મદદથી યુદ્ધમાં પ્રોક્સી-સંકળાયેલા ઈરાનને પણ રાહત મળી છે. જોકે વિગતો હજુ જાહેર કરવામાં આવી નથી, પરંતુ કરારમાં બંધકોની આપ-લે, ઈઝરાયેલી સૈનિકોની પાછી ખેંચી, ગાઝાના પુનર્નિર્માણ માટે અનિયંત્રિત સહાય અને વિસ્થાપિત પેલેસ્ટિનિયનોની વાપસીનો સમાવેશ થાય છે. હમાસે હજુ પણ ૯૪ બંધકો રાખ્યા છે. બદલામાં, ઈઝરાયલ લગભગ 1,000 પેલેસ્ટિનિયન કેદીઓને મુક્ત કરશે. તેમાંથી કેટલાક એક દાયકાથી જેલમાં છે. સૈનિકોની પાછી ખેંચી લેવી અને કેદીઓની આપ-લે કરારના પહેલા બે તબક્કા હશે, અને ત્રીજા તબક્કામાં ગાઝાનું પુનર્નિર્માણ શામેલ હશે. આ કરાર ૮૪ દિવસ માટે અમલમાં છે, પરંતુ તે ઘણા અનુત્તરિત પ્રશ્નોનું માત્ર એક પાસું છે. ઉદાહરણ તરીકે, યુદ્ધવિરામના પહેલા તબક્કામાં ઈઝરાયલ ગાઝામાં બફર ઝોનમાં હાજરી જાળવી રાખશે. પેલેસ્ટિનિયન પ્રદેશમાં ઈઝરાયલી સંરક્ષણ દળોની સતત હાજરી કેદીઓની આપ-લે પહેલાં વિશ્વાસ પુનઃસ્થાપિત કરવામાં મદદ કરશે નહીં. આ કરારની જટિલતાઓ પણ યુદ્ધવિરામને નાજુક બનાવી રહી છે. એક નાની ઘટના પણ દુશ્મનાવટ ફરી ઉભી કરી શકે છે. ઈઝરાયલી પક્ષ ફરિયાદ કરે છે કે બંધકોને મુક્ત કરવાની હમાસની પ્રતિબદ્ધતા અસ્પષ્ટ છે. તેવી જ રીતે, યુદ્ધવિરામ પેલેસ્ટાઈનની ચિંતાઓને સંપૂર્ણપણે દૂર કરશે નહીં. ઓક્ટોબર 2023 માં હમાસના આક્રમણ પછી ઈઝરાયલે પશ્ચિમ કાંઠામાં મોટી સંખ્યામાં પેલેસ્ટિનિયનોને મારી નાખ્યા છે અને વિસ્થાપિત કર્યા છે. આ પ્રદેશમાં પેલેસ્ટિનિયનોની સલામતીની ખાતરી વિના યુદ્ધવિરામ ટકાવી રાખવો મુશ્કેલ છે. જ્યારે આ લાંબા અને નિરાશાજનક સંઘર્ષે લાખો લોકોને તેમના ઘરોમાંથી વિસ્થાપિત કર્યા છે, ઈતિહાસ દર્શાવે છે કે યુદ્ધવિરામ ઘણીવાર કામચલાઉ રહ્યા છે. આપણે આશા રાખવી જોઈએ કે આ વખતે કંઈક અલગ થશે.

## રાજ્યપાલના હસ્તે અમરેલીમાં 100 બેડની મલ્ટીસ્પેશિયાલિટી ધર્મજીવન હોસ્પિટલનો શુભારંભ

ગાંધીનગર સંવાદદાતા | વિજયવીર યાદવ



સ્વામિનારાયણ ગુરુકુળ સંસ્થાન, રાજકોટ દ્વારા અમરેલીના જેસીંગપરામાં નિર્મિત ૧૦૦ બેડની ધર્મજીવન મલ્ટીસ્પેશિયાલિટી હોસ્પિટલનો શુભારંભ રાજ્યપાલ આચાર્ય દેવવ્રતએ કરાવ્યો હતો. રાજ્યપાલ આચાર્ય દેવવ્રત, કેન્દ્રીય મંત્રી મનસુખભાઈ માંડવીયા, રાજ્ય શિક્ષણ મંત્રી પ્રફુલભાઈ પાનશેરીયા, રાજકોટ સાંસદ પરષોત્તમભાઈ રૂપાલા, નાયબ મુખ્ય દંડક અને ધારાસભ્ય કૌશિકભાઈ વેકરિયા, ધારાસભ્ય જનકભાઈ તળાવિયા સહિતના મહાનુભાવો અને સંતશ્રીઓએ નવનિર્મિત ધર્મજીવન હોસ્પિટલમાં આરોગ્યલક્ષી અદ્યતન સુવિધાઓનું નિરીક્ષણ કર્યું હતું. રાજ્યપાલ આચાર્ય દેવવ્રતએ જણાવ્યું હતું કે, માનવ જીવન માટે સૌથી જરુરી અને મહત્વપૂર્ણ ઉત્તમ શિક્ષણ, સ્વાસ્થ્ય અને સંસ્કાર છે. સમાજ અને રાષ્ટ્ર કલ્યાણ માટે જરુરી એવા પરિમાણો રાજકોટ સ્વામિનારાયણ ગુરુકુળ સંસ્થાનના માધ્યમથી નાગરિકોને પ્રાપ્ત થઈ રહ્યા છે. ભાવિ પેઢીના નિર્માણ માટે શિક્ષા, સ્વાસ્થ્ય અને સંસ્કારની શ્રેષ્ઠ પરંપરા ચાલતી રહે તે રાષ્ટ્ર ઉન્નતિ સાધે છે. સંસ્કાર એ જીવનની મોટી મૂડી હોવાનું જણાવી રાજ્યપાલએ કહ્યું કે, ગુજરાતની ભૂમિએ અનેક મહાપુરુષો આપ્યા છે, તેમાં સ્વામિનારાયણ સંપ્રદાયના સંતઓ સમાજ અને નાગરિકોના કલ્યાણ માટે પોતાનું મોટું યોગદાન આપી રહ્યા છે. રાજ્યપાલએ ઉમેર્યુ કે, અમરેલીના આસપાસના વિસ્તારમાં જેની જરુરિયાત હતી, તેવી અમદાવાદ, સુરત જેવા મોટા શહેરોમાં હોય તેવી અદ્યતન સુવિધાસભર હોસ્પિટલની આ સંતોએ અમરેલીને ભેટ આપી છે.

# પકડેલા લાખોના દારૂમાં આરોપી બૂટલેગર દિનેશ વસાવા બીજેપીના કારોબારી સભ્ય હોવાની ચર્ચા

### સ્ટેટ મોનીટરીંગ સેલ ની ટીમે અંગ્રેજી દારૂ ભરેલી કાર મળી રૂ.2.84 લાખના મુદામાલ નો ગુનો દાખલ કર્યો હોય જેમાં દિનેશ શાંતિલાલ વસાવા રહે. ચિત્રોલ વોન્ટેડ છે

ભરત શાહ | નર્મદા

પ્રાપ્ત વિગતો અનુસાર 17 જાન્યુઆરીની વહેલી સવારે રાજપીપળા માં ગાંધીનગર ની સ્ટેટ મોનીટરીંગ સેલ પોલીસે ટાટા ઈન્ડિગો કારમાં દારૂ ભરીને નીકળેલા એક ઈસમને હરસિધ્ધિ માતા મંદિર બેક રોડ ઉપર થી પકડ્યો હતો ત્યાર બાદ પકડાયેલ આ ટાટા ઈન્ડિગો કાર નંબર GJ 16 AA 2051 સહિત પકડાયેલા આરોપીને રાજપીપળા પોલીસ મથકે લઈ જવાયો હતો તેમાંથી આશરે રૂ.1,29,528/- નો મુદામાલ તેમજ ગાડી મળી કુલ 2.84 લાખનો મુદ્દામાલ ઝડપી પાડયો હતો

જોકે સ્ટેટ મોનીટરીંગ ટીમે પકડેલા પરેશ વસાવા સિવાય ના આ ગુના માં સંડોવાયેલા અન્ય ત્રણ પૈકી (2) હરેશ રણછોડભાઈ વસાવા, રહે. જુનાઘાટા ગામ, તા.નાંદોદ, જી. નર્મદા.(3) દિનેશભાઈ શાંતિલાલ વસાવા રહે. ચિત્રોલ ગામ, તા.નાંદોદ, જી.નર્મદા તેમજ(4) ગીતાબેન રાજેશભાઈ વસાવા, રહે. ટેકરા ફળિયું.રાજપીપળા નાઓ ને વોન્ટેડ જાહેર કરી કુલ ચાર વિરુદ્ધ ગુનો દાખલ



વર્તમાન બીજેપી પ્રમુખ ઘનશ્યામ પટેલ સાથે આરોપી દિનેશ વસાવા ની ફાઈલ તસવીર

કર્યો હતો. ત્યારે જાણવા મળ્યા મુજબ ત્રીજા નંબર ના આરોપી દિનેશ શાંતિલાલ વસાવા રહે.ચિત્રોલ નામનો વ્યક્તિ ભારતીય જનતા પાર્ટી ના નર્મદા જિલ્લા ના કારોબારી સભ્ય હોવાની વાત ફેલાતા આ મુદ્દે ભારે ઉહાપોહ થયો છે, કેમ કે હજુ નવા જિલ્લા પ્રમુખ ના નામની જાહેરાત થઈ નથી અને લાખો ના દારૂ માં પોલીસે વોન્ટેડ બતાવેલા આરોપી દિનેશ વસાવા ને વર્તમાન જિલ્લા પ્રમુખે કઈ રીતે કારોબારી સભ્ય બનાવ્યા, આવા બુટલેગર ને હોદ્દો આપવા પાછળ નું શું કારણ તેવી હાલ ભારે ચર્ચા એ જોર પકડ્યું છે.

### SMC ની ફરિયાદ માં દિનેશ વસાવા પાસેથી દારૂ લાવ્યા નો સ્પષ્ટ ઉલ્લેખ

આ લાખોના દારૂ ના કેસ માં સ્ટેટ મોનીટરીંગ સેલ ની ફરિયાદ માં સ્પષ્ટ ઉલ્લેખ છે કે પકડાયેલ પરેશ વસાવા અને તેનો મિત્ર હરેશ વસાવા એ મળી ચિત્રોલ ગામના નીચલા ફળીયા માં રહેતા દિનેશ શાંતિલાલ વસાવા પાસેથી દારૂ નો 1, 29, 528 રૂપિયા નો મુદ્દામાલ મેળવી રાજપીપળા ટેકરા ફળીયા માં રહેતા ગીતાબેન વસાવા એ મંગાવેલ હોય માટે ત્યાં જતા પહેલા પરેશ વસાવા પોલીસ પકડ માં આવી ગયો હતો. જોકે આ ચિત્રોલ ગામના કોતરો માંથી ભૂતકાળ માં પણ કરોડો રૂપિયાનો દારૂ પોલીસે ઝડપી પાડી રાજ્યની મોટી રેડ કરી હતી.

## NEWS BRIEF

### મુખ્યમંત્રી ભુપેન્દ્રભાઈ પટેલનું ચાણસ્મા ખાતે આગમન



નીતિન ઠાકર | ચાણસ્મા

ચાણસ્મા ખાતે ગોગા મહારાજ ના રજત જ્યંતી મહોત્સવ પ્રસંગે ઉપસ્થિત રાજ્ય ના મુખ્યમંત્રી ભુપેન્દ્રભાઈ પટેલ નું ગોગા પરિવાર દ્વારા સોના ની પાઘડી પહેરાવી ભવ્ય સ્વાગત કર્યું હતું જયારે સોના થી મઢાવી તૈયાર કરતા મુખ્યમંત્રી ભુપેન્દ્રભાઈ પટેલ ના વરદ હસ્તે ગોગાર્પણ કરાયું હતું આ પ્રસંગે કેબિનેટ મંત્રી બળવંત સિંઘ રાજપૂત ભાજપ ના પ્રદેશ અગ્રણી રજનીભાઈ પટેલ પદ્મ શ્રી માલજીકાકા સહીત પાટણ જિલ્લા ચાણસ્મા તાલુકા બી જે પી ના અગ્રણી ઓ મોટી સંખ્યા માં ચાણસ્મા નગર ના અગ્રણીઓ નગરજનો મોટી સંખ્યા માં ઉપસ્થિત રહ્યા હતાં. જયારે ગોગા મહારાજ ના ત્રી દિવસિય રજત જયંતી મહોત્સવ દરમિયાન લોકડાયરો અતિરૂદ્ર મહા યજ્ઞ આનંદ નો ગરબો સહીત ના ધાર્મિક સંસ્કૃતિક કાર્યક્રમોં નું ગોગા પરિવાર ના મહેન્દ્રભાઈ દેસાઈ ભુવાજી પરેશભાઈ ભુવાજી હિતેશ ભાઈ ભુવાજી દ્વારા સુંદર આયોજન કરાયું હતું.

### રાજપીપળા કલેક્ટર કચેરી રોડ પર પોલીસ અને આરટીઓ દ્વારા હેલ્મેટ ચેકીંગ હાથ ધરાયું



ભરત શાહ | નર્મદા

રાષ્ટ્રીય માર્ગ સલામતી માસ ૨૦૨૫ અંતર્ગત તા.૧ થી ૩૧ જાન્યુઆરી સુધી ચાલનાર 'માર્ગ સુરક્ષા અભિયાન - કાળજી' ના ભાગરૂપે નર્મદા જિલ્લાની શાળા-કોલેજો અને વિવિધ સ્થળોએ રોડ સેફટીના સરકાર દ્વારા વિવિધ જાગૃતિ કાર્યક્રમો યોજાઈ રહ્યા છે. નર્મદા જિલ્લાના વાહન ચાલકો રોડ સેફ્ટી નિયમો જાણે, સમજે અને જીવનમાં નિયમોનું પાલન કરી શકે તેવા આશયથી તા.૧૭ મી જાન્યુઆરી ના રોજ રાજપીપલા કલેકટર કચેરી રોડ પર પોલીસ અને આરટીઓ દ્વારા હેલ્મેટનું ચેકીંગ હાથ ધરવામાં આવ્યું હતું. જેમાં હેલ્મેટ અને સીટબેલ્ટ પહેરીને આવનારને પ્રોત્સાહનરૂપે ગુલાબનું ફૂલ આપીને સન્માનિત કરવામાં આવ્યા હતાં. અને માર્ગ સલામતીના પેમ્પલેટ આપી માહિતગાર કરવામાં આવ્યા હતાં.

### સાસણ ખાતે સિંહ સંરક્ષણ જાગૃતિ સેમિનાર યોજાયો



ભાવનગર | તા.19

વાઈલ્ડ લાઈફ ડિવિઝન સાસણના ઉપક્રમે આજે સિંહ સદન સાસણગીરના ઓડિટોરિયમમાં સિંહ સંરક્ષણ જાગૃતિ સેમીનારનું આયોજન કરવામાં આવ્યું હતું. કાર્યક્રમનું ઉદઘાટન વન્ય પ્રાણી વિભાગ સાસણના નાયબ વનસંરક્ષક શ્રી ડો. મોહન રામે કર્યું હતું. તેઓએ જણાવ્યું કે આજનો આ માર્ગદર્શન કાર્યક્રમ આવતા દિવસોમાં સિંહ સરક્ષણ અને સિંહ જાગૃતિ માટે મહત્વનો સાબિત થશે. હું આપ સૌની સાથે ભલે પ્રત્યક્ષ રીતે ન મળતા હો પરંતુ પરોક્ષ રીતે હંમેશા જોડાયેલો છો. સને 2025 માં યોજાનાર સિંહ ગણતરીનો આગામી કાર્યક્રમ યોજાશે તેમાં કેવી રીતે કામ કરવું તે આજે વિગતો અપાશે. આ કાર્યક્રમમાં રેન્જ ફોરેસ્ટ ઓફિસર શ્રી રાઠોડ,શ્રી ઉમરાણિયા તથા સિંહ દિવસના મહત્વનું સંકલન કરતા શ્રી કરસનભાઈ વાળા તથા પર્યાવરણ અને પ્રાણી તજજ્ઞ શ્રી રોહિત વ્યાસ અને ભાવનગર જિલ્લાના સિંહ દિવસના સંયોજક શ્રી તખુભાઈ સાંડસુર વગેરે જોડાયાં હતા. ભાવનગર જિલ્લાના સિંહ દિવસ સાથે જોડાયેલાં કાર્યકર્તાઓ, બીઆરસી શ્રીઓ, સીઆરસી શ્રીઓ તથા તાલુકા કોર્ડીનેટર શ્રી ઓ વગેરેની પણ વિશેષ હાજરી રહી હતી.

## રાજપીપળામા પાણી પુરીની લારીઓ ઉપર ઝેરી ચણાનો વપરાશ થઈ રહ્યો હોવાની બૂમ

ભરત શાહ | નર્મદા

તાજેતરમાં રાજપીપળા પબ્લિક ગાર્ડન મા દાબેલી માંથી જીવડું નીકળવાની ઘટના થી લારીઓ ઉપર ઉભા રહી ખાતા લોકો મા ફફડાટ વ્યાપી ગયો હતો, આ લારી ઉપર 6 મહિના માં બીજી વખત જીવાત નીકળવાની ઘટના બની હોવાનું જાણવા મળે છે.

અને હાલમાં ઉઠેલી બુમ મુજબ ફરી લોકો ના સ્વાસ્થ્ય સાથે કઈ હદે રમત થઈ રહી છે એની ચોંકાવનારી વિગતો અમારા ધ્યાન પર આવી છે. જેમાં થોડાક પૈસા માટે લોકો ને પાણી પુરી ના નામે ઝેર ખવડાવવાનું કૃત્ય સામે આવ્યું છે, પાણી પુરી ના માવા મા વાપરવામાં આવતા ચણા એ કોઈ સામાન્ય ખાવા લાયક ચણા નહિ પણ ખાતર ની દુકાને થી સરકાર દ્વારા ખેતરમાં વાવેતર માટે વેચવામાં આવતા બીજ નિગમ ના માર્ક સાથે ના ઝેરી ચણા નો વપરાશ થઈ રહ્યો હોવાનો ઘટસ્ફોટ થયો છે.જે ખરેખર ગંભીર બાબત છે.

રાજપીપળા નગર ના એક ખાતર ની દુકાને થી ખેતરમાં વાવેતર માટે ગુજરાત રાજ્ય બીજ નિગમ ના માર્ક



સાથે નું લખાણ 'ખોરાક, દાણ કે તેલ ના ઉપયોગ મા લેવું નહિં' તેમજ 'બીજ ને પટ આપવા અંદર ઝેરી દવા થાયરમ ની પડીકી છે' એવું સ્પષ્ટ લખાણ હોવા છતાં, એક પાણી પુરી ની લારી ચલાવતા લારી સંચાલક ને ખાતર ની દુકાન થી 25 kg ની બે કોથળીનું વેચાણ કરાયું હતું. ત્યારે લારી પાસે નીચે રાખેલ આ ચણા ની કોથળીઓ જોઈ એક જાગૃત યુવાને લારી ધારકને આ બાબતે પૂછતાં તેણે એ દુકાન નું નામ કહ્યું હતું અને પોતાને આ ઝેરી ચણા છે એની ખબર નથી, એમ કહી આ કોથળીઓ ખાતર ની દુકાન વાળા ને પરત કરી રૂપિયા પરત લઈ લીધાં હતાં. ત્યારે દુકાનદારે પૈસા પરત આપતા કહ્યું હતું કે બધી પાણી પુરી ની લારીઓ વાળા મારે ત્યાં થી જ આ ચણા લઈ જાય છે, તને શુ વાંધો પડ્યો??

જો આ ખાતર ની દુકાન વાળા નું કથન સાચું હોય તો સમજો પાણી પુરી ના ચટકા લેતા લોકો પોતાના પેટમાં ઝેર તો નથી ખાઈ રહ્યા ને..?! હવે જેને પોતાના અને પોતાના પરિવારજનો ના સ્વાસ્થ્ય ની ચિંતા હશે એ લોકો લારીઓ ઉપર નું ખોરાક ખાતા પેહલા વિચારશે કે આ ટેસ્ટી પાણી પુરી કે અન્ય કોઈ દૂષિત ખોરાક ખાઈ ને આપણે લાંબા ગાળે કોઈ બીમારીનો શિકાર તો નહીં બનીએ ને. હાલ માં યુવાનો મા હાર્ટ એટેક અને કેન્સર સહિત ની બીમારીઓ ભારે માઝા મૂકી છે, નાના બાળકો પણ વારંવાર અનેક બીમારીઓ મા સપડાઈ રહ્યા છે, ટેસ્ટ ના શોખીનો લારીઓ ઉપર ઉભા રહી પોતાના પેટ મા દૂષિત ખોરાક ખાઈ રહ્યા છે, અને એમને ખબર નથી પરિણામ શું આવશે??

## અમદાવાદના સારંગપુર-કાલુપુર ઓવરબ્રિજ ફોરલેન બનાવાશે

# રાજ્ય સરકાર રૂ. 220 કરોડ ફાળવશે

ગાંધીનગર સંવાદદાતા | વિજયવીર યાદવ

અમદાવાદના રેલવે સ્ટેશનના આધુનિકરણના ભાગરુપે સારંગપુર અને કાલુપુર ઓવરબ્રિજને પહોળો કરવામાં આવશે. આ બંને ઓવરબ્રિજને પહોળો કરવા માટે ખર્ચ થનાર રકમમાં 50 ટકા રકમ રાજ્ય સરકાર આપશે. આ માટે રાજ્ય સરકાર 220 કરોડ રૂપિયા રેલવેને ફાળવવાની મંજૂરી આપી છે. અમદાવાદ સ્ટેશન પર કાલુપુર રેલવે ઓવરબ્રિજનું નિર્માણ વર્ષ 1915 અને સારંગપુર રેલવે ઓવરબ્રિજનું વર્ષ 1940માં નિર્માણ થયું હતું. હાલમાં આ કાલુપુર રેલવે ઓવરબ્રિજ બંને તરફ ફુટપાથ સાથે થ્રી-લેન અને સારંગપુર રેલવે ઓવરબ્રિજ ટુ-લેન પહોળાઈ ધરાવે છે.

### રાધનપુર-ભિલોટ-સુઈગામને જોડતા માર્ગ પર ઓવરબ્રિજ બનશે

આ ઓવરબ્રિજ આયુષ્ય અને સલામતી તેમજ વધતા જતા ટ્રાફિકના ભારણને ધ્યાને રાખીને બંને ઓવરબ્રિજ તોડીને નવેસરથી ફોર-લેન કરવાનું રિકન્સ્ટ્રક્શન રેલવે લેન્ડ ડેવલપમેન્ટ ઓથોરિટી દ્વારા કરાશે. આ ઉપરાંત રાધનપુર શહેર તથા ભિલોટ માર્ગ પર હયાત રેલવે ક્રોસિંગ LC-100-2E પર નવો ઓવરબ્રિજ બનાવવા માટે રાજ્ય સરકારે 52.83 કરોડ રૂપિયા ફાળવ્યા છે. રાધનપુર-ભિલોટ-સુઈગામને જોડતા આ માર્ગ પર મંજૂર ઓવરબ્રિજ બનવાથી નાગરિકોને માલપરિવહન અને મુસાફરી સરળ બનશે.



### 440 કરોડના ખર્ચે કાલુપુર-સારંગપુર ઓવરબ્રિજ બનાવાશે

ગુજરાત સરકારે કાલુપુર રેલવે સ્ટેશન રિડેવલપમેન્ટ અંતર્ગત કાલુપુર અને સારંગપુર રેલવે ઓવરબ્રિજને ફોર-લેન સહિતના કામો માટે 220 કરોડ રૂપિયા ફાળવ્યા છે, જેમાં રાધનપુર-ભીલોટ માર્ગમાં ક્રોસિંગ પર બ્રિજ બનાવવા 53 કરોડ ફાળવ્યા તેમજ રેલવે લેન્ડ ડેવલોપમેન્ટ ઓથોરિટી દ્વારા કુલ 440 કરોડ રૂપિયાના ખર્ચે કાલુપુર અને સારંગપુર ઓવરબ્રિજ કન્સ્ટ્રક્શન કામગીરી હાથ ધરાશે. આના માટે રાજ્ય સરકારના 50 ટકા ફાળા તરીકે સ્વર્ણિમ જયંતિ મુખ્યમંત્રી શહેરી વિકાસ યોજનામાંથી આ 220 કરોડ રૂપિયા ફાળવાશે.

## સાગબારાની સરકારી વિનયન કોલેજે NAAC મૂલ્યાંકનમાં પ્રતિષ્ઠિત 'B' ગ્રેડ મેળવ્યો



ભરત શાહ | નર્મદા

ગુજરાત- મહારાષ્ટ્ર બોર્ડર પર છેવાડાના આદિવાસી વિસ્તારમાં આવેલી કોલેજ જ્યાં અનેક અભાવો વચ્ચે રાષ્ટ્રીય સ્તરે પ્રતિષ્ઠિત 'B' ગ્રેડ પ્રાપ્ત કરી સાગબારાની સરકારી વિનયન કોલેજે સમગ્ર નર્મદા જિલ્લામાં તેમજ સમગ્ર ગુજરાત રાજ્યમાં સિધ્ધી હાંસલ કરેલ છે.

કોલેજની આ સિધ્ધી શૈક્ષણિક શ્રેષ્ઠતા, ગુણવત્તા યુક્ત શિક્ષણ અને એકંદર વિકાસ પ્રત્યે સંસ્થાની પ્રતિબદ્ધતાને પ્રતિબિંબિત કરે છે. NAAC ની આ મૂલ્યાંકન મુલાકાતમાં આવનાર ટીમ મેમ્બર્સ પૈકી ચેરમેન તરીકે પ્રો. ડૉ.સી. દેવેનદીરન (મિઝોરમ યુનિવર્સિટી) કો-ઓર્ડીનેટર પ્રો. ડૉ. હરિનારાયણ એન.એસ (મૈસૂર યુનિવર્સિટી ) અને મેમ્બર તરીકે ડૉ. જોસેફ પી.પી.(st. joseph Institute of Excellence, Bhopal) ઉપસ્થિત રહ્યા હતા.

આ મહત્વપૂર્ણ સિદ્ધિમાં કોલેજના આચાર્ય ડૉ. ચેતન ચૌધરીનું માર્ગદર્શન, IQAC કો-ઓર્ડીનેટર ડૉ. અર્ચના ગામીત નું કાર્યક્ષમ આયોજન અને NAAC કો-ઓર્ડીનેટર જીજ્ઞાશા વસાવા ના સમર્પિત પ્રયાસોનું નોંધપાત્ર યોગદાન રહ્યું હતું.

ઉપરાંત કોલેજના સમગ્ર સ્ટાફે તેમની મહેનત અને સમર્પણ થી આ સફળતા શક્ય બનાવી હતી. કોલેજના વિદ્યાર્થીઓ તેમજ તેમના માતા-પિતા, ભૂતપૂર્વ વિધાર્થીઓ અને સમાજ તરફથી અમૂલ્ય સમર્થન મળ્યું હતું.

તેમના પ્રોત્સાહન અને યોગદાન થી જ સંસ્થાના વિકાસ અને સફળતામાં નોંધપાત્ર વધારો થતો જોવા મળે છે. માન્યતા પ્રાપ્ત શિક્ષણમાં ઉચ્ચ ધોરણો જાળવવા અને નવીનતા અને શિક્ષણના વાતાવરણ ને પ્રોત્સાહન આપવા માટે સરકારી વિનયન કોલેજ સાગબારા પ્રતિબદ્ધતા પર ભાર મૂકે છે.

# બનાસકાંઠા કલેક્ટરની અધ્યક્ષતામાં ફરિયાદ સમિતિની બેઠક

માહિતી બ્યુરો | પાલનપુર

બનાસકાંઠા જિલ્લા કલેક્ટરશ્રી મિહિર પટેલની અધ્યક્ષતામાં આજરોજ કલેક્ટર કચેરી,મિટિંગ હોલ, પાલનપુર ખાતે જિલ્લાની સંકલન અને ફરિયાદ નિવારણ સમિતિની બેઠક યોજાઇ હતી. જેમાં ધારાસભ્યશ્રીઓએ વિવિધ વિભાગોને પૂછેલા પ્રશ્નો સંદર્ભે અધિકારીઓ દ્વારા આપેલ જવાબો પરત્વે ચર્ચા કરવામાં આવી હતી. આ બેઠકમાં જિલ્લા કલેકટરશ્રી દ્વારા મળેલ વિવિધ રજૂઆત બાબતે સંબધિત અધિકારીશ્રીઓ પાસેથી રિવ્યૂ લઈ કામની પ્રગતિનો અહેવાલ ચકાસ્યો હતો. તેમજ જરૂરી સૂચના અને માર્ગદર્શન આપ્યું હતું. રોડ રસ્તા,સ્વચ્છતા, આરોગ્ય, વીજળી, શિક્ષણ, નેશનલ હાઈવે અને કેનાલ બાબતે આવેલ રજૂઆતો સંદર્ભે તમામ પ્રશ્નોના ઝડપી નિરાકરણ માટે જિલ્લા/ તાલુકા અને ગ્રામ્ય કક્ષાએ સંબધિત વિભાગ અને અધિકારીઓ સાથે સંકલન કરી ઝડપી પૂર્ણ કરવા જણાવ્યું હતું. આ સાથે તકેદારી, પેન્શન વગેરે બાબતોએ ત્વરિત કામગીરી કરવા સૂચન કરાયા હતા.



અધ્યક્ષસ્થાનેથી પ્રજાના પ્રશ્નોને તાકીદે ઉકેલવા તથા વિવિધ વિકાસ કામો સત્વરે પૂર્ણ કરવાની જિલ્લાના અમલીકરણ અધિકારીઓને સૂચન કરાયા હતા. બેઠકમાં પાલનપુર ધારાસભ્ય સભ્યશ્રી અનિકેતભાઇ ઠાકર, દીયોદર ધારાસભ્યશ્રી કેશાજી ચૌહાણ, કાંકરેજ ધારાસભ્યશ્રી અમૃતજી ઠાકોર દ્વારા લોકહિત અને જન કલ્યાણના પ્રશ્નો સંદર્ભે કરાયેલી કાર્યવાહી અંગે સમીક્ષા કરાઇ હતી. આ બેઠકમાં જિલ્લા વિકાસ અધિકારીશ્રી એમ.જે.દવે, જિલ્લા પોલીસ અધિક્ષકશ્રી અક્ષયરાજ મકવાણા, અધિક જિલ્લા કલેકટરશ્રી સી.પી.પટેલ સહિત જિલ્લાના અમલીકરણ અધિકારીશ્રીઓ ઉપસ્થિત રહ્યા હતા.

## મોટી સરસણ ગામના મુખ્ય રસ્તા પર ગંડકીનું સામ્રાજ્ય; સ્થાનિકોનો પંચાયત પ્રત્યે ભારે રોષ

જગદીશ ત્રિવેદી | લુણાવાડા

સંતરામપુર તાલુકાના મોટી સરસણ ગામનાં ગામ પંચાયત નાં વોડ નંબર 04 માં વણકર ફળિયા વિસ્તારમાં મુખ્ય ચોકડી ઉપર ગંદકી ની ભરમાર જોવા મળી રહી છે. અને સ્થાનિક રહીશો તેમજ આવતા જતા રાહદારીઓ મોટી સંખ્યામા આ વિસ્તાર માં ગંદકી ના કારણે ગંભીર બીમારી ના શિકાર બને તેવી સ્થિતિ સર્જાઈ છે. જેમાં ત્યારે સંતરામપુર તાલુકાના મોટી સરસણ ગામની પંચાયત તથા ઉચ્ચ કક્ષાએ સુધી નેરાજકીય નેતાઓ હોવા છતાં નેઅમુક નેતાઓ સંતરામપુર તાલુકાના મોટી સરસણ પંચાયત માં રહેતાં હોય ત્યારે મોટી સરસણ પંચાયત વિસ્તાર માં ગંદકી દુર કરવા આંખ આડા કાન કરી આ તમામ રાજકીય નેતાઓ આ મુખ્ય ચોકડી રસ્તા ઉપર અવર જવર



કરતા હોય તે છતાં કુંભકર્ણ નિંદ્રા માણતા જણાઈ આવે છે. ગામના જાગૃત નાગરિકો દ્વારા ગામની પંચાયત માં અવર નવર રજુઆત કરવા છતાં આ ગંદકી કાયમી માટે દુર કરવા કોઈ નક્કર આયોજન કરવામાં આવેલ નથી. જેથી આ 26 મી જાન્યુઆરી પહેલા આ ગંદકી પંચાયત દ્વારા દૂર થાય તેવી વોર્ડ નંબર 4 ના આજુબાજુના રહીશોની લોકમાંગ ઉઠવા પામી છે.

## રાજપીપળામાં હડકાયેલા શ્વાનોથી સ્થાનિકોમાં ફફડાટ

ભરત શાહ | નર્મદા

રાજપીપળા માં હાલ હડકાયેલા શ્વાન ફરતાં જોવા મળતા સ્થાનિક લોકો માં ફફડાટ ફેલાયો છે ત્યારે આ જોખમ કોણ દૂર કરશે એ બાબતે પણ અસમંજસ હોય લોકો દ્વિધા માં મુકાયા છે. મળતી માહિતી અનુસાર રાજપીપળા ના કેટલાક વિસ્તારો માં હડકાયેલા શ્વાન ફરી રહ્યા હોવાનું જાણવા મળ્યું છે, જેના કારણે લોકો ના જીવ તાળવે ચોંટયા છે અને સ્થાનિકો ના જણાવ્યા મુજબ ફરિયાદ કયા કરવી અને કોણ આ જોખમી શ્વાન ની તકલીફ દૂર કરશે એ સમજાતું નથી કેમ કે પાલિકા તંત્ર કાળા ઘોડા પાસે આવેલ પશુ વિભાગ માં જાણ કરવા જણાવે છે તો બીજી બાજુ પશુ ખાતા વાળા અમારી કામગીરીમાં શ્વાન ની ફક્ત સારવાર જ આવે , કોઈ અહીંયા લઈને આવે તો અમે સારવાર આપીએ, પરંતુ રખડતા શ્વાન હડકવાયા થાય તો અમારે એને પકડવાના નથી હોતા આમ હવે ભય થી ફફડતા લોકો દ્વિધા માં મુકાયા છે.

# શિયાળામાં જિદ્દી કફથી છો પરેશાન?

# આયુર્વેદના 5 ખજાનામાં છુપાયેલું છે રાહતનું રહસ્ય

**શિયાળાની ઋતુ ઘણા લોકો માટે મુશ્કેલીકારક સાબિત થઈ શકે છે, ખાસ કરીને જ્યારે તમારા ગળામાં ઉધરસનો હુમલો આવે છે. ઘણી વખત, તમામ પ્રયત્નો કરવા છતાં, ઉધરસ દૂર થતી નથી, જેના કારણે રોજિંદા કામ કરવું મુશ્કેલ બની જાય છે, અને આસપાસના લોકોને પણ ચેપ લાગવાનું જોખમ રહે છે. આવી સ્થિતિમાં, તમે કેટલીક આયુર્વેદિક વસ્તુઓનો ઉપયોગ કરીને જીદ્દી ઉધરસથી રાહત મેળવી શકો છો.**

## તુલસીનો છોડ



ઘરે વાસણમાં તુલસીનો છોડ ઉગાડવો સરળ છે, તે ખાંસી અને શરદીમાં ખૂબ મદદગાર સાબિત થઈ શકે છે. તેના પાંદડામાં એન્ટિ-માઈક્રોબાયલ ગુણો જોવા મળે છે જે શ્વસન ચેપ સામે લડવામાં મદદ કરે છે. ખાસ કરીને ગળામાંથી કફને સાફ કરવાનું સરળ બને છે. તમે તુલસીના પાન ચાવી શકો છો અથવા તેની હર્બલ ચા પી શકો છો.

## હળદર




હળદરમાં એન્ટિ-માઈક્રોબાયલ અને એન્ટિ-ઈન્ફ્લેમેટરી ગુણો જોવા મળે છે, જે ચેપને કારણે થતી હઠીલા ઉધરસને ઘટાડવામાં મદદ કરે છે. તે આપણી રોગપ્રતિકારક શક્તિ વધારવાનું પણ કામ કરે છે. તમે તુલસીના પાવડરને ગરમ દૂધમાં મિક્સ કરી શકો છો અને હળદરવાળી ચાનું સેવન પણ કરી શકો છો.

## હરીતકી



જો ગળામાં વધુ પડતો કફ હોય અને તેનાથી સમસ્યા થવા લાગે તો આવી સ્થિતિમાં તમે હરિતકીનો સહારો લઈ શકો છો. તે રોગપ્રતિકારક શક્તિ વધારવા માટે પણ જાણીતું છે. શિયાળામાં તેનું સેવન કરો

## આદુ




તમે આદુ દ્વારા ભોજનનો સ્વાદ વધારી શકો છો અને શિયાળાની ઋતુમાં પણ તેનો ઉપયોગ કરી શકો છો. તે ખાસ કરીને ઉધરસ અને ભીડથી રાહત આપવામાં અસરકારક સાબિત થાય છે. વારંવાર ઉધરસની સ્થિતિમાં કાચું આદુ ચાવો અથવા આદુની ચા પીવો.

## પીપળી



પીપળીને સામાન્ય રીતે લાંબી મરી કહેવામાં આવે છે, તે માત્ર રોગપ્રતિકારક શક્તિ વધારવામાં મદદ કરે છે પરંતુ હઠીલા ઉધરસને પણ નિયંત્રિત કરે છે. આના દ્વારા કફ અને ગળામાં ખરાશ દૂર કરવામાં કોઈ સમસ્યા નથી.

# 2-3 BHK નહીં પરંતુ સ્ટુડિયો એપાર્ટમેન્ટ યુવાનોની પહેલી પસંદ! શા માટે કરવું જોઈએ ઈન્વેસ્ટ



વર્ષોથી ભાડું ચૂકવવાને કારણે, આજના યુવાનો, ભાડાના ઘરમાં રહેવાને બદલે પોતાનું ઘર ખરીદવાનું પસંદ કરે છે. સ્ટુડિયો એપાર્ટમેન્ટ આજના યુવાનોની પહેલી પસંદગી બની ગયું છે. આજે આપણે વિગતવાર જાણીશું કે સ્ટુડિયો એપાર્ટમેન્ટ એટલે શું? ખરેખર, સ્ટુડિયો એપાર્ટમેન્ટમાં રસોડું અને બાથરૂમની સાથે મલ્ટીપર્પઝ રૂમ પણ હોય છે. આ એક પ્રકારનું 1 BHK એપાર્ટમેન્ટ છે. સ્ટુડિયો એપાર્ટમેન્ટ એટલે એક રૂમનું એપાર્ટમેન્ટ. આને સિંગલ-રૂમ હાઉસ અથવા સ્ટુડિયો ફ્લેટ તરીકે પણ ઓળખવામાં આવે છે. સ્ટુડિયો એપાર્ટમેન્ટ્સમાં સામાન્ય રીતે એક મોટો રૂમ હોય છે જે સંયુક્ત લિવિંગ, ડાઈનિંગ અને બેડરૂમ તરીકે ઉપયોગમાં લેવામાં આવે છે. સ્ટુડિયો એપાર્ટમેન્ટ એ એક એવું ઘર છે જેમાં એક જ છત નીચે બધું હોય છે. એટલે કે, તે એક મોટા હોલ જેવું હોય છે. જેમાં એક તરફ તમારો પલંગ મૂકવામાં આવશે, બીજી તરફ તમારો સોફા મૂકવામાં આવશે અને ત્યાં એક ખુલ્લું રસોડું પણ હશે. આ સાથે તમને બાલ્કની પણ મળે છે. એનો અર્થ એ કે આ ઘરમાં બધું જ સામે હોય છે. જો કોઈ મહેમાન તમાર ઘરે આવે તો તે તમારા ઘરનો દરેક ખૂણો જોઈ શકે છે. આ ઘરો દિલ્હી, મુંબઈ, નોઈડા, ગુડગાંવ અને બેંગલુરુ જેવા શહેરોમાં વધુ લોકપ્રિય છે.ભારતમાં થોડા વર્ષોથી સ્ટુડિયો એપાર્ટમેન્ટ શબ્દ લોકપ્રિય બન્યો છે. પહેલા આ શબ્દ ફક્ત અમેરિકા અને બ્રિટન જેવા દેશોમાં જ પ્રચલિત હતો. જોકે, હવે ભારતના મેટ્રો શહેરોમાં સ્ટુડિયો એપાર્ટમેન્ટ્સ વધુને વધુ લોકપ્રિય બની રહ્યા છે. આવા ઘરો મોટે ભાગે એવા લોકો દ્વારા ખરીદવામાં આવે છે જેઓ એકલા રહે છે.

### સ્ટુડિયો એપાર્ટમેન્ટના ફાયદા અને ગેરફાયદા

દરેક વસ્તુના કેટલાક ફાયદા અને કેટલાક ગેરફાયદા હોય છે. જો તમે સ્ટુડિયો એપાર્ટમેન્ટ ખરીદવા માંગતા હો, તો તે પહેલાં તમારે તેના ફાયદા અને ગેરફાયદા જાણી લેવા જોઈએ. તેના ફાયદાઓ વિશે વાત કરીએ તો, સ્ટુડિયો એપાર્ટમેન્ટ એકલા રહેતા વ્યક્તિ માટે શ્રેષ્ઠ છે. અહીં વીજળીનો વપરાશ ઓછો થાય છે, તે એકદમ ખુલ્લું લાગે છે. આનો અર્થ એ છે કે તેમાં રહેતી વખતે તમને ભીડ નહીં લાગે. આ સાથે, તેને જાળવવા માટે તમારે ન તો સખત મહેનત કરવી પડશે અને ન તો વધારે ખર્ચ કરવો પડશે. જો આપણે સ્ટુડિયો એપાર્ટમેન્ટના ગેરફાયદા વિશે વાત કરીએ, તો જો તમારો પરિવાર મોટો હોય તો તમારે માટે સ્ટુડિયો એપાર્ટમેન્ટ ફાયદાકારક નથી. તેમજ આવા ઘરોમાં પ્રાઈવસી જેવી કોઈ વસ્તુ હોતી નથી. એનો અર્થ એ કે જો તમારા ઘરે મહેમાનો આવે, તો તમારી પાસે તેમને સાચવવા માટે કોઈ જગ્યા નહીં હોય.

# પૌંઆ પુડલા બનાવો, સ્વાદ એવો ખાનારા ખાતા રહી જશે

પૌંઆ પુડલા બનાવવા માટે સૌ પ્રથમ તો તમારે કેટલીક સામગ્રીની જરૂર પડશે તે નોંધી લઈએ જેમ કે એક કપ પૌંઆ, અડધો કપ દહીં, અડધો કપ બારીક સમારેલી ડુંગળી, બે લીલા મરચાં બારીક સમારેલા, થોડું છીણેલું આદુ, ધાણા પાવડર, એક ચમચી હળદર પાવડર, ધાણા પાવડર, લાલ મરચું પાવડર, સ્વાદ અનુસાર મીઠું, બારીક સમારેલી લીલી કોથમીર અને થોડું તેલ. આ બધી સામગ્રીનો ઉપયોગ કરીને તમે સરળતાથી પૌંઆ પુડલા બનાવી શકો છો.

પૌંઆ પુડલા બનાવવા માટે, પૌંઆને એક વાસણમાં સારી રીતે ધોઈ લો અને પછી 15 થી 20 મિનિટ માટે પલાળી લો. હવે એક મોટા બાઉલમાં પલાળેલા પૌંઆ લો, તેમાં ડુંગળી, લીલા મરચાં,દહીં, આદુ, હળદર પાવડર, ધાણા પાવડર, લાલ મરચું પાવડર અને મીઠું ઉમેરો અને સારી રીતે બધી જ સામગ્રીને મિક્સ કરી દો.હવે એક નોન-સ્ટીક પેન મધ્યમ આંચ પર ગરમ કરવા માટે મૂકો, પછી તેના પર થોડું તેલ લગાવો અને ચમચી વડે પૌંઆનું ખીરું તવા પર ફેલાવી દો જ્યારે આ પુડલા બંને બાજુથી સોનેરી થઈ જાય ત્યાં સુધી સારી રીતે રાંધાઈ જાય, ત્યારે તમે તેને તમારા ટિફિન બોક્સમાં ગરમાગરમ લીલી ચટણી અથવા ટામેટાની ચટણી સાથે પેક કરી શકો છોઆ પુડલાને વધુ સ્વાદિષ્ટ બનાવવા માટે, તમે તેમાં તમારી પસંદગીના શાકભાજી પણ ઉમેરી શકો છો. બેટર વધારે જાડું ન હોવું જોઈએ. થોડું ભીનું સારું રહેશે. જો તમે પુડલા વધારે તેલમાં ખાવા માંગતા નથી, તો તમે તેને ઓછા તેલમાં બનાવીને ખાઈ શકો છો .

# શિયાળામાં બાજરીના રોટલા સાથે ગોળ ખાવાના ફાયદા



શિયાળાની ઋતુમાં બાજરીના રોટલા અને ગોળ ખાવા સ્વાસ્થ્ય માટે ખૂબ જ ફાયદાકારક છે. બાજરીમાં ભરપૂર માત્રામાં પોષક તત્વો હોય છે, જેમાં પુષ્કળ પ્રમાણમાં ફાઈબર, પ્રોટીન અને આયર્ન હોય છે. ગોળ ગરમ સ્વભાવ ધરાવે છે અને તે શરીરને ઉર્જા પ્રદાન કરે છે. શિયાળામાં તેનું સેવન કરવાથી શરીર ગરમ રહે છે, જે શરદી સામે રક્ષણ આપે છે અને બાહ્ય ચેપનું જોખમ ઘટાડે છે.

નિષ્ણાતોના મતે, બાજરી અને ગોળ બંને શિયાળાના સુપરફૂડ છે. આ ખાવાથી આપણી રોગપ્રતિકારક શક્તિ વધે છે અને આપણે શરદી, ખાંસી અને ફ્લૂથી બચી શકીએ છીએ. બાજરીના રોટલા અને ગોળ ચોક્કસપણે 3 વર્ષથી વધુ ઉંમરના બાળકોને ખવડાવવું જોઈએ.

બાજરીના રોટલા અને ગોળનું મિશ્રણ પાચનમાં મદદ કરે છે, હાડકાં મજબૂત બનાવે છે અને રોગપ્રતિકારક શક્તિ વધારે છે. શિયાળામાં તમારા આહારમાં આનો સમાવેશ કરો અને સ્વસ્થ રહો.

શિયાળામાં શરીરને વધારાની ઉર્જા અને ગરમીની જરૂર હોય છે, જે બાજરીના રોટલા અને ગોળનું સેવન કરીને પૂર્ણ કરી શકાય છે. બાજરી એક કુદરતી ગરમી ઉત્પન્ન કરતો ખોરાક છે,જે શરીરને અંદરથી ગરમ રાખે છે. તે શરદી અને ખાંસી જેવી મોસમી સમસ્યાઓને રોકવામાં મદદ કરે છે અને રોગપ્રતિકારક શક્તિને પણ મજબૂત બનાવે છે

બાજરીમાં ઓમેગા-૩ ફેટી એસિડ અને અન્ય જરૂરી પોષક તત્વો ભરપૂર માત્રામાં હોય છે જે હૃદયના સ્વાસ્થ્યને જાળવવામાં મદદ કરે છે. તે ઉચ્ચ કોલેસ્ટ્રોલને નિયંત્રિત કરે છે અને હૃદય રોગનું જોખમ ઘટાડે છે. શિયાળામાં હૃદય સંબંધિત સમસ્યાઓ વધી શકે છે, પરંતુ બાજરીના રોટલા આ સમસ્યાઓથી બચાવે છે.બાજરીના રોટલા સાથે ગોળ ખાવાથી આયર્નની ઉણપ થતી નથી, જેનાથી નબળાઈની સમસ્યા દૂર રહે છે. અને બાજરીના રોટલા સાથે ગોળ ખાવાથી શિયાળામાં થતા સાંધાના દુખાવાથી પણ રાહત આપે છે.બાજરીના રોટલા અને ગોળનું સેવન કરવાથી સ્નાયુઓ અને હાડકાના દુખાવામાં રાહત મળે છે. તે હાડકાંને મજબૂત બનાવવામાં મદદ કરે છે.શિયાળામાં બાજરીના રોટલા ગોળ સાથે ખાવાથી શરીરની રોગપ્રતિકારક શક્તિ મજબૂત બને છે. આયર્ન, વિટામિન અને ખનિજોની હાજરી રોગપ્રતિકારક શક્તિ વધારવામાં મદદ કરે છે.બાજરી અને ગોળમાં રહેલા પોષક તત્વો હૃદય માટે ફાયદાકારક છે. તે બ્લડ પ્રેશર અને કોલેસ્ટ્રોલના સ્તરને નિયંત્રિત કરવામાં મદદ કરે છે.

બાજરી અને ગોળ બંને કાર્બોહાઈડ્રેટ્સથી ભરપૂર હોય છે. બાજરીના રોટલા ગોળ સાથે ખાવાથી શરીરને લાંબા સમય સુધી ઉર્જા પ્રદાન કરે છે. બાજરીમાં હાજર ફાઈબર અને ગોળના ડિટોક્સિફાઈંગ ગુણધર્મો પેટ માટે ફાયદાકારક છે. બાજરીના રોટલા અને ગોળ ખાવાથી પેટ સાફ રહે છે અને કબજિયાતમાં રાહત મળે છે.બાજરીમાં હાજર ફાઈબર અને ગોળના ડિટોક્સિફાઈંગ ગુણધર્મો પેટ માટે ફાયદાકારક છે. બાજરીના રોટલા અને ગોળ ખાવાથી પેટ સાફ રહે છે અને કબજિયાતમાં રાહત મળે છે.

# હળદર-ચંદનનો ફેસ પેક ચેહરાને બનાવશે બેદાગ, સ્કિન દેખાશે ગ્લોઈંગ અને ફ્રેશ



હળદર અને ચંદન સ્કિન માટે કેટલા ફાયદાકારક છે. પરંતુ શું તમે જાણો છો કે, બેદાગ ચહેરો મેળવવા માટે તમારે શું કરવું પડશે?આજના વ્યસ્ત જીવનમાં આપણે ઘણીવાર આપણા સ્વાસ્થ્ય પર ધ્યાન આપી શકતા નથી. સમયના અભાવે ત્વચા ડ્રાય અને નિર્જીવ થવા લાગે છે. ડાર્ક સર્કલની સમસ્યાથી દરેક વ્યક્તિ પરેશાન છે. ઋતુ કોઈ પણ હોય પરંતુ ફાયદાકારક ગુણોથી ભરપૂર હળદર અને ચંદનનો રેગ્યુલર ઉપયોગ ચહેરા પર ચમક લાવી શકે છે. હળદર ચંદનના ફાયદા અને નુકસાન શું છે તે વિશે IANS એ ત્વચારોગ નિષ્ણાત ડૉ. દિવ્યા સહાય સાથે વાત કરી.ડર્મેટોલોજિસ્ટે જણાવ્યું કે, "જો તમે પણ તમારા ચહેરાની ચમક જાળવી રાખવા માંગતા હોવ તો આજથી જ મોંઘા બ્યુટી પ્રોડક્ટ્સને બદલે આયુર્વેદિક વસ્તુઓ અપનાવવાનું શરૂ કરો. જો તમે તમારી ત્વચાને ફ્રેશ અને ગ્લોઈંગ બનાવવા માંગો છો તો આજથી જ મોંઘા બ્યુટી પ્રોડક્ટ્સને બદલે હળદર અને ચંદનનો ઉપયોગ કરો."આયુર્વેદ પણ હળદરને સૌથી મહત્વપૂર્ણ ઔષધિ તરીકે સ્થાન આપે છે. તેથી આયુર્વેદ અનુસાર ચંદન અથવા સફેદ ચંદન શ્રીગંધા તરીકે પણ ઓળખાય છે. બન્નેમાં એન્ટીઓક્સીડેન્ટ ગુણો હોય છે. ડર્મેટોલોજિસ્ટ અનુસાર આ બન્ને વસ્તુઓ સ્કિનને ગ્લોઈંગ બનાવવાની સાથે ઘણી સમસ્યાઓને દૂર કરવામાં પણ મદદ કરે છે. પ્રશ્ન એ ઊભો થાય છે કે, તેનો ઉપયોગ કેવી રીતે કરવો અને કેટલી માત્રામાં? "તમે તમારા ચહેરા પર હળદર અને ચંદનનો ફેસ પેક ઉપયોગ કરી શકો છો. આ ફ્રીકલ્સને ઘટાડવાની સાથે તે ચહેરા પરના ડાઘ અને ફોલ્લીઓ દૂર કરવાનું પણ કામ કરે છે. ચંદન તમારા રંગને સુધારવામાં મદદ કરે છે. આનાથી પિમ્પલ સંબંધિત સમસ્યાઓ પણ દૂર થાય છે.

# કેમ, ભગવાન શિવ ભોળાનાથ કહેવાય છે?

## આ દુનિયા અસહ્ય દુઃખ દર્દ ની સમસ્યા થી ઘેરાયેલ છે.૫૦% સુખનની સામે ૫૦% દુઃખ પણ રહેલું છે.



**શિવ એટલે કલ્યાણ**

- રુપાલી દવે



ચંદ્ર શેખર ચંદ્ર શેખર ચંદ્ર શેખર રક્ષ મામ,

ભગવાન શિવ ભોળાનાથ કહેવાયા છે,કેમ? આ દુનિયા અસહ્ય દુઃખ દર્દ ની સમસ્યા થી ઘેરાયેલ છે.૫૦% સુખનની સામે ૫૦% દુઃખ પણ રહેલું છે.ત્રાજવા માં બન્ને નું વજન વતા ઓછા નહિ એક સમાન છે. જો ધર્મ કરો પરંતુ ધર્મ કરવામાં નાનકડી પણ ભૂલ થઈ તો ૧૦૦% ધર્મ સામે ૧૦૦% પુણ્ય ને બદલે પાપ જમાં થાય છે.કળયુગ માં પાપના પ્રકાર વધતા પાપી ઓની સંખ્યા માં વધારો થયો છે. અધમ પાપો માંથી તુરંત છુટકારો મેળવવા મોટાભાગના લોકો ભગવાન શિવજી નું શરણ લેતા હોય છે.તો પ્રશ્ન થાય કે ભગવાન સદાશિવ તદન વૈરાગી અને ભગવાન વિષ્ણુ એ લક્ષ્મીપતિ હોવા છતાંય લોકો વિષ્ણુ ભગવાન ના બદલે ભગવાન ભોળાનાથ નું શરણ કેમ લેતા હોય છે? ભગવાન ભોળાનાથ ના શિવલિંગ પર ભક્ત માત્ર પાણી ચડાવાથી પણ એ ભક્ત પર પ્રસન્ન થઈ જાય છે. શિવ પુરાણ અનુસાર રાજા ના કુંવર નું આયુષ્ય અત્યંત ટૂંકું હતું એટલે એ પુત્ર નું અમુક દિવસો માં મૃત્યુ થશે એ વાત થી દુઃખી હતાં. રાજા એ એના કુળગુરુ પાસે સમસ્યા માંથી છુટકારો મેળવવા નો હલ પૂછ્યો ત્યારે કુળ ગુરુ એ રાજકુમાર ને શિવ દુતો ના મૃત્યુ પાસ થી મુક્ત કરાવવા માટે રાજા ને સલાહ આપતા કહ્યું કે રાજન,આગામી પાંચ દિવસ બાદ રાજ કુમાર નું મૃત્યુ થશે એટલે રાજ કુમાર ના સંપૂર્ણ શરીર પર ભસ્મ લગાડી ને નગર મા સ્થિત શિવ મંદિર માં શિવલિંગ સમીપ રાખવા પડશે.બધા વિદ્વાન પંડિતો એ ગર્ભ ગૃહ ની બહાર સતત રુદ્રા અધ્યાય ના પાઠ નું સતત ગાયન કરવું.

રાજા એ કુળ ગુરુઓના સૂચન અનુસાર રાજ કુમાર ને મૃત્યુ ના પાંચ દિવસ પહેલા શિવ મંદિર ના ગર્ભ ગૃહ ની અંદર શિવલિંગ નજીક બેસાડ્યો. પ્રથમ બે દિવસ બાદ રાજકુમાર ની તબિયત ધીમે ધીમે કથલવા લાગી ત્રીજો અને ચોથો દિવસ માંડ માંડ પસાર થયો. પરંતુ સતત રુદ્રા અધ્યાય ના પાઠ સાંભળી ને અને શિવ લિંગની સમીપતા ને લીધે પાંચમા દિવસે શિવ દૂતો રાજ કુમાર ના પ્રાણ લેવા આવ્યા ત્યારે રાજ કુમાર એ ભગવાન ભોળાનાથ ના શિવલિંગ ને આલિંગન આપતા જ એના મુખ માંથી સ્તુતિ ગવાઈ :

ચંદ્રશેખર ચંદ્રશેખર ચંદ્રશેખર પાહિમામ્ ।
ચંદ્રશેખર ચંદ્રશેખર ચંદ્રશેખર રક્ષમામ્ ॥ (2)
શેલજા વર મધુર મૂર્તિ ચંદ્રશેખર રક્ષ મામ

રાજ કુમારની સ્તુતિ સાંભળીને ભગવાન ભોળાનાથ પ્રગટ થયા અને શિવ દૂતો થી રાજકુમાર નું રક્ષણ કર્યું હતું.ભગવાન શિવજી એ રાજકુમાર ને સો વર્ષ ના આયુષ્ય નું વરદાન આપ્યું હતું.

પૂર્વે ઈતિહાસ માં કાશી નરેશ એ ખુદ ને વાસુદેવ સાબિત કરવા ભગવાન શ્રી કૃષ્ણ ની જેમ નકલી શંખ ,ચક્ર, ગદા અને છાતી પર શ્રી વત્સ નું ચિન્હ ધારણ કર્યું હતું. એમણે દ્વારિકા દૂત મોકલીને ભગવાન શ્રી કૃષ્ણ ને યુદ્ધ કરવા માટે આમંત્રિત કર્યા હતા.જ્યારે ભગવાન શ્રી કૃષ્ણ એ કાશી નરેશ ના પહેરવેશ નિહાળ્યા ત્યારે એ ખખડાટ હસતા હસતા જ કાશી નરેશ નું મસ્તક ચક્ર થી ઉડાડી દીધું હતું.

કાશી નરેશ નું મસ્તક ઉડી ને એના રાજ મહેલ ના મુખ્ય દ્વાર પર પડતાં એનો પુત્ર ભગવાન શ્રી કૃષ્ણ પર ખૂબ ગુસ્સે થયો અને યુદ્ધ ભૂમિમાં યુદ્ધ કરવાની ઉતાવળ કરવા લાગ્યો.રાજ મહર્ષિ એ કાશી નરેશ ના પુત્ર ને સમજાવ્યું કે યુદ્ધ કરતા પહેલા તપ જરૂરી છે તુ જેને મારવા જઈ રહ્યો છે એ યુદ્ધ ની સોળ કળા માં પારંગત છે. નારદમુનિ આગળ થી તપ માટે મંત્ર "ઓમ નમઃ શિવાય" લઈને એણે મહાદેવજી ના નામ નો મંત્ર જાપ કરતા ઉગ્ર તપ કર્યું. ભગવાન શિવ કાશી નરેશ ના પુત્ર ની ઉગ્ર તપશ્ચર્યા થી પ્રસન્ન થઈ વરદાન માંગવા નું સૂચવ્યું. કાશી નરેશ ના પુત્ર એ ભગવાન શિવજી પાસેથી એવી ઘોર તૃતીયા વરદાન માં માંગી કે જ્યાંથી પણ નીકળે એ બધું સર્વનાશ થઈ જાય. ભગવાન ભોળાનાથ એ કાશી યુવરાજ ને તથાસ્તુ કહેતા કહ્યું કે આ તૃતીયા નો પ્રયોગ બ્રાહ્મણ ભક્ત પર થશે નહિ,જો ભૂલથી બ્રાહ્મણ ભક્ત પર તૃતીયા છોડશો તો એ પરત ફરીને તમારા સહિત સર્વનું સર્વનાશ કરશે.

કાશી યુવરાજ ને એના રાજ પંડિતો એ યજ્ઞ દીક્ષા થી દીક્ષિત કર્યા બાદ એની આસપાસ રક્ષણ માટે મંત્ર થી કવચ બનાવ્યું. સંપૂર્ણ વિધિ વિધાન અને મંત્રજાપ થી ઘીર તૃતીયાને અગ્નિ માંથી પ્રગટ કરવા યજ્ઞ પૂજા અર્ચન કર્યા. વિદ્વાન રાજ પંડિતો ની અથાગ મહેનત બાદ યજ્ઞ માંથી ઘોર તૃતીયા નું વિકરાળ સ્વરૂપ પ્રગટ થતા પૂછ્યું કે રાજન,આદેશ આપો? પંડિતો એ દ્વારિકા પ્રસ્થાન કરવાનો આદેશ આપી ને કાશી યુવરાજ ને સંકલ્પ કરાવ્યો. ઘોર વિકરાળ તૃતીયા લાખો અગ્નિ ને સાથે લઈને દ્વારિકા પ્રસ્થાન કર્યું. પરંતુ ઘોર વિકરાળ તૃતીયા ને દ્વારિકા ની સરહદે થી જ ભગવાન શ્રી કૃષ્ણ ના દર્શન થતાંજ એ જે પગલે આવી હતી એજ પગલે પરત ફરીને એણે હવન કુંડ સહિત કાશી યુવરાજ અને રાજ પંડિતો ને ભસ્મ કરી દીધા હતા.

કાશી એ ભગવાન શિવ ની નગરી માનવામાં આવે છે પુરાણ અનુસાર બ્રહ્માજી ની સભામાં પ્રવેશ્યા બાદ પણ ભગવાન ભોળાનાથ એ બ્રહ્માજી ને નમસ્કાર ના કરતા બ્રહ્માજી ગુસ્સે થયા ને ભગવાન શિવજી ને અપમાનિત કર્યા.આ કારણોસર ભગવાન શિવજી એ ત્રિશૂળ થી બ્રહ્માજી નું મસ્તક કાપી નાખ્યું જે કપાઈ ને શિવજી ના જમણા અંગૂઠા માં ચીપકી ગયું.ભગવાન શિવજી ને બ્રહ્મ હત્યા નું પાપ લગતા એ કાશી ક્ષેત્રે આવ્યા.માન્યતા અનુસાર ગંગાજી માં સ્નાન કર્યા બાદ માં ભગવતી ના દર્શન બાદ ભગવાન શિવજી ના અંગુઠા પરનું બ્રહ્માજી નું મસ્તક અદશ્ય થઈ જતાં બ્રહ્મ હત્યા નું પાપ નિર્મૂળ થઈ ગયું.ગંગાજી ની પ્રાર્થના સ્વીકારી ને ભગવાન ભોળાનાથ એ કાશી વિશ્વનાથ ના જ્યોતિર્લિંગ માં પોતાનું સ્વરૂપ મૂકીને કાશી ના રાજા સ્વરૂપે ત્યાં બિરાજ્યા.

સુરત નું જમણ અને કાશી નું મરણ કહેવત આમજ નથી બની કહેવાય છે કે કાશી માં મૃત્યુ પામનારા ને મોક્ષ ની પ્રાપ્તિ થાય છે એ જન્મ મરણ ના ચક્કર માંથી મુક્તિ મેળવી લેતા હોય છે. આ હકીકત સત્ય એટલે છે કે કાશી માં મૃત્યુ પામનારા ગમે તેટલો પાપી અધમ કેમ ના હોય છતાંય એના કાન માં સ્વયંમ ભગવાન ભોળાનાથ તારક મંત્ર બોલતા હોય છે. વિચારો મનુષ્ય ને ભગવાન શિવજી ના મૃત્યુ પમતા પહેલા દર્શન થાય અને અવાજ સંભળાય એટલે મોક્ષ તો મળે જ ને.ભગવાન ભોળાનાથ ના બારેય જ્યોતિર્લિંગ ના દર્શન કરવાથી મનુષ્ય ની પાપ ની ગઠડી નું વજન ઘટતું જાય છે.કેમ? ભગવાન ભોળા નાથ ભકતોની સેવાપૂજાથી તુરંત પ્રસન્ન થઈ જાતા હોય તો વિચારો બારે બાર જ્યોતિર્લિંગ ના દર્શન થી ભોળાનાથ ની કેટલી બધી કૃપા થતી હશે. વર્તમાન માં થતાં મોટાભાગ ના યજ્ઞ યાગ કે કથા વાર્તા માં સત્ય ઓછું ને દંભ વધારે હોય છે.દંભ થી થયેલ ધાર્મિક કાર્ય,કથા વાર્તા કે પૂજન યજ્ઞ ફળતા નથી.

આનો અર્થ એ છે કે કળયુગ માં સાચા હદય થી ભગવાન સદાશિવ નું નામ સ્મરણ વધારે મહત્વનું છે. કેમ? કળયુગ, સતયુગ,ત્રેતા કે દ્વાપર યુગ કોઈપણ યુગ હોય ધર્મ તો શાસ્ત્ર મા દર્શાવેલ નીતિ નિયમ અનુસાર જ થાય છે.યજ્ઞ માં કે પાઠ પૂજા માં બોલવામાં આવતા સંસ્કૃત ના શ્લોક માં આવતી નાનકડી ત્રુટિ પણ વિનાશ સર્જે છે.આ કારણોસર મારું તો માનવું છે કે સુમિરન કર ભૈયા રાતદિન"ૐ નમઃ શિવાય.ૐ નમઃ શિવાય..ૐ નમઃ શિવાય.."

# સૈફ પર હુમલાના કેસમાં આરોપીનાં 5 દિવસનાં રિમાન્ડ મંજૂર...

## બાંગ્લાદેશી કે ભારતીય, કોર્ટમાં જોરદાર દલીલો થઈ, પોલીસનો દાવો- ચોરીના ઈરાદે ઘરમાં ઘૂસ્યો હતો હુમલાખોર...



મુંબઈ | બોલિવૂડ એક્ટર સૈફ અલી ખાન પર હુમલો કરનાર આરોપી ઝડપાઈ ગયો છે. મુંબઈ પોલીસે હુમલાખોરને શનિવારે મોડીરાત્રે થાણેથી પકડી લીધો હતો. 30 વર્ષીય આરોપીનું નામ મોહમ્મદ શરીફુલ ઈસ્લામ શહજાદ હોવાનું સામે આવ્યું છે.

રવિવારે બપોરે મુંબઈ પોલીસે સૈફ અલી ખાન પર હુમલો કરવાના આરોપીને મેજિસ્ટ્રેટ કોર્ટમાં રજૂ કર્યો હતો. મેજિસ્ટ્રેટે આરોપીને તેનું નામ પૂછ્યું અને પૂછ્યું કે શું તેને કોઈ ફરિયાદ છે. જ્યારે પોલીસે આરોપીના માથા પરથી કવર હટાવ્યું ત્યારે તેણે મેજિસ્ટ્રેટને પોતાનું નામ મોહમ્મદ શરીફુલ ઈસ્લામ શહજાદ જણાવ્યું. ફરિયાદ પક્ષે મેજિસ્ટ્રેટ પાસેથી આરોપી માટે 14 દિવસની પોલીસ કસ્ટડી માગી હતી, જેનો બચાવપક્ષે વિરોધ કર્યો હતો. બંને પક્ષોની દલીલો સાંભળ્યા બાદ મેજિસ્ટ્રેટે આરોપીને 5 દિવસની પોલીસ કસ્ટડીમાં મોકલી આપ્યો. આરોપીની કસ્ટડી અંગે મેજિસ્ટ્રેટ કોર્ટમાં ફરિયાદપક્ષ અને બચાવપક્ષ વચ્ચે ઉગ્ર દલીલો થઈ...

જ્યારે મેજિસ્ટ્રેટે પૂછ્યું કે શું આરોપીનું પ્રતિનિધિત્વ કરવા માટે કોઈ વકીલ છે, ત્યારે એક વકીલ આગળ આવ્યા અને પોલીસ પર આરોપ લગાવ્યો કે તેઓ તેમને આરોપી સાથે વાત કરવા દેતા નથી. બીજા એક વકીલે આગળ આવીને મેજિસ્ટ્રેટને કહ્યું કે તે લીગલ એઈડમાંથી છે અને આરોપીનું પ્રતિનિધિત્વ કરશે. મેજિસ્ટ્રેટે કહ્યું કે તમે બંને આરોપીનું પ્રતિનિધિત્વ કરી શકો છો, જેના પર બંને વકીલો સંમત થયા.

**પોલીસ આરોપીની 14 દિવસની કસ્ટડી માગી હતી:** મુંબઈ પોલીસના તપાસ અધિકારીએ મેજિસ્ટ્રેટને જણાવ્યું - આરોપી સૈફ અલી ખાનના ઘરમાં ગેરકાયદે રીતે ઘૂસી ગયો હતો અને એક્ટર અને અન્ય બે લોકો પર છરી વડે હુમલો કર્યો. આ હુમલામાં સૈફને છરીના 6 ઘા મારવામાં આવ્યા હતા અને તેને ગંભીર ઈજાઓ થઈ હતી. પોલીસે એ શોધવું પડશે કે તે એક્ટરના ઘરમાં કેવી રીતે અને કયા કારણસર પ્રવેશ્યો. શું આ ઘટનામાં બીજું કોઈ સંડોવાયું છે?
તપાસ અધિકારીએ મેજિસ્ટ્રેટ સમક્ષ દલીલ કરી હતી કે તે બાંગ્લાદેશી છે અને એ શોધવાનું જરૂરી છે કે તે માન્ય દસ્તાવેજો વિના ભારત કેવી રીતે આવ્યો. હુમલામાં છરીના ત્રણ ટુકડા થઈ ગયા; એક સૈફ અલી ખાનના શરીરમાંથી મળ્યો હતો, એક ગુનાના સ્થળેથી, ત્રીજો ટુકડો આરોપી પાસે છે અને આપણે એને પુરાવા તરીકે મેળવવાનો છે. તેથી પોલીસ આરોપીની 14 દિવસની કસ્ટડી માગે છે.

### મેજિસ્ટ્રેટે કહ્યું- ધરપકડ ગેરકાયદે નથી

બંને પક્ષોની દલીલો સાંભળ્યા બાદ મેજિસ્ટ્રેટે કહ્યું- 'આરોપીની ધરપકડ માટે પોલીસે આપેલા આધારોથી હું સંતુષ્ટ છું. આરોપી બાંગ્લાદેશનો નાગરિક છે, તેથી આ કેસમાં આંતરરાષ્ટ્રીય કાવતરું હોવાની શંકાને નકારી શકાય નહીં. તેથી તપાસ અધિકારીને પૂરતો સમય આપવો પડશે. હું આરોપીની 5 દિવસની કસ્ટડી પોલીસને આપી રહ્યો છું. ફરિયાદપક્ષની દલીલો સાંભળ્યા પછી અને રેકોર્ડ પર મુકાયેલી સામગ્રીનો અભ્યાસ કર્યા પછી, મને જાણવા મળ્યું છે કે આરોપી સામે બિનજામીનપાત્ર ગુનાઓ માટે મજબૂત રીતે સ્થાપિત આરોપો છે. તપાસ તેના પ્રારંભિક તબક્કામાં છે, વધુમાં આરોપીની આજે જ ધરપકડ કરવામાં આવી છે, તેથી તપાસ માટે પૂરતા સમયગાળા માટે રિમાન્ડ માગવા માટે પોલીસનો આધાર વાજબી છે.

આરોપીની ધરપકડ ગેરકાયદે હોવાનો બચાવપક્ષના વકીલનો દાવો કોઈ નક્કર કારણ વગરનો હોય તેવું લાગે છે. બીએનએસ (હત્યાનો પ્રયાસ)ની કલમ 109 માં 7 વર્ષથી વધુની સજાની જોગવાઈ છે અને તેથી પોલીસ આરોપીને ધરપકડની નોટિસ આપવા માટે બંધાયેલી નથી, તેથી ગેરકાયદે ધરપકડ અહીં કોઈ મુદ્દો નથી.'

પોલીસે થાણેમાં હીરાનંદાની એસ્ટેટ નજીક એક લેબર કેમ્પ પાસેની ઝાડીઓમાંથી આરોપીની ધરપકડ કરી હતી. પોલીસે આરોપીને કસ્ટડીમાં લઈ લીધો છે અને તેની પૂછપરછ કરી રહી છે, જોકે આરોપી સતત પોતાનું નામ બદલી રહ્યો છે. અત્યારસુધીમાં તેણે પોતાનાં ચાર નામ જાહેર કર્યાં છે.

આરોપી બાંગ્લાદેશી હોવાની શંકા મુંબઈ પોલીસે પ્રેસ-કોન્ફરન્સમાં કહ્યું હતું કે આરોપી થાણેના એક બારમાં હાઉસકીપિંગ વર્કર તરીકે કામ કરતો હોવાની માહિતી સામે આવી છે. ઝડપાયા બાદ આરોપીએ ગુનો કબૂલી લીધો હતો. આરોપી બાંગ્લાદેશ મૂળનો હોવાની આશંકા છે, તે ચોરીના ઈરાદાથી ઘરમાં ઘૂસ્યો હતો, વળી, તે સતત નામ બદલી રહ્યો છે, તેની પાસે વેલિડ ઈન્ડિયન ડોક્યુમેન્ટ નથી. તે 5થી 6 મહિના પહેલાં મુંબઈ આવ્યો હતો. આરોપીને આજે કોર્ટમાં રજૂ કરવામાં આવ્યો હતો, જ્યાં કોર્ટે પોલીસને આરોપીની 5 દિવસની કસ્ટડી સોપી, જોકે પોલીસે સ્પષ્ટ કર્યું નથી કે સૈફ પર આ આરોપીએ હુમલો કર્યો હતો કે નહીં. જ્યારે મીડિયાએ પૂછ્યું કે શું તે હુમલામાં એકલો હતો કે તેની સાથે બીજા કોઈ લોકો હતા, ત્યારે પોલીસે કહ્યું કે તપાસ ચાલી રહી છે.

### આરોપીના બચાવમાં બે વકીલ આવ્યા

આરોપીના બચાવમાં રહેલા વકીલે દલીલ કરી હતી કે તે બાંગ્લાદેશી નથી પણ ભારતીય નાગરિક છે. તે અહીં રહે છે. વકીલે પોતાની દલીલમાં કહ્યું, 'આરોપીની કસ્ટડી પોલીસને આપવાની કોઈ જરૂર નથી.' પીડિત સૈફ અલી ખાન હોવાથી આ મુદ્દાને વધુપડતો ઉછાળવામાં આવ્યો, નહિતર તે ફક્ત એક સામાન્ય કેસ છે. કસ્ટડીની કોઈ જરૂર નથી. પોલીસે રિમાન્ડમાં એ જણાવ્યું ન હતું કે તેમને આરોપીની કસ્ટડીની જરૂર કેમ છે. તે કોઈ રીઢો ગુનેગાર નથી અને 30 વર્ષનો યુવાન છે. પોલીસ તેને બલિનો બકરો બનાવી રહી છે. તેને ખબર નહોતી કે તે જે ઘરમાં પ્રવેશ કરી રહ્યો હતો તે સૈફ અલી ખાનનું છે.
મુંબઈ પોલીસના વકીલોની કસ્ટડી માટે દલીલ મુંબઈ પોલીસનું પ્રતિનિધિત્વ કરતાં વકીલે મેજિસ્ટ્રેટ કોર્ટને જણાવ્યું હતું કે પીડિત એક સેલિબ્રિટી છે, પરંતુ આ કિસ્સો ફક્ત આટલા પૂરતો મર્યાદિત નથી. આ મામલો હજુ પ્રાથમિક તપાસ હેઠળ છે. સૈફ અલી ખાનને ગંભીર ઈજાઓ થઈ છે.

### મુંબઈ પોલીસના વકીલોની કસ્ટડી માટે દલીલ

મુંબઈ પોલીસનું પ્રતિનિધિત્વ કરતાં વકીલે મેજિસ્ટ્રેટ કોર્ટને જણાવ્યું હતું કે પીડિત એક સેલિબ્રિટી છે, પરંતુ આ કિસ્સો ફક્ત આટલા પૂરતો મર્યાદિત નથી. આ મામલો હજુ પ્રાથમિક તપાસ હેઠળ છે. સૈફ અલી ખાનને ગંભીર ઈજાઓ થઈ છે. આરોપીને ખબર છે કે મુંબઈના કયા વિસ્તારોમાં સેલિબ્રિટી રહે છે અને કયા વિસ્તારોમાં નથી. તેણે પૈસા માગ્યા, તેનો ઈરાદો શું હતો? હુમલામાં વપરાયેલી છરી ત્રણ ભાગમાં તૂટી ગઈ છે, તેથી આપણે ત્રીજો ભાગ પાછો મેળવવો પડશે, કારણ કે તેના પર લોહીના ડાઘ હશે. આરોપીનાં કપડાં પણ જપ્ત કરવાં પડશે, જેમાં પીડિતના લોહીના ડાઘ હોઈ શકે છે. આ બાબતમાં તેને કોણે મદદ કરી એ શોધવું પડશે. તેની સામે પાસપોર્ટ એક્ટ હેઠળ પણ કેસ નોંધવામાં આવશે. તેથી પોલીસને આરોપીની કસ્ટડીની જરૂર પડશે.

# 'ઈમરજન્સી' બોક્સ ઓફિસ કલેક્શન

## 2 દિવસમાં 5.92 કરોડનું કલેક્શન, 5 વર્ષમાં રિલીઝ થયેલી કંગના રનૌતની હિન્દી ફિલ્મોનો રેકોર્ડ તૂટ્યો

(એજન્સી) મુંબઈ | તા.19

કંગના રનૌતની ફિલ્મ 'ઈમરજન્સી' 17 જાન્યુઆરીએ રિલીઝ થઈ છે. વિવાદો વચ્ચે આ ફિલ્મને વિવેચકો તરફથી પ્રશંસા મળી રહી છે, જોકે ફિલ્મે કલેક્શનની દૃષ્ટિએ ધીમી શરૂઆત કરી છે. ફિલ્મે પહેલા દિવસે 2.50 કરોડનું ઓપનિંગ કલેક્શન કર્યું હતું. બીજા દિવસે એટલે કે શનિવારે ફિલ્મની કમાણીમાં 39 ટકાનો ઉછાળો જોવા મળ્યો હતો.




બોક્સ ઓફિસ ટ્રેકર વેબસાઈટ Sacnilk.com ના રિપોર્ટ અનુસાર, ફિલ્મ ઈમરજન્સીએ બીજા દિવસે 3.42 કરોડ રૂપિયાનું કલેક્શન કર્યું છે. આ સાથે જ 2 દિવસમાં ફિલ્મની કમાણી 5.92 કરોડ રૂપિયા પર પહોંચી ગઈ છે.
આજે એટલે કે રવિવારે ફિલ્મની કમાણીમાં વધારો થવાની આશા છે. 2 દિવસમાં માત્ર 5.92 કરોડ રૂપિયાની કમાણી કરવા છતાં કંગના રનૌતે છેલ્લા 5 વર્ષમાં રિલીઝ થયેલી તેની ફિલ્મોના રેકોર્ડ તોડી નાખ્યા છે. છેલ્લા 5 વર્ષમાં કંગના માત્ર હિન્દી ફિલ્મો 'ધાકડ' અને 'તેજસ'માં જોવા મળી હતી. જ્યારે રૂ. 70 કરોડમાં બનેલી 'તેજસે' માત્ર રૂ. 5.6 કરોડની કમાણી કરી હતી, જ્યારે રૂ. 85 કરોડમાં બનેલી 'ધાકડે' બોક્સ ઓફિસ પર માત્ર રૂ. 3.77 કરોડની કમાણી કરી શકી હતી. કંગના રનૌતની સાઉથની ફિલ્મોની વાત કરીએ તો તેની 'ચંદ્રમુખી 2' 5 વર્ષમાં માત્ર 40 કરોડ રૂપિયાનું કલેક્શન કરી શકી હતી. પરંતુ 65 કરોડ રૂપિયાના બજેટમાં બનેલી આ ફિલ્મ પણ ફ્લોપ રહી હતી. જ્યારે 'થલાઈવી' પણ 4.98 કરોડની કમાણી કરીને નિષ્ફળ રહી હતી.

કંગના રનૌતની ફિલ્મ 'ઈમરજન્સી' અજય દેવગન, રાશા થડાની સ્ટારર ફિલ્મ 'આઝાદ' સાથે ટકરાઈ રહી છે. બંને ફિલ્મો 17 જાન્યુઆરીએ એકસાથે રિલીઝ થઈ છે. જ્યારે કંગનાની ફિલ્મે બે દિવસમાં 5.92 કરોડ રૂપિયાની કમાણી કરી છે, તો 'આઝાદે' 2.58 કરોડ રૂપિયાની કમાણી કરી છે.
આ બે ફિલ્મો સિવાય અલ્લુ અર્જુનની ફિલ્મ 'પુષ્પા 2: ધ રૂલ' પણ સ્પર્ધામાં છે. ફિલ્મે તેની રિલીઝના 38માં દિવસે એટલે કે ગયા શનિવારે 1.10 કરોડ રૂપિયાની કમાણી કરી છે. આ રીતે ફિલ્મનું કુલ ભારતીય કલેક્શન 1226 કરોડ થઈ ગયું છે. આ ફિલ્મે વિશ્વભરમાં લગભગ 1800 કરોડ રૂપિયાની કમાણી કરી છે.
17 જાન્યુઆરીએ, PVR, જુહુ ખાતે ફિલ્મ ઈમરજન્સીનું સ્પેશિયલ સ્ક્રીનિંગ યોજાયું હતું, જ્યાં આધ્યાત્મિક ગુરુ સદગુરુએ પણ હાજરી આપી હતી. આ દરમિયાન કંગના રનૌત અને અનુપમ ખેરે તેમનું સ્વાગત કર્યું હતું. ફિલ્મની સફળતા માટે આશીર્વાદ પણ લીધા હતા, જેનો વીડિયો સોશિયલ મીડિયા પર વાયરલ થઈ રહ્યો છે.


# જ્હોનની ડિપ્લોમેટ આગામી માર્ચમાં આવશે

**ત્રીજીવાર રીલિઝ ડેટ બદલાઈ: ફિલ્મ લગભગ એક વર્ષથી તૈયાર છે, પરંતુ રીલિઝ શિડયૂલ ગોઠવાયું નહીં**



મુંબઈ : જ્હોન અબ્રાહમની 'ધી ડિપ્લોમેટ' આગામી માર્ચમાં રજૂ થશે. ફિલ્મની રીલિઝ ડેટ આ ત્રીજી વખત બદલાઈ છે. આ ફિલ્મ એક વર્ષથી તૈયાર છે. અગાઉ તે ગયાં વર્ષે રજૂ થવાની હતી. બાદમાં ચાલુ જાન્યુઆરી માસમાં રીલિઝ થવાની જાહેરાત કરાઈ હતી. હવે માર્ચની નવી રીલિઝ ડેટ આવી છે.
જ્હોન અબ્રાહમે જાતે સોશિયલ મીડિયા પોસ્ટ દ્વારા નવી રીલિઝ ડેટ જાહેર કરી હતી. જ્હોન એક સરકારી અધિકારીની ભૂમિકામાં છે. ફિલ્મમાં પોલિટિકલ અને ડિપ્લોમસીને લગતી વાર્તા છે.

# દર્શન રાવલે લોન્ગ ટાઈમ ગર્લફ્રેન્ડ સાથે લગ્ન કર્યા: ઈન્ટીમેટ વિડિંગની તસવીરો સાથે લખ્યું - બેસ્ટ ફ્રેન્ડ ફોરએવર



(એજન્સી) મુંબઈ | તા.19

પોપ્યુલર સિંગર દર્શન રાવલે તાજેતરમાં જ તેની લાંબા સમયની ગર્લફ્રેન્ડ સાથે લગ્ન કર્યા છે. સિંગરના ગુપ્ત રીતે ઈન્ટીમેટ વેડિંગ હતા, જેમાં કેટલાક નજીકના સંબંધીઓ અને મિત્રોએ હાજરી આપી હતી. સિંગરે લગ્નની પોસ્ટ દ્વારા લગ્નની જાહેરાત કરી છે.
દર્શન રાવલે તાજેતરમાં જ તેના સત્તાવાર સોશિયલ મીડિયા એકાઉન્ટ પરથી લગ્નની સુંદર તસવીરો પોસ્ટ કરી છે. આ સાથે ગાયકે લખ્યું છે કે, માય બેસ્ટ ફ્રેન્ડ ફોરએવર. નોંધનીય છે કે દર્શનને પોતાની પર્સનલ લાઈફ વિશે વધારે વાત કરવી પસંદ નથી. લગ્નની તસવીરો પહેલા બંનેએ ક્યારેય એકબીજા સાથેની કોઈ તસવીર પોસ્ટ કરી ન હતી. જો કે, મીડિયા રિપોર્ટ્સનું માનીએ તો, દર્શન અને ધારલ છેલ્લા ઘણા મહિનાઓથી રિલેશનશિપમાં છે.
ધરલ સુરીલા ઈન્ટીરીયર ડીઝાઈનર છે. આર્કિટેક્ચરનો અભ્યાસ કર્યા પછી, ધરલે પોતાનો સ્ટુડિયો બટર કોન્સેપ્ટ શરૂ કર્યો. તે આ સ્ટુડિયોની સ્થાપક છે.
એક સમયે દર્શન રાવલનું નામ બોલિવૂડ અભિનેત્રી નેહા શર્મા સાથે જોડાયું હતું. બંને રિલેશનશિપમાં હોવાના અહેવાલો આવ્યા હતા, જો કે પાછળથી આ અહેવાલો અફવા સાબિત થયા હતા. બંને મ્યુઝિક વીડિયો 'તુ હૈ' માં સાથે જોવા મળ્યા છે.
ગાયક દર્શન રાવલ 30 વર્ષના છે. ગુજરાતના અમદાવાદમાં જન્મેલા દર્શને 20 વર્ષની ઉંમરે સિંગિંગ રિયાલિટી શો ઈન્ડિયાઝ રો સ્ટારમાં ભાગ લીધો હતો, જેમાં તે 'ફર્સ્ટ રનર-અપ' રહ્યો હતો. શોમાંથી લોકપ્રિયતા મેળવ્યા પછી, દર્શને ઘણા મ્યુઝિક વીડિયોમાં પોતાનો અવાજ આપ્યો. તેણે 'એક લડકી કો દેખા તો ઐસા લગા', 'લવયાત્રી', 'સનમ તેરી કસમ', 'શમશેરા' જેવી ઘણી હિન્દી ફિલ્મોના ગીતોને અવાજ આપ્યો છે.

# ફિલ્મના સેટ પર છત ધસી પડતાં અર્જુન કપૂર સહિતના કલાકારો ઘાયલ

**સાઉન્ડ સિસ્ટમની ધ્રુજારીને કારણે છત તુટી પડી: કોઈને ગંભીર ઈજા નહિ...**

મુંબઈ : ફિલ્મ 'મેરે હસબન્ડ કી બીવી'ના શૂટિંગ વખતે સેટની છત તૂટી પડતાં અર્જુન કપૂર, જેકી ભગનાની અને દિગ્દર્શક મુદસ્સર અજીજ તેમજ અન્યો ઘાયલ થયા છે. ફિલ્મના ચીફ કેમેરામેન મનુ આનંજના અંગૂઠામાં ફ્રેકચર થઈ ગયું છે અને વિજય ગાંગુલીની કોણી અને માથામાં ઈજા થઈ છે. કેમેરા અટેન્ડન્ટની કરોડરજ્જુમાં માર લાગ્યો છે. મુંબઈના ગોરેગાંવ વિસ્તારના ઈમ્પિરિયલ પેલેસમાં ફિલ્મનું શૂટિંગ ચાલુ રહ્યુ હતું ત્યારે આ અકસ્માત થયો હતો.
ફેડરેશન ઓફ વેસ્ટર્ન ઈન્ડિયા સિને એમ્પ્લોઈઝના અશોક દુબેએ મીડિયા સાથેની વાતચીત દરમિયાન જણાવ્યુ હતુ કે, સાઉન્ડની ધ્રુજારીના કારણે આ છત તૂટી પડી હોવાની સંભાવના છે. જોકે, તેમણે જણાવ્યું હતું કે તમામ કલાકારો અને ક્રૂ મેમ્બર્સ સામાન્ય ઈજા સાથે ઉગરી ગયા છે.



# ભારતીય ફીમેલ સિંગરે કોલ્ડપ્લેમાં ઈતિહાસ રચ્યો...

## ક્રિસ માર્ટિને 'જય શ્રીરામ' અને 'બુમરાહ'નું નામ લઈ ફેન્સનું દિલ જીત્યું; કોન્સર્ટમાં ચાહકોથી ખીચોખીચ ભરાયું સ્ટેડિયમ



(એજન્સી) મુંબઈ | તા.19

કોલ્ડપ્લે વર્લ્ડ ટૂર 2025નો પ્રથમ કોન્સર્ટ શનિવારે મુંબઈના ડીવાય પાટીલ સ્પોર્ટ્સ સ્ટેડિયમમાં થયો હતો. આ કોન્સર્ટ રાત્રે 8 વાગ્યાથી 10 વાગ્યા સુધી બે કલાક સુધી ચાલ્યો હતો. આ દરમિયાન સ્ટેડિયમ ભરચક હતું. કોન્સર્ટમાં 40 હજારથી વધુ લોકો જોવા મળ્યા હતા. ભારતની જસલીન રોયલે આ શોની શરૂઆત કરી હતી. તેણે 'ખો ગયે હમ કહાં', 'રાંઝા અને લવ યુ ઝિંદગી' જેવાં ગીતો ગાયાં. બ્રિટિશ રોક બેન્ડ માટે ઓપનિંગ કરનાર જસલીન પ્રથમ ભારતીય કલાકાર છે.
કોન્સર્ટના વીડિયો અને ફોટા સોશિયલ મીડિયા પર ઝડપથી વાઈરલ થઈ રહ્યા છે. કોન્સર્ટમાં, ક્રિસ માર્ટિને યલો, પેરેડાઈઝ, મેજિક અને ઘણાં પ્રખ્યાત ગીતો ગાયાં.
કોન્સર્ટ દરમિયાન ક્રિસ માર્ટિને જસપ્રીત બુમરાહને યાદ કર્યો કોલ્ડપ્લેના પોપ્યુલર સિંગર ક્રિસ માર્ટિને 18 જાન્યુઆરીના રોજ મુંબઈમાં તેમના કોન્સર્ટ દરમિયાન એક અનોખી ક્ષણ શેર કરી. આ દરમિયાન તેણે ભારતના ફાસ્ટ બોલર જસપ્રીત બુમરાહનું નામ લીધું, જેના કારણે કોન્સર્ટમાં હાજર ચાહકો ખૂબ જ ઉત્સાહિત થઈ ગયા.
જ્યારે માર્ટિન પોતાનું પ્રખ્યાત ગીત 'અ સ્કાય ફુલ ઓફ સ્ટાર્સ' રજૂ કરી રહ્યો હતો ત્યારે તેણે માઈક ઉપાડ્યું અને કહ્યું કે શો વહેલો સમાપ્ત કરવો પડશે, કારણ કે બુમરાહ બેકસ્ટેજ પર આવીને તેની સાથે ક્રિકેટ રમવા માગે છે.
ક્રિસ માર્ટિને મજાકમાં કહ્યું, "રાહ જુઓ, આપણે શો સમાપ્ત કરવો પડશે, કારણ કે જસપ્રીત બુમરાહ બેકસ્ટેજ પર આવીને ક્રિકેટ રમવા માગે છે. તે મારા માટે બોલિંગ કરવા માગે છે." આ સાંભળીને શ્રોતાઓ ઉત્સાહિત થઈ ગયા અને તાળીઓના ગડગડાટથી વાતાવરણ વધુ રોમાંચક બની ગયું. કેટલાક ચાહકોએ તો એવું પણ વિચાર્યું હતું કે બુમરાહ સ્ટેજ પર આવશે, પરંતુ એવું બન્યું નહીં.
19 અને 21 જાન્યુઆરીએ પણ મુંબઈના આ જ સ્ટેડિયમમાં કોલ્ડપ્લે કોન્સર્ટ યોજાશે. મીડિયા રિપોર્ટ્સ અનુસાર, આ 3 દિવસીય કોન્સર્ટમાં લગભગ 70 હજાર દર્શક આવવાની આશા છે.

# તનુ વેડસ મનુના ત્રીજા ભાગમાં કદાચ માધવન નહિ હોય

મુંબઈ : ઘણા સમયથી સમાચાર છે કે, આનંદ એલ રાય 'તનુ વેડસ મનુ થ્રી' બનાવી રહ્યો છે. જોકે, આર. માધવને જણાવ્યું હતું કે, હજુ સુધી તેને આ ફિલ્મ માટે એપ્રોચ કરવામાં આવ્યો નથી. તેણે હિન્ટ પણ આપી છે કે, તેને ફિલ્મમાંથી રિપ્લેસ કરી દેવામાં આવ્યો છે.



માધવને વધુમાં કહ્યું હતું કે, ત્રીજા ભાગ વિશે મને કોઈ આઈડિયા નથી. ફિલ્મની સ્ક્રિપ્ટ વિશે પણ મને જાણ નથી. તેથી મને લાગે છે કે, કદાચ આ ફિલ્મમાં મને લેવામાં આવ્યો નથી. તેમણે મને રિપ્લેસ કરી દીધો છે. આનંદ એલ રાયની 'તનુ વેડસ મનુ'નો પહેલો પાર્ટ ૨૦૧૧માં અને બીજો ૨૦૧૫માં રિલીઝ થયો હતો. હવે દર્શકો ત્રીજા પાર્ટની રાહ જોઈ રહ્યા છે. બન્ને પાર્ટમાં આર. માધવન, કંગના રણૌત , જિમી શેરહિલ, દીપક ડોબરિયાલ, સ્વરા ભાસ્કર અને એઝાઝ ખાને કામ કર્યું હતું.

# ઓસ્ટ્રેલિયન ઓપન: વર્લ્ડ નં. 1 સિનર ચોથા રાઉન્ડમાં

(એજન્સી) લંડન તા 19



વર્લ્ડ નંબર-1 ટેનિસ ખેલાડી જેનિક સિનર ઓસ્ટ્રેલિયન ઓપનના મેન્સ સિંગલ્સના ચોથા રાઉન્ડમાં પહોંચી ગયો છે. ડિફેન્ડિંગ ચેમ્પિયન સિનરે શનિવારે રોડ લેવર એરેનામાં અમેરિકાના માર્કોસ ગિરોનને 6-3, 6-4, 6-2થી હરાવ્યો હતો. પાંચ વખતની ગ્રાન્ડ સ્લેમ ચેમ્પિયન ઈગા સ્વાઈટેક બ્રિટનની એમ્મા રાડુકાનુ પર આસાન જીત મેળવીને મહિલા સિંગલ્સ ટુર્નામેન્ટના ચોથા રાઉન્ડમાં પહોંચી ગઈ છે. સ્વાઈટેકે 2021 યુએસ ઓપન ચેમ્પિયન રાડુકાનુને 6-1, 6-0થી હરાવી મેચની છેલ્લી 11 ગેમ જીતી હતી. ઈગા સ્વાઈટેક (જમણે) એમ્મા રાડુકાનુને 6-1, 6-0થી હરાવી. ઈગા સ્વાઈટેક (જમણે) એમ્મા રાડુકાનુને 6-1, 6-0થી હરાવી. બાલાજી-મિગુએલની જોડી હાર્યા બાદ બહાર થઈ ભારતના એન શ્રીરામ બાલાજી અને તેના મેક્સિકન પાર્ટનર મિગુએલ એન્જલ રેયેસ-વરેલા હાર્યા બાદ બહાર થઈ ગયા હતા. બાલાજી અને વરેલાની જોડીને 6-7 (7), 6-4, 3-6થી હારનો સામનો કરવો પડ્યો હતો. પહેલો સેટ ઘણો રોમાંચક હતો જે 56 મિનિટ સુધી ચાલ્યો હતો. ઓસ્ટ્રેલિયન ઓપન એ વર્ષનો પ્રથમ ગ્રાન્ડ સ્લેમ છે. ઓસ્ટ્રેલિયાના લૉન ટેનિસ એસોસિયેશનએ 1905માં આ ટુર્નામેન્ટની શરૂઆત કરી હતી, જે અગાઉ ઓસ્ટ્રેલિયન ચેમ્પિયનશિપ તરીકે ઓળખાતી હતી. ઓસ્ટ્રેલિયાનું લૉન ટેનિસ એસોસિયેશન પાછળથી ટેનિસ ઓસ્ટ્રેલિયા બન્યું. આ પછી ઓસ્ટ્રેલિયન ચેમ્પિયનશિપનું નામ બદલીને ઓસ્ટ્રેલિયન ઓપન રાખવામાં આવ્યું. 1969થી આ ટેનિસ ટુર્નામેન્ટ સત્તાવાર રીતે ઓસ્ટ્રેલિયન ઓપન તરીકે જાણીતી બની. ટેનિસમાં 4 ગ્રાન્ડ સ્લેમ છે. જાન્યુઆરીમાં ઓસ્ટ્રેલિયન ઓપન સાથે શરૂ થતાં, ચારેય વાર્ષિક આયોજન કરવામાં આવે છે. ફ્રેન્ચ ઓપન મે અને જૂનમાં યોજાય છે. વિમ્બલ્ડન જુલાઈમાં અને યુએસ ઓપન ઓગસ્ટ-સપ્ટેમ્બરમાં યોજાય છે.

# ચેમ્પિયન્સ ટ્રોફીની ટીમ ઈન્ડિયામાં બે ચોંકાવનારા નિર્ણયો

## બુમરાહની જગ્યાએ ગિલ વાઈસ-કેપ્ટન અને સિરાજ પડતો મુકાયો, પ્લેઈંગ-11માં ચારેય ગુજરાતી ખેલાડી રમી શકે છે

(એજન્સી) નવી દિલ્હી તા 19

જેની આતુરતાથી રાહ જોવાતી હતી એનો અંત અંતે ગઈકાલે આવ્યો. પાકિસ્તાન અને UAEમાં યોજાનારી ચેમ્પિયન્સ ટ્રોફી માટે ભારતીય ટીમની જાહેરાત થઈ ગઈ છે. બપોરે 12:30ની જગ્યાએ 3 વાગ્યે કેપ્ટન રોહિત શર્મા અને ચીફ સિલેક્ટર અજિત અગરકર પ્રેસ-કોન્ફરન્સમાં હાજર થયા અને ટીમ જાહેર કરી. ચેમ્પિયન્સ ટ્રોફીની આ ટીમમાં માત્ર બે વસ્તુ ચોંકાવનારી હતી; પહેલી, બુમરાહ ટીમમાં હોવા છતાં ગિલને વાઈસ-કેપ્ટન બનાવ્યો. બીજી, સિરાજને પડતો મુકાયો. ચેમ્પિયન્સ ટ્રોફીની ટીમ ડિક્લેર થતાં જ ભારતની નજર વધુ એક ICC ટ્રોફીની જીતવા પર રહેશે. મોહમ્મદ શમી લગભગ સવા વર્ષે ટીમ ઈન્ડિયામાં પરત ફર્યો છે. તો 15 સભ્યની ટીમમાં 4 ઓલરાઉન્ડરનો સમાવેશ થયો છે, જેમાં પેસ ઓલરાઉન્ડર હાર્દિક પંડ્યા, રવીન્દ્ર જાડેજા, અક્ષર પટેલ અને વોશિંગ્ટન સુંદર છે. જ્યારે બુમરાહ, અર્શદીપ સિંહ અને મોહમ્મદ શમી સાથે હાર્દિક પેસ આક્રમણ સંભાળશે. ત્યારે ચાલો...



**કેપ્ટન રોહિત શર્મા :** ટીમ ઈન્ડિયાનો કેપ્ટન રોહિત શર્મા હાલ તો ખૂબ જ કપરા સમયમાંથી પસાર થઈ રહ્યો છે. તેના સતત કંગાળ ફોર્મથી ટેસ્ટમાંથી રિટાયરમેન્ટની ચર્ચાઓ શરૂ થઈ ગઈ હતી, જોકે પછી ઈન્ટરવ્યૂમાં તેણે ખુલાસો કર્યો કે તે નિવૃત્તિ લેવાનો નથી અને ઓસ્ટ્રેલિયા સામેની પાંચમી ટેસ્ટમાં પોતાને ડ્રોપ કર્યો છે. જોકે રોહિતના વ્હાઈટ બોલમાં જોરદાર આંકડાઓ છે. એમાં પણ 50 ઓવરના ફોર્મેટમાં તેની પાસે ત્રણ ડબલ સેન્ચુરી છે. તો ગત વન-ડે વર્લ્ડ કપમાં તેની તોફાની બેટિંગથી ભારતીય ટીમને શાનદાર શરૂઆત મળી હતી. તેણે વર્લ્ડ કપમાં 11 મેચમાં 54.27ની સરેરાશથી 597 રન ફટકાર્યા હતા.

**શુભમન ગિલ (વાઈસ-કેપ્ટન) :** ટીમ ઈન્ડિયાના યુવા ઓપનર શુભમન ગિલને સિલેક્ટર્સે રોહિતનો ડેપ્યુટી બનાવ્યો છે. તેને મોટી જવાબદારી મળી ગઈ છે. જસપ્રીત બુમરાહના ટીમમાં હોવા છતાં ગિલને વાઈસ-કેપ્ટન બનાવ્યો છે. ગિલ પણ હાલ ખરાબ બેટિંગને લઈને ટીકાનો શિકાર બન્યો છે, પણ વ્હાઈટ બોલમાં તેનું પર્ફોર્મન્સ જોવા જઈએ તો તેણે 58ની સરેરાશથી 2328 રન બનાવ્યા છે, જેમાં તેણે 2023માં ન્યૂઝીલેન્ડ સામે 208 રનની તાબડતોડ બેટિંગ કરી હતી.

**વિરાટ કોહલી:** ક્રિકેટના કિંગ તરીકે ઓળખાતા કોહલીનું આ ફોર્મેટ સૌથી મનગમતું છે. તેણે ક્રિકેટના ભગવાન ગણાતા સચિન તેંડુલકરનો ODIમાં સૌથી વધુ સેન્ચુરીનો રેકોર્ડ પણ તોડ્યો છે. ગત ODI વર્લ્ડ કપમાં સેમિફાઈનલમાં ન્યૂઝીલેન્ડ સામે જ 50મી સદી ફટકારી હતી. વિરાટ માટે વન-ડે એ સૌથી બેસ્ટ ફોર્મેટ છે. તે વર્લ્ડ કપમાં 95.62ની અદભુત એવરેજથી 765 રન ફટકાર્યા હતા, જેમાં 6 ફિફ્ટી અને 3 સેન્ચુરી સામેલ છે.

**શ્રેયસ અય્યર :** વન-ડે ક્રિકેટમાં ટીમ ઈન્ડિયાનો બેકબોન એવો શ્રેયસ અય્યરના આવવાથી બેટિંગ લાઈન-અપ વધુ સ્થિર થઈ છે. વર્લ્ડ કપમાં નંબર-4 પર સતત સારું પ્રદર્શન કરીને તેણે ટીકાકારોને શાંત કરી દીધા હતા. તેણે વર્લ્ડ કપમાં 66.25ની સરેરાશથી 530 રન ફટકાર્યા હતા. ચેમ્પિયન્સ ટ્રોફીમાં તે નંબર-4 પર બેટિંગ કરશે, તે નક્કી છે.

**કેએલ રાહુલ :** કેએલ રાહુલને વિકેટકીપર, બેટર તરીકે સિલેક્ટ કર્યો છે. પંતના હોવા છતાં તે પ્લેઈંગ-11નો ભાગ બની શકે છે. રાહુલે પણ ગત વર્લ્ડ કપમાં જોરદાર પ્રદર્શન કર્યું હતું. બેટિંગની સાથે-સાથે તેણે ગ્લવ્ઝથી પણ અનેક શિકાર કર્યા હતા. હાલમાં જ પૂરી થયેલી ઓસ્ટ્રેલિયા સામેની સિરીઝમાં એકંદરે તેનું પર્ફોર્મન્સ ઠીકઠાક રહ્યું હતું. જોકે વ્હાઈટ બોલ ક્રિકેટમાં એમાં પણ ખાસ કરીને 50 ઓવરની ગેમમાં તે ઘણી સારી બેટિંગ કરે છે.

**રવીન્દ્ર જાડેજા :** ચેમ્પિયન્સ ટ્રોફી માટે ટીમ ઈન્ડિયાનો સ્ટાર ઓલરાઉન્ડર જાડેજાને સિલેક્ટ કરતાં જ બધી અફવાઓ પર પૂર્ણવિરામ મુકાઈ ગયું છે. વચ્ચે એવા રિપોર્ટ્સ આવતા હતા કે વ્હાઈટ બોલ ક્રિકેટમાં જડ્ડુની કરિયર ખતમ થશે, કારણ કે રિપોર્ટ્સમાં કહેવામાં આવ્યું હતું કે જાડેજાને ચેમ્પિયન્સ ટ્રોફીની ટીમમાં નહીં લેવામાં આવે. ત્યારે હવે આજે તેનું નામ બોલાતાં બધી અફવાઓ પર ફુલસ્ટોપ લાગી ગયું છે.રવીન્દ્ર જાડેજાએ પણ વર્લ્ડ કપમાં જોરદાર પર્ફોર્મન્સ આપ્યું હતું. તેણે 11 મેચમાં 16 વિકેટ ઝડપી હતી. ઉપરાંત તેણે અમુક વખતે ઉપયોગી રન પણ બનાવ્યા હતા. તો તેની ફિલ્ડિંગ વિશે તો બધાને ખબર જ છે. UAEમાં મેચ રમાવાની હોવાથી જડ્ડુની બોલિંગ ખૂબ કામ આવશે.

**અક્ષર પટેલ :** ગુજરાતના વધુ એક લેફ્ટ આર્મ સ્પિન ઓલરાઉન્ડર અક્ષર પટેલને પણ ચેમ્પિયન્સ ટ્રોફીની ટીમમાં સ્થાન મળ્યું છે. 2024માં રમાયેલા T20 વર્લ્ડ કપમાં અક્ષરનું પર્ફોર્મન્સ શાનદાર રહ્યું હતું. તેના ઓલરાઉન્ડ પ્રદર્શનના કારણે ભારત જીત્યું એમ કહેવામાં જરા પણ ખોટું નથી. તેણે બેટિંગ, બોલિંગ અને ફિલ્ડિંગમાં, ત્રણેય ડિપાર્ટમેન્ટમાં અદભુત પર્ફોર્મ કર્યું. ત્યારે હવે જાડેજા સાથે તેને પણ પ્લેઈંગ-11માં સામેલ કરવામાં આવી શકે છે.

# પંતને લખનઉની કેપ્ટનશિપ મળશે, ટૂંક સમયમાં જાહેરાત


(એજન્સી) લખનઉ તા 19

રિષભ પંત IPL 2025 પહેલા લખનઉ સુપર જાયન્ટ્સ (LSG)નો કેપ્ટન બનવા માટે તૈયાર છે. ગયા વર્ષે નવેમ્બરના મેગા ઓક્શનમાં પંત IPLનો સૌથી મોંઘો ખેલાડી બન્યો હતો, જેને LSGએ 27 કરોડ રૂપિયા (લગભગ 3.21 મિલિયન યુએસ ડોલર)માં ખરીદ્યો હતો. ભારતના વિકેટકીપર-બેટર કેએલ રાહુલે તેની પ્રથમ ત્રણ સિઝન (2022થી) માટે LSGનું નેતૃત્વ કર્યું હતું. ટીમે પ્રથમ બે વર્ષમાં પ્લે-ઓફમાં જગ્યા બનાવી હતી, જોકે તે ફાઈનલમાં પહોંચી શકી નહોતી. 2024ની સિઝન ઘણી ખરાબ રહી અને ટીમ સાતમા ક્રમે રહી. LSGએ નિકોલસ પૂરન, રવિ બિશ્નોઈ, મયંક યાદવ, આયુષ બદોની અને મોહસીન ખાનને રિટેન કર્યા હતા, જો કે, તેઓ એવા ભારતીય ખેલાડીની શોધમાં હતા જે રાહુલને કેપ્ટન તરીકે બદલી શકે. પંત શ્રેયસ અય્યરની સાથે તેની યાદીમાં ટોચ પર છે. ઓક્શનમાં પંતને મેળવવા માટે LSG અને SRH વચ્ચે રેસ હતી. તેમની બિડ રૂ. 20.75 કરોડ સુધી પહોંચી, બાદમાં SRH પીછેહઠ કરી. LSGએ દિલ્હી કેપિટલ્સ તરફથી રાઈટ-ટુ-મેચ પડકારનો સામનો કરવા માટે તેને વધારીને 27 કરોડ રૂપિયા કરી દીધો.પંતની સાથે વિદેશી બેટર ડેવિડ મિલર, મિચેલ માર્શ અને એડન માર્કરમ અને ભારતીય સીમર આકાશ દીપ અને આવેશ ખાન નવી LSG ટીમમાં સામેલ થશે. ઓક્શન સમાપ્ત થયા પછી પૂરન, માર્શ, માર્કરમ અને મિલર પણ સંભવિત સુકાનીપદના વિકલ્પો હતા. પંત માટે IPLમાં LSG બીજી ટીમ છે. અગાઉ તેણે 2016માં દિલ્હી કેપિટલ્સ સાથે IPLમાં તેની કારકિર્દીની શરૂઆત કરી હતી.

# ઈન્ડિયા ઓપન બેડમિન્ટનમાં ભારતનો પડકાર ખતમ સાત્વિક-ચિરાગની ડબલ્સ જોડી સેમિફાઈનલમાં હારી

(એજન્સી) નવી દિલ્હી તા 19

ઈન્ડિયા ઓપન બેડમિન્ટન 2025માં સતત નિરાશા બાદ ભારતનો પડકાર શનિવારે સમાપ્ત થઈ ગયો. સાત્વિક સાઈરાજ અને ચિરાગ શેટ્ટીની જોડીને મલેશિયાના એસએફ ગોહ અને એન ઈઝ્ઝુદિનની જોડીએ સેમિફાઈનલમાં સીધી ગેમમાં હરાવી દીધી હતી. નવી દિલ્હીના કેડી જાધવ ઈન્ડોર હોલમાં શુક્રવારે પીવી સિંધુને મહિલા સિંગલ્સમાં અને કિરણ જ્યોર્જને મેન્સ સિંગલ્સમાં હારનો સામનો કરવો પડ્યો હતો. ટુર્નામેન્ટની ફાઈનલ રવિવારે રમાશે. કોઈપણ કેટેગરીમાં ભારત તરફથી કોઈ પડકાર રહેશે નહીં. સાત્વિક-ચિરાગ સીધી ગેમમાં હારી ગયા ભારતીય જોડી એસએફ ગોહ અને એન ઈઝુદિનની મલેશિયાની જોડી સામે પ્રથમ ગેમ 18-21થી હારી ગઈ હતી. બંને બીજી ગેમ 14-21થી હારી ગયા અને સેમિફાઈનલ મલેશિયન જોડીએ જીતી. ફાઈનલમાં મલેશિયાના ખેલાડીઓનો મુકાબલો સાઉથ કોરિયાની એચ કિમ અને એસજે સીઓની જોડી સામે થશે. બંનેએ સેમિફાઈનલમાં અન્ય મલેશિયાની જોડીને સીધી ગેમમાં હરાવી હતી.



સાત્વિક-ચિરાગે પ્રથમ રાઉન્ડમાં મલેશિયાની મેન વેઈ ચોંગ અને કાઈ વુન ટીને 23-21, 19-21, 21-16થી હરાવ્યો હતો.

જાપાનના કેન્યાના મિત્સુહાશી અને હિરોકી ઓકામુરાને ભારતીય જોડીએ બીજા રાઉન્ડમાં 20-22, 21-14, 21-16થી પરાજય આપ્યો હતો. ત્યાર બાદ ક્વાર્ટર ફાઈનલમાં બંનેએ દક્ષિણ કોરિયાના જિન યોંગ અને કાંગ મીન હ્યુકને 21-10, 21-17થી પરાજય આપ્યો હતો. મહિલા ડબલ્સની ફાઈનલમાં દક્ષિણ કોરિયા અને જાપાન રવિવારે મહિલા ડબલ્સની ફાઈનલમાં જાપાનની એ હિગાશિનો અને એ સાકુરામોટોનો સામનો દક્ષિણ કોરિયાની એચવાય કોંગ અને એચજે કિમ સામે થશે. દક્ષિણ કોરિયાની જોડીએ મલેશિયાની જોડીને સીધી ગેમમાં હરાવી હતી. જ્યારે જાપાની જોડીએ ચીનની જોડીને હરાવવા માટે 3 ગેમ લીધી હતી. ફ્રાન્સ અને ચીન વચ્ચે મિક્સ ડબલ્સની ફાઈનલ

મિક્સ ડબલ્સમાં ફ્રાન્સની થોમ ગિકલ અને ડેલ્ફીન ડેલરુની જોડી ચીનની જેબી જિયાંગ અને વાયએક્સ વેઈની જોડી સામે ટકરાશે. ફ્રાંસની જોડીએ સેમિફાઈનલમાં મલેશિયાની જોડીને સીધી ગેમમાં હરાવી હતી. ચીનની જોડીએ મલેશિયાના ખેલાડીઓને પણ હરાવ્યા હતા, પરંતુ તેમને આમ કરવામાં 3 ગેમનો સમય લાગ્યો હતો. આન સે યંગ વુમન્સ સિંગલ્સની ફાઈનલમાં પહોંચી

મહિલા સિંગલ્સની ફાઈનલમાં દક્ષિણ કોરિયાની એન સે યંગનો સામનો થાઈલેન્ડની પી ચોચુવોંગ સામે થશે. સેમિફાઈનલમાં, ચોચુવોંગે જાપાનના ટી મિયાઝાકીને 3 ગેમમાં હરાવી હતી.

જ્યારે યંગે ઈન્ડોનેશિયાના જીએમ તુનજુંગને 2 ગેમમાં હરાવી હતી. દક્ષિણ કોરિયાની આન્ન સે યંગે સેમિફાઈનલમાં બંને ગેમ હાર્યા બાદ તુનજુંગને બહાર કરી દીધી હતી. સાત્વિક અને ચિરાગની જોડીએ 2022માં ઈન્ડિયા ઓપનનો ખિતાબ જીત્યો છે. દક્ષિણ કોરિયાની આન્ન સે યંગે સેમિફાઈનલમાં બંને ગેમ હાર્યા બાદ તુનજુંગને બહાર કરી દીધી હતી. સાત્વિક અને ચિરાગની જોડીએ 2022માં ઈન્ડિયા ઓપનનો ખિતાબ જીત્યો છે.

# ગુજરાતમાં પહેલીવાર સિનિયર નેશનલ-ઈન્ટર સ્ટેટ ટેબલ ટેનિસ ચેમ્પિયનશિપ યોજાશે

(એજન્સી) સુરત તા 19

સુરત શહેરમાં આવતીકાલથી પંડિત દીનદયાલ ઉપાધ્યાય (PDPU) ઈન્ડોર સ્ટેડિયમ ખાતે યુટીટી 86મી ઈન્ટર સ્ટેટ જુનિયર અને યુથ નેશનલ ટેબલ ટેનિસ ચેમ્પિયનશિપનો આરંભ થઇ રહ્યો છે. ગુજરાત પહેલી વાર આ પ્રકારની સિનિયર નેશનલ અને ઈન્ટર સ્ટેટ ટેબલ ટેનિસ ચેમ્પિયનશિપની યજમાની કરશે. ગુજરાત સ્ટેટ ટેબલ ટેનિસ એસોસિયેશન (જીએસટીટીએ) અને ટેબલ ટેનિસ એસોસિયેશન ઓફ સુરત (ટીટીએએસડી)ના સંયુક્ત ઉપક્રમે રમાઈ રહેલી આ ચેમ્પિયનશીપમાં ગુજરાતના હરમિત, માનવ અને માનુષની ત્રિપુટીની ઘરઆંગણે જ ટાઈટલ જીતવા પર નજર છે. ટીમ અને વ્યક્તિગત ઈવેન્ટ્સથી ભરપૂર આઠ દિવસની રોમાંચક રમત રમાશે. ટુર્નામેન્ટની સિંગલ્સ ઈવેન્ટમાં હરમિત ફેવરિટ તરીકે શરૂઆત કરશે આ ચેમ્પિયનશીપમાં તમામની નજર ભારતના ત્રીજા ક્રમના તથા વર્તમાન ચેમ્પિયન સ્થાનિક ખેલાડી હરમિત દેસાઈ પર રહેશે. તે હાલમાં પીએસપીબીનું પ્રતિનિધિત્વ કરી રહ્યો છે. આ પ્રતિષ્ઠિત ટુર્નામેન્ટની સિંગલ્સ ઈવેન્ટમાં હરમિત ફેવરિટ તરીકે શરૂઆત કરશે. બીજી તરફ હરમિત દેસાઈના જ શહેરનો તેનો સાથીદાર માનવ ઠક્કર પીએસપીબીનું પ્રતિનિધિત્વ કરશે તે હાલમાં પાંચમા ક્રમે છે. જ્યારે વડોદરાનો માનુષ શાહ ભારતમાં ત્રીજા ક્રમે છે અને તે રિઝર્વ બેંક માટે રમશે.

15 બ્લૂ બેજ અમ્પાયર અને 45 નેશનલ-ઈન્ટરનેશનલ અમ્પાયર ફરજ બજાવશે જીએસટીટીએના પ્રમુખ પ્રમોદ ચોધરીએ જણાવ્યું હતું કે, આ ચેમ્પિયનશિપ 16 સ્ટિગા ટેબલ પર રમાશે, જ્યારે DHS રહેશે. ટુર્નામેન્ટ મેનેજર એન. ગણેશને સર્વશ્રેષ્ઠ અધિકારીની ટીમની ખાતરી આપી છે. જેમાં એ. એસ. ક્લેર ચીફ રેફરી રહેશે, જેમને પી. બી. ભાસ્કર, નલીન સોમાણી અને મનીષ હિંગોરાણીની ટીમ સહયોગ કરશે.

# રોહિત-અગરકરની વાત વાઈરલ, પીસી પહેલા માઈક ચાલુ હતું

## કેપ્ટને કહ્યું- પરિવારના નિયમો પર ચર્ચા કરવી પડશે, બધા મને કોલ કરી રહ્યા છે




(એજન્સી)મુંબઈ તા 19

ચેમ્પિયન્સ ટ્રોફી માટે ટીમ ઈન્ડિયાની જાહેરાત પહેલા ચીફ સિલેક્ટર અજિત અગરકર અને રોહિત શર્મા વચ્ચેની પરસ્પર વાતચીત સામે આવી હતી. બંને BCCIના નિર્ણય વિશે વાત કરી રહ્યા હતા, જેમાં બોર્ડે ખેલાડીઓના પરિવારને વિદેશ પ્રવાસ પર લઈ જવાના નિયમોને કડક બનાવ્યા છે.હવે મારે પરિવારના નિયમો વિશે ચર્ચા કરવા સેક્રેટરી સાથે બેસવું પડશે. બધા ખેલાડીઓ મને ફોન કરી રહ્યા છે. હકીકતમાં, આ બધું શનિવારે મુંબઈમાં પ્રેસ કોન્ફરન્સ શરૂ થયા પહેલા થયું હતું. બંનેને ખબર નહોતી કે માઈક ચાલુ છે. તેઓ સહજપણે બોર્ડની પારિવારિક નીતિ પર એકબીજાની વચ્ચે વાત કરવા લાગ્યા. જ્યારે પીસી દરમિયાન પત્રકારોએ રોહિતને આ અંગે સવાલ કર્યો તો તેણે કહ્યું, 'તમને આ નિયમો વિશે કોણે કહ્યું? શું આ બોર્ડના ઑફિશિયલ હેન્ડલમાંથી આવે છે? તેને ઑફિશિયલ થવા દો. પછી વાત કરીશું.'મુખ્ય પસંદગીકાર અજીત અગરકરે જસપ્રીત બુમરાહની ફિટનેસ પર કહ્યું, 'અમે જસપ્રીત બુમરાહના ફિટનેસ રિપોર્ટની રાહ જોઈ રહ્યા છીએ. ફેબ્રુઆરીની શરૂઆતમાં BCCIની મેડિકલ ટીમ પાસેથી તેની સ્થિતિ જાણવા મળશે. હર્ષિત રાણાને ઈંગ્લેન્ડની વન-ડે શ્રેણી માટે બુમરાહના બેકઅપ તરીકે ટીમમાં સામેલ કર્યો છે.

### રોહિતના PC વિશે 3 મોટી વાતો...

પોતાની રણજી ટ્રોફી રમવા પર... રોહિતને જ્યારે તેની પોતાની ઉપલબ્ધતા વિશે પૂછવામાં આવ્યું તો તેણે કહ્યું, 'જો તમે છેલ્લા 6-7 વર્ષનું અમારું કેલેન્ડર જુઓ તો એવું ક્યારેય બન્યું નથી કે અમે 45 દિવસથી ઘરે બેઠા હોઈએ. આવું ત્યારે જ થાય છે જ્યારે IPL પછી તરત જ કોઈ આંતરરાષ્ટ્રીય મેચ ન હોય.' બુમરાહની ફિટનેસ પર... અત્યારે અમને બુમરાહ વિશે ખાતરી નથી, તેથી અમે અર્શદીપ સિંહને પસંદ કર્યો જેથી જરૂર પડે તો તે તેની ભૂમિકા ભજવી શકે.

# કર્ણાટક પાંચમી વખત વિજય હજારે ટ્રોફી જીત્યું

(એજન્સી) વડોદરા તા 19

કર્ણાટક પાંચમી વખત વિજય હજારે ટ્રોફી ટાઈટલ જીત્યું છે. ટીમે રવિવારે પ્રથમ વખત ફાઈનલ રમી રહેલા વિદર્ભને 36 રનથી હરાવ્યું હતું. વડોદરામાં પ્રથમ બેટિંગ કરતા કર્ણાટકે 6 વિકેટ ગુમાવીને 348 રન બનાવ્યા હતા. જવાબમાં વિદર્ભ 312 રન જ બનાવી શક્યું હતું.

સિઝનમાં 5 સદી ફટકારનાર વિદર્ભનો કેપ્ટન કરુણ નાયર માત્ર 27 રન જ બનાવી શક્યો હતો. ઓપનર ધ્રુવ શૌરેએ સદી ફટકારી હતી, પરંતુ તે પોતાની ટીમને જીત તરફ લઈ જઈ શક્યો ન હતો. કર્ણાટક તરફથી મિડલ ઓર્ડર બેટર રવિચંદ્રન સ્મરણએ 101 રનની ઈનિંગ રમી હતી. ટીમ તરફથી પ્રસિદ્ધ ક્રિષ્ના, વાસુકી કૌશિક અને અભિલાષ શેટ્ટીએ 3-3 વિકેટ લીધી હતી. કર્ણાટકની 3 વિકેટ વહેલી પડી ગઈ હતી



કોટંબી સ્ટેડિયમમાં વિદર્ભે ટૉસ જીતીને બોલિંગ પસંદ કરી હતી. કર્ણાટકની શરૂઆત ખરાબ રહી હતી, ટીમે 67 રનમાં 3 વિકેટ ગુમાવી દીધી હતી. કેપ્ટન મયંક અગ્રવાલ માત્ર 32 રન, દેવદત્ત પડિકલ માત્ર 8 અને કે.વી. અનીશ માત્ર 23 રન જ બનાવી શક્યા હતા. ત્યારબાદ સ્મરણે વિકેટકીપર કૃષ્ણન શ્રીજીત સાથે ઈનિંગની જવાબદારી સંભાળી હતી. બંનેએ ટીમના સ્કોરને 200ની પાર પહોંચાડી દીધો હતો.

કર્ણાટકનો કેપ્ટન મયંક અગ્રવાલ ફાઈનલમાં માત્ર 32 રન જ બનાવી શક્યો હતો. શ્રીજીથ 78 રન બનાવીને આઉટ થયો હતો, તેણે સ્મરણ સાથે ચોથી વિકેટ માટે 160 રનની ભાગીદારી કરી હતી. સ્મરણે સદી ફટકારીને ટીમનો સ્કોર 300ની પાર પહોંચાડ્યો હતો. તેણે અભિનવ મનોહર સાથે પાંચમી વિકેટ માટે 106 રન જોડ્યા. સ્મરણે 101 રન બનાવ્યા હતા, જ્યારે મનોહર 79 રન બનાવીને આઉટ થયો હતો. ધ્રુવ શૌરેએ સદી ફટકારી હતી, તે 110 રન બનાવીને આઉટ થયો હતો અને વિદર્ભની ફાઈનલમાં જીતવાની આશાઓ પર પાણી ફરી વળ્યું હતું. તેના પછી અપૂર્વ વાનખેડેએ 12 રન, નચિકેત ભુટેએ 5 રન અને દર્શન નલકાંડેએ 11 રન બનાવ્યા હતા.

હર્ષ દુબેએ ઝડપી 63 રન બનાવ્યા, પરંતુ તે પોતાની ટીમને જીત તરફ લઈ જઈ શક્યો નહીં. વિદર્ભ 312 રન બનાવીને ઓલઆઉટ થઈ ગયું હતું.

કર્ણાટક તરફથી વાસુકી કૌશિક, પ્રસિદ્ધ ક્રિષ્ના અને અભિલાષ શેટ્ટીએ 3-3 વિકેટ લીધી હતી. હાર્દિક રાજને એક સફળતા મળી હતી. 349 રનના ટાર્ગેટ સામે વિદર્ભે 6ના રન રેટથી બેટિંગ કરી હતી.

# ગુજરાત ટાઈટન્સની જુનિયર ટાઈટન્સની બીજી સિઝનનો પ્રારંભ

(એજન્સી) નવી દિલ્હી તા 19

પહેલી સિઝનની જ્વલંત સફળતાના પગલે ગુજરાત ટાઈટન્સ 'જુનિયર ટાઈટન્સ'ની બીજી સિઝનની જાહેરાત કરી છે. જુનિયર ટાઈટન્સ એ 14 વર્ષથી ઓછી ઉંમરના બાળકોમાં આઉટડોર સ્પોર્ટ્સ માટેનો જુસ્સો જગાવવા માટે સમર્પિત એક અનોખી પહેલ છે. 'Let's Sport Out'ના સિદ્ધાંતો ધરાવતી જુનિયર ટાઈટન્સ નાના બાળકો માટે આઉટડોર સ્પોર્ટ્સ પ્રત્યે તેઓને એક્સપોઝર મળે અને તેઓ આઉટડોર ગેમ રમવા પ્રેરાય, તે માટે આની જાહેરાત થઈ છે.



જુનિયર ટાઈટન્સની આ ઈવેન્ટ્સ ગુજરાતના પાંચ મહત્વના શહેરો અમદાવાદ, જૂનાગઢ, ભાવનગર, ભરૂચ અને પાલનપુર ખાતે યોજાશે. ટોચની સ્પેનિશ ફૂટબોલ લીગ LALIGA એ આ પ્રોગ્રામની બીજી સિઝન માટે તેનો સહયોગ ચાલુ રાખ્યો છે અને આ ઈવેન્ટ્સમાં તે ફૂટબોલ વર્કશોપ્સ યોજશે. આ સિઝનમાં LALIGAના એક્સપર્ટ ટેક્નિકલ કોચ યુવા પ્રતિભાઓને ફિલ્ડના શ્રેષ્ઠ લોકો પાસેથી શીખવાની તક પૂરી પાડશે. આ સહયોગ ભાગ લઈ રહેલા બાળકોને ટ્રેનિંગ પૂરી પાડશે.બીજી સિઝનમાં જાપાનની ખૂબ જ લોકપ્રિય બ્રાન્ડ્સ પૈકીની એક પોકેમોન પણ જોવા મળશે. તેઓ જુનિયર ટાઈટન્સ સાથે જોડાયા છે. તે બાળકોને તેમના પ્રિય પોકેમોન કેરેક્ટર્સ સાથે મળવાની, સ્થળ ખાતે રોમાંચક પ્રવૃત્તિઓમાં ભાગ લેવાની અને સુંદર મર્ચેન્ડાઈઝ ઘરે લઈ જવાની તક આપશે.

# ઓસ્ટ્રેલિયન ઓપન: બોપન્ના-ઝાંગની જોડી મિક્સ ડબલ્સના બીજા રાઉન્ડમાં

(એજન્સી) નવી દિલ્હી તા 19

ભારતના રોહન બોપન્ના અને તેના ચાઈનીઝ પાર્ટનર શુઆઈ ઝાંગ શુક્રવારે ઓસ્ટ્રેલિયન ઓપનના મિક્સ ડબલ્સના બીજા રાઉન્ડમાં પહોંચી ગયા છે. ચાર વખતનો ગ્રાન્ડ સ્લેમ ચેમ્પિયન કાર્લોસ અલ્કારાઝ પણ આ જીત સાથે મેન્સ સિંગલ્સના ચોથા રાઉન્ડમાં પહોંચી ગયો છે. સ્પેનના ત્રીજા ક્રમાંકિત અલ્કારાઝે પોર્ટુગલના નુનો બોર્ગેસને 6-2, 6-4, 6-7, 6-2થી કપરા મુકાબલામાં હરાવ્યો હતો. આ સાથે જ જર્મનીના એલેક્ઝાન્ડર ઝવેરેવે ત્રીજા રાઉન્ડમાં સીધા સેટમાં જીત મેળવી હતી. અલ્કારાઝે પોર્ટુગલના નુનો બોર્ગેસને 6-2, 6-4, 6-7, 6-2થી કપરા મુકાબલામાં હરાવ્યો હતો.બીજા ક્રમાંકિત એલેક્ઝાન્ડર ઝવેરેવે શુક્રવારે ત્રીજા રાઉન્ડમાં બ્રિટનના જેકબ ફર્નલીને સીધા સેટમાં હરાવ્યો હતો. આ સાથે તે ચોથા રાઉન્ડમાં પહોંચી ગયો છે. માર્ગારેટ કોર્ટ એરેનામાં 2 કલાક અને 2 મિનિટ સુધી ચાલેલી મેચમાં 27 વર્ષીય જર્મન ખેલાડીએ જેકબને 6-3, 6-4, 6-4થી હરાવ્યો હતો. ઝવેરેવની આ 28મી ઓસ્ટ્રેલિયન ઓપન જીત છે.ઓસ્ટ્રેલિયન ઓપન એ વર્ષનો પ્રથમ ગ્રાન્ડ સ્લેમ છે. ઓસ્ટ્રેલિયાના લૉન ટેનિસ એસોસિયેશનએ 1905માં આ ટુર્નામેન્ટની શરૂઆત કરી હતી,

# ગાઝામાં 15 મહિના બાદ ઈઝરાયલ-હમાસ યુદ્ધ બંધ

## આજે ઈઝરાયલના 3 બંધકોને મુક્ત કરવામાં આવશે ;નેતન્યાહુએ કહ્યું- જરૂર પડ્યે ફરીથી યુદ્ધ શરૂ કરવાનો અધિકાર છે

(એજન્સી) તેલ અવીવ તા 19

ઈઝરાયલ અને હમાસ વચ્ચે ગાઝામાં 15 મહિનાથી ચાલી રહેલું યુદ્ધ આજથી બંધ થશે. યુદ્ધવિરામનો પ્રથમ તબક્કો રવિવાર, 19 જાન્યુઆરીથી શરૂ થઈ રહ્યો છે. પ્રથમ દિવસે, હમાસ ઈઝરાયલના 3 બંધકોને મુક્ત કરશે. તેમને સ્થાનિક સમય મુજબ સાંજે 4 વાગ્યે મુક્ત કરવામાં આવશે. હમાસે હજુ સુધી મુક્ત કરવામાં આવનાર બંધકોના નામ જાહેર કર્યા નથી. ઈઝરાયલની કેબિનેટે શનિવારે હમાસ સાથેના યુદ્ધવિરામ કરારને મંજૂરી આપી હતી. વડાપ્રધાન બેન્જામિન નેતન્યાહૂના કાર્યાલયે એક નિવેદન જાહેર કરીને આની પુષ્ટિ કરી છે. બંધકોના નામ જાહેર ન કરવા પર ઈઝરાયલના વડાપ્રધાને કહ્યું કે જો નામ જાહેર નહીં થાય તો અમે યુદ્ધવિરામને આગળ વધારી શકીશું નહીં. નેતન્યાહુએ જરૂર પડ્યે ફરીથી યુદ્ધ શરૂ કરવાની વાત પણ કરી હતી. નેતન્યાહુએ શનિવારે એક ટેલિવિઝન પર ભાષણ દરમિયાન આ વાત કહી હતી. આ ડીલ 3 તબક્કામાં પૂર્ણ થશે. પ્રથમ તબક્કામાં હમાસ ઈઝરાયલમાંથી અપહરણ કરાયેલા 33 બંધકોને મુક્ત કરશે. તેમજ ઈઝરાયલની સેના ગાઝા બોર્ડરથી 700 મીટર દૂર પાછળ હટશે. ઈઝરાયેલમાં ન્યાય મંત્રાલયે 95 પેલેસ્ટિનિયન કેદીઓની યાદી પણ જાહેર કરી છે, જેમને પ્રથમ તબક્કામાં મુક્ત કરવામાં આવશે. જેમાં 69 મહિલાઓ, 16 પુરૂષો અને 10 સગીરોનો સમાવેશ થાય છે. યુદ્ધવિરામ ડીલ ત્રણ તબક્કામાં પૂર્ણ થશે

15 જાન્યુઆરીએ જો બાઈડને કહ્યું કે આ ડીલ 19 જાન્યુઆરી રવિવારથી ત્રણ તબક્કામાં શરૂ થશે. આમાં 42 દિવસ સુધી બંધકોની આપ-લે કરવામાં આવશે. પ્રથમ તબક્કો: ગાઝામાં 19 જાન્યુઆરીથી 1 માર્ચ સુધી સંપૂર્ણ યુદ્ધવિરામ રહેશે. હમાસ ઈઝરાયલના 33 બંધકોને મુક્ત કરશે. ઈઝરાયલ તેના એક બંધકના બદલામાં દરરોજ 33 પેલેસ્ટિનિયન કેદીઓને મુક્ત કરશે. દરેક ઈઝરાયલ મહિલા સૈનિક માટે, 50 પેલેસ્ટિનિયન કેદીઓને મુક્ત કરવામાં આવશે. જો પ્રથમ તબક્કાના 16મા દિવસે એટલે કે 3જી ફેબ્રુઆરી સુધી બધું બરાબર રહેશે તો બીજા તબક્કાની યોજના પર વાતચીત શરૂ થશે. આ દરમિયાન કોઈ હુમલો કરવામાં આવશે નહીં. બચી ગયેલા બાકીના બંધકોને મુક્ત કરવામાં આવશે. પીએમ નેતન્યાહુના લિકુડના મંત્રીના મંત્રી ડેવિડ અમ્સલેમ અને અમીચાઈ ચિકલી એ આઠ મંત્રી ઓમાં સામેલ હતા જેમણે યુદ્ધવિરામની વિરુદ્ધમાં મતદાન કર્યું હતું. આ સિવાય સરકારમાં સામેલ ઓત્ઝમા યેહુદિત પાર્ટીના 6 મંત્રીઓએ પણ યુદ્ધવિરામના વિરોધમાં મતદાન કર્યું હતું.કતારની રાજધાની દોહામાં છેલ્લા ઘણા અઠવાડિયાથી યુદ્ધવિરામ માટેની વાટાઘાટો ચાલી રહી હતી. આ વાતચીતમાં ઈજિપ્ત અને અમેરિકા પણ સામેલ હતા. અલ જઝીરાના અહેવાલ મુજબ, કતારના પીએમ થાનીએ બુધવારે હમાસ અને ઈઝરાયલના પ્રતિનિધિઓ સાથે મુલાકાત કરી હતી, ત્યારબાદ આ ડીલ પૂર્ણ થઈ હતી. ઈજિપ્ત, કતાર અને અમેરિકાની મદદથી કતારની રાજધાની દોહામાં આ સમજુતી પર વાટાઘાટો કરવામાં આવી હતી. ઈઝરાયલનું પ્રતિનિધિત્વ મોસાદ ચીફ ડેવિડ બાર્નિયા અને શિન બેટ ચીફ રોનેન બારે કર્યું હતું. તેમજ, યુએસ તરફથી ટ્રમ્પના દૂત સ્ટીવ વિટકોફ અને બાઈડનના દૂત બ્રેટ મેકગર્ક અહીં હાજર હતા.

ગાઝામાં બંધકોની મુક્તિ અને યુદ્ધવિરામ ડીલ અંગે મે 2024 સુધી વાતચીત ચાલુ હતી. આ મામલે દેશમાં એક વર્ષથી પ્રદર્શન પણ ચાલી રહ્યું હતું.આ પહેલા શુક્રવારે ઈઝરાયલના સુરક્ષા મંત્રી અને નેતા બેન-ગવીર ઈટામારે હમાસ સાથેના યુદ્ધવિરામ કરારનો વિરોધ કર્યો હતો. જો ડીલ મંજૂર થશે તો સરકાર પાસેથી ટેકો પાછો ખેંચી લેવાની ધમકી આપી હતી. પ્રથમ તબક્કાના બંધકોને મુક્ત કર્યાના 15 દિવસ બાદ હમાસ બાકીના બંધકોને મુક્ત કરશે. આ દરમિયાન બંને પક્ષો કાયમી સીઝફાયર અંગે વાત કરશે.




ઈઝરાયેલ 700થી વધુ પેલેસ્ટાઈન કેદીઓને મુક્ત કરશે. તેમના નામની યાદી પણ જાહેર કરવામાં આવી છે. આ યાદીમાં સામેલ ઘણા લોકો હમાસ અને પેલેસ્ટિનિયન ઈસ્લામિક જેહાદના સભ્યો સહિત હત્યાના આરોપમાં આજીવન કેદની સજા ભોગવી રહ્યા છે. 7 ઓક્ટોબર 2023ના રોજ હમાસ ઈઝરાયલમાં ઘૂસીને 1200 લોકોની હત્યા કરી હતી અને 251ને બંધક બનાવી હતી. તેના થોડા કલાકો બાદ ઈઝરાયલી સેનાએ ગાઝા પર હુમલો કર્યો.

## હસીનાએ કહ્યું, મોત મારાથી માત્ર 20-25 મિનિટ દૂર હતું

(એજન્સી) ઢાકા તા 19

શેખ હસીનાએ ઓડિયો ક્લિપમાં કહ્યું કે હું પીડિત છું, હું મારા દેશ અને મારા ઘરથી દૂર છું, મારું બધું જ સળગી ગયું છે. બાંગ્લાદેશના ભૂતપૂર્વ વડાપ્રધાન શેખ હસીનાએ તેમના રાજકીય વિરોધીઓ પર તેમની હત્યાનું કાવતરું ઘડવાનો આરોપ લગાવ્યો છે. ન્યૂઝ એજન્સી ANI મુજબ, હસીનાની પાર્ટી અવામી લીગે તેની ઓડિયો ક્લિપ જાહેર કરી છે. આમાં હસીનાએ જણાવ્યું કે કેવી રીતે તે અને તેમના બહેન ગયા વર્ષે ઓગસ્ટમાં પોતાનો જીવ બચાવવા દેશ છોડીને ભાગ્યા હતા. હું પીડિત છું, હું મારા દેશ અને મારા ઘરથી દૂર છું, બધું સળગી ગયું છે. મારા વિરોધીઓએ મને મારવાનું કાવતરું ઘડ્યું પણ હું બચી ગઈ. કારણ કે હું માનું છું કે મારા પર અલ્લાહનો હાથ છે જેણે મને બચાવી. શેખ હસીનાએ વધુમાં કહ્યું કે, 2000ના કોટાલીપારામાં બોમ્બ બ્લાસ્ટમાં મારું બચવું, 21 ઓગસ્ટ 2004ના હુમલામાં મારું બચવું અને 5 ઓગસ્ટ, 2024ના રોજ મારું બચી જવું એ બધું અલ્લાહની ઈચ્છાથી છે. જો આવું ન થયું હોત તો હું બચી શકી ન હોત. 21 ઓગસ્ટ 2004ના રોજ ઢાકામાં તેમના પર ગ્રેનેડથી હુમલો કરવામાં આવ્યો હતો, જેમાં 24 લોકો માર્યા ગયા હતા. 5 ઓગસ્ટ 2024ના રોજ હિંસક ક્રાંતિ પછી હસીના સરકારને ઉથલાવી દેવામાં આવી હતી, ત્યારબાદ તે તેની બહેન સાથે ભારત આવી ગયા હતા.બાંગ્લાદેશમાં બળવા પછી બનેલી યુનુસ સરકારે હસીના વિરુદ્ધ હત્યા, અપહરણથી લઈને રાજદ્રોહ સુધીના 225થી વધુ કેસ નોંધ્યા છે. તેમજ, બાંગ્લાદેશ સરકારે ચેતવણી આપી છે કે ભારતમાં રહીને હસીનાએ આપેલા નિવેદનો બંને દેશોના સંબંધોને બગાડી રહ્યા છે.બાંગ્લાદેશ સરકારે જુલાઈમાં થયેલી હત્યાઓને કારણે શેખ હસીનાનો પાસપોર્ટ પણ રદ કરી દીધો છે. બાંગ્લાદેશની ઈન્ટરનેશનલ ક્રિમિનલ ટ્રિબ્યુનલે તેમની સામે ધરપકડ વોરંટ જારી કર્યું હતું.

### હજારો પ્રદર્શનકારીઓ પોસ્ટરો અને બેનરો લઈને રસ્તા પર ઊતર્યા

# અમેરિકામાં ડોનાલ્ડ ટ્રમ્પના શપથગ્રહણનો વિરોધ કર્યો

(એજન્સી) વોશિંગ્ટન તા 19

અમેરિકાના નવા ચૂંટાયેલા રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પ 20 જાન્યુઆરીએ રાષ્ટ્રપતિ પદના શપથ લેવા જઈ રહ્યા છે. તેમના શપથગ્રહણ પહેલાં જ દેશના ઘણા ભાગોમાં તેમના વિરુદ્ધ વિરોધ પ્રદર્શનો થયાં છે. શનિવારે હજારો લોકોએ અલગ-અલગ જગ્યાએ ટ્રમ્પ વિરુદ્ધ પ્રદર્શન કર્યું હતું. 'પીપલ્સ માર્ચ'ના બેનર હેઠળ ટ્રમ્પની નીતિઓ વિરુદ્ધ અનેક NGOના સમૂહે સાથે મળીને પ્રદર્શન કર્યું. ટ્રમ્પ સિવાય પ્રદર્શનકારીઓએ પોસ્ટરો અને બેનરો દ્વારા ઈલોન મસ્ક અને તેના નજીકના સહયોગીઓનો વિરોધ કર્યો હતો. આ પહેલાં પણ આ જૂથે જાન્યુઆરી 2017માં ટ્રમ્પના પ્રથમ શપથગ્રહણનો વિરોધ કર્યો હતો. આ જૂથમાં એબોર્શન એક્શન નાઉ, ધ ફેમિનિસ્ટ ફ્રન્ટ અને વુમન્સ માર્ચ જેવાં સંગઠનોનો સમાવેશ થાય છે. ટ્રમ્પ શપથગ્રહણ માટે વોશિંગ્ટન પહોંચ્યા હતા ડોનાલ્ડ ટ્રમ્પ શપથગ્રહણ માટે રાજધાની વોશિંગ્ટન પહોંચી ગયા છે. ટ્રમ્પે શનિવારે બપોરે ફ્લોરિડાના વેસ્ટ પામ બીચથી એરફોર્સના સી-32 લશ્કરી વિમાનમાં ઉડાન ભરી હતી. તેમની સાથે તેમનાં પત્ની મેલાનિયા અને પુત્ર બેરોન ટ્રમ્પ પણ હતાં. સોમવારે શપથ લીધા બાદ ટ્રમ્પ 100થી વધુ એક્ઝિક્યુટિવ ઓર્ડર પર હસ્તાક્ષર કરશે. તેમની ટીમે તેમના કાર્યકાળની શરૂઆત પહેલાં આ ઓર્ડર તૈયાર કર્યા છે. ઓવલ ઓફિસમાં ટ્રમ્પના ટેબલ પર એને મૂકવામાં આવશે. આ પહેલાં પણ આ જૂથે જાન્યુઆરી 2017માં ટ્રમ્પના પ્રથમ શપથગ્રહણનો વિરોધ કર્યો હતો. આ જૂથમાં એબોર્શન એક્શન નાઉ, ધ ફેમિનિસ્ટ ફ્રન્ટ અને વુમન્સ માર્ચ જેવાં સંગઠનોનો સમાવેશ થાય છે.

ટ્રમ્પના ચૂંટણી વચનો પૂરાં કરવાના ઉદ્દેશથી આ આદેશો તૈયાર કરવામાં આવ્યા છે. એક ઈન્ટરવ્યૂ દરમિયાન ટ્રમ્પે કહ્યું હતું કે તેણે પહેલા દિવસે રેકોર્ડ સંખ્યામાં ઓર્ડર પર સહી કરવાની યોજના બનાવી છે.ન્યૂયોર્ક ટાઈમ્સના જણાવ્યા અનુસાર, આ આદેશોમાં મેક્સિકોની સરહદ સીલ કરવી, ગેરકાયદે ઈમિગ્રન્ટ્સને દેશનિકાલ કરવા અને ટ્રાન્સજેન્ડર્સને મહિલા રમતોમાં ભાગ લેવા પર પ્રતિબંધનો સમાવેશ થઈ શકે છે.કાર્યકારી ઓર્ડર એવા આદેશો છે, જે રાષ્ટ્રપતિ દ્વારા એકપક્ષીય રીતે જાહેર કરવામાં આવે છે અને એમાં કાયદાની તાકાત હોય છે. આ માટે કોંગ્રેસની મંજૂરીની જરૂર નથી. કોંગ્રેસ એને પલટી નહીં શકે, પરંતુ તેને કોર્ટમાં પડકારવામાં આવી શકે છે.અમેરિકામાં સામાન્ય રીતે સત્તાથી બહાર જઈ રહેલા પ્રેસિડેન્ટ નવા રાષ્ટ્રપતિ માટે આવું કરે છે, જોકે ડોનાલ્ડ ટ્રમ્પે 2021માં બાઈડન માટે આવું કર્યું નહોતું. આ કારણે બાઈડનને ખાનગી વિમાન દ્વારા વોશિંગ્ટન આવવું પડ્યું હતું.આ ફ્લાઈટને સ્પેશિયલ એર મિશન 47 નામ આપવામાં આવ્યું હતું. મિશન 47 એટલે કે ડોનાલ્ડ ટ્રમ્પ અમેરિકાના 47મા રાષ્ટ્રપતિ હશે.




## જાપાનનો કાળ એટલે રિંગ ઓફ ફાયર! કેમ મચાવે છે તબાહી?

(એજન્સી )જાપાન તા 19

જાપાનમાં સોમવારે ભૂકંપના આંચકા અનુભવાયા હતા. રિક્ટર સ્કેલ પર તેની તીવ્રતા 6.9 માપવામાં આવી હતી. હવે ભૂકંપ બાદ 2 પ્રાંતો માટે સુનામીની ચેતવણી સરકાર દ્વારા જારી કરવામાં આવી હતી. નીચાણવાળા વિસ્તારોમાં રહેતા લોકોને દરિયા કિનારે ન જવાની સલાહ આપવામાં આવી છે. ભૂકંપ સ્થાનિક સમય મુજબ રાત્રે 9.19 કલાકે આવ્યો હતો. ભૂકંપનું કેન્દ્ર દક્ષિણ-પશ્ચિમ ટાપુ ક્યુશુમાં હતું. સિસ્મોલોજીકલ સેન્ટર અનુસાર, તેની ઊંડાઈ 37 કિમીની ઊંડાઈએ હતી. જાપાની મીડિયા અનુસાર, મિયાઝાકી શહેરમાં 20 સેમી ઉંચી સુનામી આવી છે અને આ વિસ્તારની વસ્તી લગભગ 400,000 છે. એવું પણ જણાવવામાં આવ્યું હતું કે એજન્સી વર્તમાન ભૂકંપનો નાનકાઈ ટ્રફ સાથે કોઈ સંબંધ છે કે કેમ તેની તપાસ કરી રહી છે, જેના માટે તેણે ગયા ઓગસ્ટમાં એડવાઈઝરી જારી કરી હતી. જાપાનમાં વારંવાર આવતા ધરતીકંપોનું એક મોટું કારણ રિંગ ઓફ ફાયર છે. આ શું છે અને શા માટે તે જાપાનમાં તબાહી મચાવે છે, ચાલો જાણીએ. ધ રિંગ ઓફ ફાયર એ સેંકડો જ્વાળામુખી અને ધરતીકંપના સ્થળોની સાંકળ છે જે પેસિફિક મહાસાગર સાથે ચાલે છે. તેનો ન ડી ફુકા, કોકોસ, કેરેબિયન, નાઝકા, એન્ટાર્કટિક, ભારતીય, ઓસ્ટ્રેલિયન અને અન્ય નાની પ્લેટો સહિત અનેક ટેકટોનિક પ્લેટોના મીટિંગ પોઈન્ટને ચિહ્નિત કરે છે.

## રાજનીતિ સિવાય ટ્રમ્પ રહી ચુક્યા છે એક સફળ બિઝનેસમેન

(એજન્સી) અમેરિકા તા 19

અમેરિકામાં ટ્રમ્પનો જાદુ ચાલ્યો છે અને 277ની બહુમતિ સાથે ટ્રમ્પ મહાસત્તા અમેરિકાના રાષ્ટ્રપતિ બન્યા છે. મોદીના મિત્ર અને ભારતની કોઈપણ બાબતમાં પ્રખર હિમાયતી એવા ડોનાલ્ડ ટ્રમ્પે ઘણી રાજકીય ઉથલપાથલ બાદ જીત મેળવવામાં સફળતા હાંસલ કરી છે. રાજનેતા સિવાય ડોનાલ્ડ ટ્રમ્પ એક સફળ ઉદ્યોગપતિ રહ્યા છે અને વિવિધ પ્રકારના વ્યવસાયો સાથે સંકળાયેલા છે. રિયલ એસ્ટેટ: ટ્રમ્પનો મુખ્ય ઉદ્યોગ રિયલ એસ્ટેટ છે. તેમની કંપની ધ ટ્રમ્પ ઓર્ગેનાઈઝેશને ન્યૂયોર્ક, શિકાગો, મિયામી અને અન્ય ઘણા શહેરોમાં મોટી પ્રોપર્ટી વિકસાવી છે. આમાં ટ્રમ્પ ટાવર, ટ્રમ્પ ઈન્ટરનેશનલ હોટેલ અને ટાવર અને અન્ય ઘણી લક્ઝરી રહેણાંક અને વ્યાપારી ઈમારતોનો સમાવેશ થાય છે. હોટેલ્સ અને રિસોર્ટ્સ: ટ્રમ્પે ઘણી હોટેલ્સ અને રિસોર્ટ્સ પણ ખોલેલી છે. ટ્રમ્પ ઈન્ટરનેશનલ હોટેલ્સ અને ગોલ્ફ કોર્સીસ જેવી અનેક હોટલોમાં તેમના નામનો બ્રાન્ડ તરીકે ઉપયોગ થાય છે. ટ્રમ્પની હોટેલ્સ અને ગોલ્ફ કોર્સ યુએસમાં અને આંતરરાષ્ટ્રીય સ્તરે સ્થિત છે, સ્કોટલેન્ડ અને દુબઈમાં પણ તે છે.ગોલ્ફ કોર્સ: ટ્રમ્પે વિશ્વભરમાં અનેક ગોલ્ફ ગોલ્ફ અને રિસોર્ટ પ્રોપર્ટીના ભાગરૂપે યુએસ, સ્કોટલેન્ડ, આયર્લેન્ડ અને અન્ય ઘણા દેશોમાં ગોલ્ફ કોર્સ છે.

### અમેરિકા તથા વિશ્વભરમાં વિવિધ ક્ષેત્રે શ્રેષ્ઠ પ્રદાન કરનારને આ પારિતોષિક અપાય છે : તે સમારોહમાં પ્રમુખ ભાવુક બની રહ્યા

# અમેરિકામાં TikTok બંધ:સુપ્રીમ કોર્ટે 17 જાન્યુઆરીએ પ્રતિબંધને મંજૂરી આપી હતી

(એજન્સી) વોશિંગ્ટન તા 19

TikTok એ અમેરિકામાં કામ કરવાનું બંધ કરી દીધું છે. હવે અમેરિકામાં લોકો આ શોર્ટ-વિડિયો પ્લેટફોર્મનો ઉપયોગ કરી શકતા નથી. મહિનાઓની કાનૂની લડાઈ બાદ, 17 જાન્યુઆરીએ, અમેરિકાની સુપ્રીમ કોર્ટે રાષ્ટ્રીય સુરક્ષાની ચિંતાઓને ટાંકીને TikTok પર પ્રતિબંધ મૂકવાના કાયદાને મંજૂરી આપી હતી. Apple Hubએ અહેવાલ આપ્યો છે કે TikTok એપને અમેરિકન એપ સ્ટોર પરથી હટાવી દેવામાં આવી છે. મીડિયા રિપોર્ટ્સ મુજબ, અમેરિકામાં TikTok યુઝર્સ જ્યારે એપ ખોલે છે ત્યારે આ મેસેજ જોઈ રહ્યા છે - 'અમેરિકામાં TikTok પર પ્રતિબંધ લગાવતો કાયદો લાગુ કરવામાં આવ્યો છે. કમનસીબે, આનો અર્થ એ છે કે તમે અત્યારે TikTok નો ઉપયોગ કરી શકતા નથી. અમે ભાગ્યશાળી છીએ કે રાષ્ટ્રપતિ ટ્રમ્પે સંકેત આપ્યો છે કે તેઓ સત્તા સંભાળ્યા પછી TikTok ફરીથી શરૂ કરવાના ઉકેલ પર અમારી સાથે કામ કરશે.હાલમાં તે ટૂંકા વીડિયો શેરિંગ પ્લેટફોર્મને આપવામાં આવેલી સમય મર્યાદાને માત્ર આગામી 90 દિવસ માટે લંબાવવાનું વિચારી રહ્યા છે. જો ટ્રમ્પ આ અંગે અંતિમ નિર્ણય પર પહોંચે છે તો તેઓ સોમવારે તેની જાહેરાત કરી શકે છે.અમેરિકાના નવા જાન્યુઆરીએ રાષ્ટ્રપતિ પદના શપથ લેવા જઈ રહ્યા છે.




### ટ્રમ્પે જિનપિંગ સાથે વેપાર અને ટિકટોક પર વાત કરી

## ટ્રમ્પ શપથ લીધા બાદ ચીન જશે:ચીની રાષ્ટ્રપતિ સાથે ગઈકાલે ફોન પર વાત કરી

(એજન્સી) વોશિંગ્ટન તા 19

અમેરિકાના નવા ચૂંટાયેલા રાષ્ટ્રપતિ ડોનાલ્ડ શપથ લીધા બાદ ચીનની મુલાકાત લેશે. વોલ સ્ટ્રીટ જર્નલના અહેવાલ મુજબ ટ્રમ્પ ચીન સાથેના સંબંધોને ગાઢ બનાવવા માટે બેઈજિંગની મુલાકાત લેવા ઈચ્છે છે. તેમણે પોતાના કાર્યકાળના 100 દિવસમાં આ પ્રવાસ કરવાની ઈચ્છા વ્યક્ત કરી છે. ચૂંટણી પ્રચાર દરમિયાન ટ્રમ્પે ચીન પર ટેરિફ વધારવાની વાત કરી હતી. ત્યારથી બંને દેશો વચ્ચે તણાવ વધી ગયો છે. ટ્રમ્પે જિનપિંગને તેમના શપથ ગ્રહણ માટે આમંત્રણ પણ આપ્યું છે. જિનપિંગે ઉપરાષ્ટ્રપતિ હાન ઝેંગને શપથ ગ્રહણમાં મોકલવાનો નિર્ણય લીધો છે. રિપોર્ટમાં કહેવામાં આવ્યું છે કે, ટ્રમ્પે તેમના સલાહકારો સાથે પણ ભારતની મુલાકાત અંગે વાત કરી છે. ગયા મહિને ભારતીય વિદેશ મંત્રી એસ જયશંકરની અમેરિકાની મુલાકાત દરમિયાન ટ્રમ્પની ભારત મુલાકાતને લઈને પ્રાથમિક વાતચીત પણ થઈ હતી. વોલ સ્ટ્રીટ જર્નલ અનુસાર, ટ્રમ્પે ચીનને ફેન્ટાનીલ સપ્લાય કરતા ઉત્પાદકો પર કડક કાર્યવાહી કરવા કહ્યું છે. બીજી તરફ ટ્રમ્પ ચીનની આયાત પર નવા ટેરિફની યોજના પર પણ કામ કરી રહ્યા છે.

## ડોનાલ્ડ ટ્રમ્પની શપથવિધિ બાદ શિકાગોમાં ગેરકાયદે લોકોને હાંકી કાઢવા પહેલી રેડ

(એજન્સી) વૉશિંગ્ટન તા 19

અમેરિકાના નવા ચૂંટાયેલા રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પ સોમવારે શપથ લેશે પરંતુ આ પહેલા જ ટ્રમ્પે ગેરકાયદે પ્રવાસીઓને અમેરિકામાંથી હાંકી કાઢવા માટે ટીમ બનાવી દીધી છે. શપથના બીજા દિવસથી ટીમ ટ્રમ્પના બહુચર્ચિત ચૂંટણી વચનોને લાગુ કરવા શરૂ કરી દેશે. સૂત્રોના જણાવ્યા પ્રમાણે ટીમ મંગળવારે શિકાગોમાં પહેલી રેડ કરીને ગેરકાયદે પ્રવાસીઓની ધરપકડ કરવાની શરૂઆત કરશે. આ ટીમમાં 150 એજન્ટસ છે. આ ઉપરાંત ટ્રમ્પ પ્રશાસને એક હજાર એજન્ટને એલર્ટ મોડ પર રહેવાનો આદેશ આપ્યો છે. ઈમિગ્રશન અને કસ્ટમ વિભાગે આ અભિયાનનું નામ ઓપરેશન સેફગાર્ડ રાખ્યું છે. ડિપોર્ટેશન આયોજન પર વાત કરતા ટોમ હોમેને કહ્યું કે ટ્રમ્પ રાષ્ટ્રપતિ પદના શપથ લેતા જ દેશભરમાં દરોડા પાડવામાં આવશે. તેમજ ટીમ એ કંપનીઓ પર દરોડા પાડશે જે કંપની ગેરકાયદે પ્રવાસીઓને કામ આપે છે. બાઈડને આવી પ્રથા પર રોક લગાવી દીધી હતી. ચૂંટણી પ્રચાર દરમિયાન ટ્રમ્પ ઘણી વાર 10 લાખથી વધુ ગેરકાયદે પ્રવાસીઓને દેશમાંથી હાંકી કાઢવાની વાત કરી હતી.ડોનાલ્ડ ટ્રમ્પ પોતાની ટીમમાં અત્યાર સુધીમાં 54 સભ્યોની નિમણૂક કરી છે. જેમાં 14 સભ્યો કમિટીની સામે હાજર થયા. જેમાં રક્ષા મંત્રી પીટ હેગસેથ, ગૃહમંત્રી ક્રિસ્ટી નિયોમ, વિદેશ મંત્રી માર્ક રૂબિયો અને એટોર્ની જનરલ પામ બોન્ડી જેવા મહત્ત્વના સભ્યો સામેલ છે. આ તમામ સભ્યોની પસંદગી સેનેટમાં મતદાન દ્વારા થઈ શકશે. વિવેક રામાસ્વામી અને ઈલોન મસ્કને સેનેટથી મંજૂરી જરૂરી નથી.ટ્રમ્પના શપથ ગ્રહણ સમારોહમાં ભારતનું પ્રતિનિધિત્વ વિદેશ મંત્રી એસ. જયશંકર કરશે. આ બેઠકમાં ઓસ્ટ્રેલિયાના ઈવાયા પણ સામેલ થશે. સૂત્રો પ્રમાણે ક્વાડ દેશ ભારત, ઓસ્ટ્રેલિયા અને જાપાનના વિદેશ મંત્રીઓની સાથે અમેરિકાના નિમાયેલા વિદેશ મંત્રી માર્ક રૂબિયો પણ સામેલ થશે.

## ચાઈનાને લઈને ટ્રમ્પ પ્રશાસનની શું રહેશે નીતિ, અમેરિકાના નવા NSAએ આપ્યા સંકેત

(એજન્સી) અમેરિકા તા 19

અમેરિકાના નવા રાષ્ટ્રીય સુરક્ષા સલાહકાર માઈક વોલ્ટ્ઝે ચીનને લઈને ટ્રમ્પ પ્રશાસનનું વલણ સ્પષ્ટ કર્યું છે. તેમણે કહ્યું કે નવા ચૂંટાયેલા રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પ માને છે કે અમેરિકા ચીનની કમ્યુનિસ્ટ પાર્ટી સાથેના મુકાબલો ટાળી શકે છે. ડોનાલ્ડ ટ્રમ્પ 20 જાન્યુઆરીએ અમેરિકાના રાષ્ટ્રપતિ તરીકે શપથ લેશે. પરંતુ, આ દરમિયાન, તેમની વિદેશ નીતિ કેવી હશે, ખાસ કરીને ચીન સાથેના અમેરિકાના સંબંધોને લઈને ઘણી અટકળો લગાવવામાં આવી રહી છે. દરમિયાન, છે. માઈક વોલ્ટ્ઝે સંકેતો આપ્યા માઈક વોલ્ટ્ઝે આઉટગોઈંગ પ્રેસિડેન્ટ જો બિડેનની ચીન અને ઈન્ડો-પેસિફિક નીતિના ઘણા પાસાઓને ચાલુ રાખવાનો સંકેત આપ્યો છે.

## ઈરાનની સુપ્રીમ કોર્ટમાં ફાયરિંગ, 2 જજની હત્યા લોકોને ફાંસીની સજા આપતા એટલે હેંગમેન કહેવાતા

(એજન્સી) તેહરાન તા 19

તેહરાનમાં ઈરાનની સુપ્રીમ કોર્ટમાં શનિવારે એક વ્યક્તિએ ગોળીબાર કર્યો હતો. આ હુમલામાં બે જજના મોત થયા હતા. તે જ સમયે, સુપ્રીમ કોર્ટના પ્રવક્તા અસગર જહાંગીરે દાવો કર્યો છે કે જજોને તેમના રૂમમાં ઘૂસીને માર્યા ગયા હતા.

બંને જજ રાષ્ટ્રીય સુરક્ષા, આતંકવાદ અને જાસૂસીના કેસની સુનાવણી કરી રહ્યા હતા. બંને પર ગોળીબાર કર્યા બાદ હુમલાખોરે આત્મહત્યા પણ કરી લીધી હતી. સમગ્ર ઘટનામાં અન્ય એક જજ પણ ઘાયલ થયા છે. આ સિવાય એક અંગરક્ષક પણ ઘાયલ થયો છે. રિપોર્ટ અનુસાર, આ હુમલો સ્થાનિક સમય અનુસાર સવારે 10:45 વાગ્યે થયો હતો. સુપ્રીમ કોર્ટના ત્રણ જજોને નિશાન બનાવાયા હતા. માર્યા ગયેલા ન્યાયાધીશો, જેમની ઓળખ અલી રજની અને મોગીસેહ તરીકે થઈ છે, તેઓ ઈરાની ન્યાયતંત્રના વરિષ્ઠ ન્યાયાધીશોમાંના એક હતા. મીડિયા રિપોર્ટ્સ અનુસાર, વધુ ફાંસીની સજા આપવાને કારણે બંને જજોને હેંગમેન કહેવાતા હતા.અહેવાલો અનુસાર હુમલાખોર ન્યાય વિભાગનો કર્મચારી હતો. ઈરાન ઈન્ટરનેશનલ અનુસાર, તેહરાનના કોર્ટ હાઉસમાંથી ઘણા લોકોની ધરપકડ કરવામાં આવી છે. અધિકારીઓએ જણાવ્યું કે હુમલા પાછળનો હેતુ જાણવા માટે તપાસ શરૂ કરી દેવામાં આવી છે. 1988માં અલી રજનીની હત્યાનો પ્રયાસ પણ થયો હતો. તે દરમિયાન તેની બાઈકમાં મેગ્નેટિક બોમ્બ ફીટ કરવામાં આવ્યો હતો. તે જ સમયે, યુએસ ટ્રેઝરી વિભાગ અનુસાર, યુએસએ 2019માં બીજા જજ મોગીસેહ પર પ્રતિબંધ મૂક્યો હતો. ઈરાન એ દેશોમાંનો એક છે જ્યાં વિશ્વમાં સૌથી વધુ મૃત્યુદંડની સજા આપવામાં આવે છે. સગીરોને મૃત્યુદંડ ન આપવાના યુનાઈટેડ નેશન્સ કન્વેન્શન પર હસ્તાક્ષર કરવા છતાં, ઈરાન એ ટોચના દેશોમાં છે જ્યાં મૃત્યુદંડ સૌથી વધુ આપવામાં આવે છે. એમ્નેસ્ટી ઈન્ટરનેશનલના જણાવ્યા અનુસાર ઈરાનમાં 9 વર્ષની ઉંમર વટાવ્યા બાદ છોકરીઓને મૃત્યુદંડ આપવામાં આવી શકે છે. છોકરાઓ માટે આ ઉંમર 15 વર્ષની છે. 2005 થી 2015 ની વચ્ચે લગભગ 73 બાળકોને ફાંસીની સજા આપવામાં આવી છે.

# EPFOનો મોટો નિર્ણય, હવે કર્મચારી જાતે PF ઓનલાઈન ટ્રાન્સફર કરી શકશે

(એજન્સી) નવી દિલ્હી । તા. 19

નિવૃત્ત થતાં કર્મચારીના પ્રોવિડન્ટ ફંડનું ખાતું પહેલી ઓક્ટોબરથી 2017થી કે તે પહેલાથી આધાર કાર્ડ સાથે લિન્ક થયેલું હશે તો તે ઓનલાઈન પ્રોસેસ કરીને તેના પ્રોવિડન્ટ ફંડના નાણાં તેની બેન્કના ખાતામાં જમા મેળવી શકશે. ઈપીએફ ખાતાનું ઇ-કેવાયસી કરાવીને માલિકની દરમિયાનગીરીની વગર ફક્ત આધાર ઓટીપી વડે તેમનું ઈપીએફ ભંડોળ ઓનલાઈન ટ્રાન્સફર કરી શકે છે. નિવૃત્ત થતાં કર્મચારીઓ જૂની કંપનીના કે નવી કંપનીના માલિક પાસેથી તેને માટે મંજૂરી મેળવવાની જરૂર રહેશે નહિ. હા તેના આધારકાર્ડમાં અને કંપનીમાં રજિસ્ટર થયેલા નામ, જન્મતારીખ કે પછી જાતિ(સ્ત્રી કે પુરુષ)માં કોઈ ફેરફાર નહિ દેખાય તો તેમની ઓનલાઈન અરજીને પ્રોવિડન્ટ ફંડ કચેરી માન્ય કરી દેશે.



પ્રોવિડન્ટ ફંડની રકમ ઉપાડવાની અરજી કર્યા પછી સાત જ દિવસમાં તેને માટેની માન્યતા મળી જશે. આ વ્યવસ્થા અમલમાં આવતા નિવૃત્ત થતાં કર્મચારીઓ પોતાની જૂની કે નવી કંપનીના એકાઉન્ટ ડિપાર્ટમેન્ટના અધિકારીઓને કે પછી કંપનીના માલિકોને વિનંતી કરતાં ફરવું પડશે નહિ. તેમની મંજૂરી લેવાની વ્યવસ્થા જ આ સાથે નીકળી જશે. પ્રોવિડન્ટ ફંડ કચેરીએ ૧૫મી અને ૧૬મી જાન્યુઆરીએ કરેલા બે પરિપત્રને કારણે આ શક્ય બન્યું છે. તેથી જ પ્રોવિડન્ટ ફંડના નાણાં છૂટા કરાવવા માટે કંપનીના એકાઉન્ટ ડિપાર્ટમેન્ટને પ્રોસેસ કરાવીને કંપનીના માલિકની સહી મેળવવાની જફા કરવી પડશે નહિ. તેમ જ પ્રોવિડન્ટ ફંડના અધિકારીઓ પાસે આંટાફેરા કરવાની ફરજ પડશે નહિ. આમ બે પરિપત્ર કરીને પ્રોવિડન્ટ ફંડના નાણાં મેળવી લેવાની સમગ્ર પ્રક્રિયાને આ સાથે જ સરળ બનાવી દેવામાં આવી છે.

બીજું, ભારત સરકારના શ્રમ અને રોજગાર મંત્રાલય હેઠળ કામ કરતાં કર્મચારી ભવિષ્ય નિધિ સંગઠને શ્રમ મંત્રી મનસુખ માંડવિયાની સૂચનાથી 15મી જાન્યુઆરીએ બહાર પાડેલા પરિપત્રમાં જણાવવામાં આવ્યું છે કે કોઈપણ કર્મચારી નોકરી બદલશે તો તેના પ્રોવિડન્ટ ફંડની રકમ એક કંપનીના ખાતામાંતી બીજી કંપનીના પ્રોવિડન્ટ ફંડના ખાતામાં ઓનલાઈન ટ્રાન્સફર મેળવી શકશે. અત્યારે કર્મચારીઓ તેના જૂની કે નવી કંપનીમાંથી પ્રોવિડન્ટ ફંડ ટ્રાન્સફર કરી આપવાની અરજી મૂકવી પડે છે. આ અરજી કરે તે પછી એક સમાન યુએએન નંબર ધરાવતા ખાતાઓમાં ફંડને ટ્રાન્સફર કરવા માટે પહેલી ઓક્ટોબર 2017થી કર્મચારીઓના આધારકાર્ડને તેના યુએએન નંબર સાથે જોડી દેવામાં આવ્યો હોય તો તે ફંડ સરળતાથી બીજા ખાતામાં ટ્રાન્સફર કરાવી શકશે.

પહેલી ઓક્ટોબર 2017પહેલા યુએએન નંબર મેળવનારા કર્મચારીઓએ તેમના યુએએન નંબર સાતે આધારકાર્ને લિન્ક ન કરાવ્યો હોય તો તેને આધારકાર્ડ સાથે લિન્ક કરાવવો પડશે. ત્યારબાદ જ તેઓ ઓનલાઈન ફંડ ટ્રાન્સફર માટે અરજી કરી શકશે. હા, આ વ્યવસ્થા હેઠળ કર્મચારીનું નામ, જન્મતારીખ અને પુરુષ છે કે સ્ત્રી છે તેની (જાતિ)ની વિગતોની ચકાસણી કરવામાં આવશે. કોઈ કર્મચારીના બે અલગ અલગ યુએએન નંબર પડયા હોય તો તેવા સંજોગોમાં બેમાંથી એક યુએએન નંબર પહેલી ઓક્ટોબર 2017પહેલા ફાળવવામાં આવેલો હોવો જરૂરી છે. હા, તે એક સરખા આધારકાર્ડ નંબર સાથે જોડાયેલા હોવા જરૂરી છે. તેમ જ તેમાં જન્મતારીખ પણ એક સમાન અને તે વ્યક્તિ પુરુષ છે કે સ્ત્રી છે તે વિગત પણ એક સરખી હોવી જરૂરી છે. વિગતોમાં તફાવત હશે તો પછી નિયમિત પ્રક્રિયા કરવી પડશે.16મી જાન્યુઆરીએ કરેલા બીજા પરિપત્રના માધ્યમથી જોઈન્ટ ડિક્લેરેશન માટેની સ્ટાન્ડર્ડ ઓપરેટિંગ પ્રોસિજર જાહેર કરવામાં આવી છે.તેમાં પ્રોવિડનટ ફંડ ધારકના યુએએન નંબરને 1 ઓક્ટોબર 2017 પહેલા અને 1 ઓક્ટોબર 2017 પછી આધારકાર્ડ સાથે લિન્ક કરવામાં આવ્યા છે કે કેમ તેને આધારે તેને અલગ કેટેગરીમાં મૂકવામાં આવ્યા છે. તેમાં યુઆઈડીએઆઈ એ તેન નામ, જન્મતારીખને કે પછી આધારકાર્ડ નંબરને સમર્થન આપવું પડશે.પ્રોવિડન્ટ ફંડના સભ્ય હોય પણ તેનો યુએએન આધાર સાથે લિન્ક ન થયો હોય તેવા કિસ્સામાં અથવા તો મૃત્યુ પામેલા કર્મચારીનો યુએએન નંબર હોય તો પ્રોવિડન્ટ ફંડની રકમ માટે ક્લેઈમ મૂકનારે રૂબરૂ પ્રોવિડન્ટ ફંડ કચેરીમાં જવું પડશે. મૃતકની પ્રોવિડન્ટ ફંડની રકમ પર દાવો કરનારાઓએ કોઈ એક ઓથોરિટીએ એટેસ્ટ કરેલું જોઈન્ટ ડિક્લેરેશન રજૂ કરવં પડશે. પ્રોવિડન્ટ ફંડના ક્લેઈમન્ટે -દાવેદારે નિયમ ના પેરાનંબર ૭૦માં દર્શાવેલી ઈપીએફ સ્કીમ 1952માં કરવામાં આવેલી જોગવાઈ પ્રમાણે જોઈન્ટ ડિક્લેરેશન પર સહી કરેલી હોવી જરુરી છે. આ પ્રક્રિયા હેઠળ આધારકાર્ડના ડેટા સાથે મેચિંર ડેટા નહિ હોય તો પણ ચલાવી લેવામાં આવશે. પ્રોવિડન્ટ ફંડ માટેનો ક્લેઈમ મૂકતી વેળાએ ડિજિલોકરમાંથી કે અન્ય કોઈ રીતે પીડીએફ સ્વરૂપમાં અરજી અને તેને સમર્થન આપતા દસ્તાવેજો અપલોડ કરવા પડશે. ડિજિલોકરના માધ્યમથી અરજી અપલોડ કરવાની વ્યવસ્થા ટૂંક સમયમાં દાખલ કરી દેવામાં આવશે. ઓનલાઈન એરજી સાથે પીડીએફ કરેલા દસ્તાવેજો રજૂ કરવા પડશે. ઍરજદોરર પાસેથી માગવામાં આવેલા દસ્તાવેજોમાંથી કોઈપણ બે દસ્તાવેજો રજૂ કરવા પડશે.

### BSFએ મામલો થાળે પાડ્યો

## સરહદે પાકની ચોરી કરતા બાંગ્લાદેશીઓ પર ભારતીય ખેડૂતો વિફર્યા

(એજન્સી) નવી દિલ્હી । તા. 19

બાંગ્લાદેશમાં હિન્દુઓ પર વધી રહેલા હુમલાની અસર ભારત અને બાંગ્લાદેશ સરહદે પણ જોવા મળી રહી છે. બાંગ્લાદેશ અને ભારતની સરહદે બંને દેશોના ખેડૂતો વચ્ચે ઘર્ષણ જોવા મળ્યું હતું. જોકે, બીએસએફ અને અન્ય સુરક્ષા દળોના જવાનોએ ખેડૂતો વચ્ચેના વિવાદને શાંત પાડ્યો હતો. ભારત અને બાંગ્લાદેશ વચ્ચે બંગાળના માલદાની સુકદેવપુર બોર્ડર આઉટપોસ્ટ વિસ્તારમાં બાંગ્લાદેશી ખેડૂતો પર ભારતીય ખેડૂતોએ પાક ચોરવાનો આરોપ લગાવ્યો હતો. ત્યારબાદ ભારતીય ખેડૂતોએ આ મુદ્દે બાંગ્લાદેશી ખેડૂતો સાથે વાત કરી હતી. જે દરમિયાન આ બંને વચ્ચે ઉગ્ર વિવાદ થયો અને બંને ખેડૂતો સામસામે આવી ગયા હતાં. આ વિસ્તારમાં તાર ફેન્સિંગનું કામ શરૂ કરવામાં આવ્યું હતું. જોકે, અમુક કારણોસર તે થોડા સમય માટે અટકાવી દેવાયું હતું. હવે તાર ફેન્સિંગનું કામ ફરી હાથ ધરવામાં આવ્યું છે. બીએસએફ જવાનોએ બંને ખેડૂતો વચ્ચેનો મામલો થાળે પાડ્યા બાદ નિવેદન જાહેર કર્યું હતું. જેમાં ખેડૂતોને કહેવામાં આવ્યું કે, પાકની ચોરીનો કે ખેતી સાથે સંકળાયેલો સરહદનો કોઈ મામલો બીએસએફ સમક્ષ ઉઠવવો. અમે તેનું નિરાકરણ લાવી આપીશું. નોંધનીય છે કે હાલ, ખેડૂતો વચ્ચેનો વિવાદ તો શાંત થઈ ગયો હતો. પરંતુ, બાંગ્લાદેશ સરહદે કેટલાંક લોકો નજીક પહોંચવાનો પ્રયાસ કરી રહ્યા હતાં, જેને બાંગ્લાદેશી સુરક્ષાદળોએ અટકાવીને પરત મોકલી દીધા હતાં. હાલમાં બાંગ્લાદેશમાં શેખ હસીનાના શાસનના અંત બાદ ત્યાં હિન્દુઓ સામેનો હુમલા વધી ગયા છે. આ સ્થિતિ વચ્ચે ભારત હાલ બાંગ્લાદેશની ખુલ્લી સરહદે તાર ફેન્સિંગ કરાવી રહ્યું છે.




### 10 હજાર ગામમાં ફરી એકઠાં કરાયા હતા

## મહાકુંભ2025 માં 7 કરોડ 51 લાખ રુદ્રાક્ષમાંથી 12 જયોતિર્લિંગ બનાવાયા

(એજન્સી) પ્રયાગરાજ । તા. 19

પ્રયાગરાજમાં 12 વર્ષ પછી યોજાયેલો મહાકુંભ એટલે કે કુંભમેળો દુનિયાની વિરલ ઘટના બની રહયો છે. ધાર્મિક અને આધ્યાત્મિક ચેતના જગાડનારા કુંભમેળામાં કરોડો ભાવિકો ડુબકી સ્નાનનો લાભ લઇ રહયા છે. નાગા સાધુઓ અને વિવિધ અખાડાઓએ ધૂણી ધખાવી છે ત્યારે પ્રયાગરાજની શિવનગરીમાં 7 કરોડ અને 51 લાખ રુદ્રાક્ષમાંથી તૈયાર કરવામાં આવેલા 12 જયોતિર્લિંગ આકર્ષણનું કેન્દ્ર બન્યા છે.મહાકુંભમાં સેકટર 6 માં નિર્મિત પ્રત્યેક જયોતિર્લિંગ 11 ફૂટ ઉંચુ, 9 ફૂટ પહોળુ અને 7 ફૂટ મોટું છે. 7 કરોડ



અને 51લાખ રુદ્રાક્ષની મણીઓની માળા 10 હજાર ગામોમાં પગપાળા ફરીને દાનમાંથી મેળવવામાં આવી છે જેમાં એક મુખીથી માંડીને 26 મુખી સુધીના રુદ્રાક્ષનો સમાવેશ થાય છે. શ્વેત રુદ્રાક્ષ, કાળા રુદ્રાક્ષ અને લાલ રુદ્રાક્ષનો ઉપયોગ કરવામાં આવ્યો છે. મૌની બાબાએ રુદ્રાક્ષના જયોતિર્લિંગ અંગે સમાચાર માધ્યમોને જણાવ્યું હતું કે આતંકવાદના નાશ અને બાંગ્લાદેશી હિંદુઓની રક્ષાની કામના સાથે પૂજા અનુષ્ઠાન કરીને લોખંડમાંથી શિવલિંગનો આકાર આપીને તેના પર રુદ્રાક્ષની માળાઓ લપેટવામાં આવી છે. ખૂબ વર્ષો પહેલા રુદ્રાક્ષમાંથી જયોતિર્લિંગની સ્થાપનાનો સંકલ્પ કરવામાં આવ્યો હતો. છેલ્લા ૩૭ વર્ષથી રુદ્રાક્ષનું શિવલિંગ તૈયાર કરીને પૂજા કરુ છું. અનોખી શિવનગરીમાં છ શિવલિંગ દક્ષિણમુખી અને છ શિવલિંગ ઉત્તરમુખી છે. રુદ્રાક્ષ એક મુર્તિ સમાન હોય છે જેની પ્રાણ પ્રતિષ્ઠા થાય છે વગર પ્રતિષ્ઠાએ રુદ્રાક્ષ પહેરી શકાય નહી. ત્યાર પછી જ રુદ્રાક્ષ મનોકામના પૂર્ણ કરે છે.

### પાઈલટને લાઈસન્સ વિના પેરાગ્લાઈડિંગ કરવાની મંજૂરી આપી

## હિમાચલમાં અમદાવાદી યુવતીનું પેરાગ્લાઈડિંગ દુર્ઘટનામાં મોત

(એજન્સી) ગોવા । તા. 19

ગોવાની જેમ હિમાચલ પ્રદેશમાં પણ પેરાગ્લાઈડિંગની વધુ એક દુર્ઘટના ઘટી છે. આ દુર્ઘટનામાં ગુજરાતી યુવતીએ જીવ ગુમાવ્યો છે. હિમાચલ પ્રદેશના ધર્મશાળાની મુલાકાતે ગયેલી એક ગુજરાતી યુવતી પેરાગ્લાઈડિંગ કરતી વખતે દુર્ઘટનાનો શિકાર બની હતી. ટેક ઓફ પોઈન્ટ પરથી ટુરિસ્ટ યુવતી અને પેરાગ્લાઈડિંગ પાયલોટ બંને નીચે પટકાયા હતા. આ દુર્ઘટનામાં યુવતી ગંભીર રીતે ઘાયલ થઈ હતી. યુવતીને તાત્કાલિક સારવાર માટે હોસ્પિટલ લઈ જવામાં આવી હતી, પરંતુ હોસ્પિટલ પહોંચે તે પહેલા જ તેનું મોત થઈ ગયું હતું.

પ્રાપ્ત માહિતી પ્રમાણે આ ટુરિસ્ટ યુવતી ગુજરાતના અમદાવાદથી ધર્મશાળા પહોંચી હતી. આ દરમિયાન ધર્મશાલાના ઈન્દ્રુ નાગમાં પેરાગ્લાઈડિંગ કરતી વખતે પાઈલટ સાથે ટેક-ઓફ પોઈન્ટ પરથી નીચે પડી ગઈ હતી, નીચે પટકાતાં આ યુવતી ગંભીર રીતે ઘાયલ થઈ હતી. જોકે, બીજી તરફ પેરાગ્લાઈડિંગ પાઈલટનો બચાવ થયો છે. આ ઘટનામાં



પેરાગ્લાઈડિંગ પાઈલટને સામાન્ય ઈજા પહોંચી હતી. ગંભીર રીતે ઘાયલ યુવતીને પણ પ્રાદેશિક હોસ્પિટલમાં લઈ જવામાં આવી હતી, પરંતુ તે પહેલાં રસ્તામાં જ તેનું મૃત્યુ થઈ ગયું હતું. આ યુવતી પોતાના પરિવાર સાથે ધર્મશાળા ફરવા આવી હતી.મૃતક યુવતીની ઓળખ ખુશી ભાવસાર તરીકે થઈ છે. જેની ઉંમર 19 વર્ષ હોવાની માહિતી મળી રહી છે. આ મહિલા સહજાનંદ એવન્યુ, ટોરેન્ટ પાવર લિમિટેડ, નારણપુરા અમદાવાદની રહેવાસી હતી.

### ગોવામાં પેરાગ્લાઈડિંગ વખતે મહિલા ટુરિસ્ટ અને પાઈલટનું પટકાતાં મોત

(એજન્સી) ગોવા । તા. 19

ગોવામાં સલામતીના નિયમોની બેદરકારીના કારણે પેરાગ્લાઈડિંગ દરમિયાન મોટી દુર્ઘટના સર્જાઈ હતી. આ દુર્ઘટનામાં પુણેની એક મહિલા ટુરિસ્ટ અને નેપાળી પેરાગ્લાઈડિંગ પાઈલટનું મોત થઈ ગયું છે. પેરાગ્લાઈડિંગ કરતી વખતે દોરડું તૂટી જતાં બંનેના મોત થયા હતા. આ દુર્ઘટના 18 જાન્યુઆરીના રોજ કેરી પ્લેટુ પર જ્યારે પરવાનગી વિના અને સલામતીના સાધનો વિના પેરાગ્લાઈડિંગ કરાવવામાં આવી ત્યારે સર્જાઈ હતી. ગોવા પોલીસે કેસ નોંધીને પેરાગ્લાઈડિંગ કંપનીના માલિકની ધરપકડ કરી લીધી છે. તેના પર કથિત દોષિત હત્યાનો આરોપ લગાવવામાં આવ્યો છે.પ્રાપ્ત માહિતી પ્રમાણે આ દુર્ઘટના 18 જાન્યુઆરીએ ગોવામાં સર્જાઈ હતી, જેમાં પુણેની રહેવાસી 27 વર્ષીય શિવાની અને 26 વર્ષીય પેરાગ્લાઈડિંગ પાઈલટ સુમન નેપાળીનું પેરાગ્લાઈડિંગ દરમિયાન મૃત્યુ થઈ ગયુ હતું.


### બાબાની ઉંમર ૧૨૮ હોવાનો દાવો કરવામાં આવી રહયો છે

## છેલ્લા 100 વર્ષથી દરેક કુંભમેળામાં ભાગ લેતા બાબા, ઉંમર જાણીને નવાઇ લાગશે

(એજન્સી) પ્રયાગરાજ । તા. 19

કુંભમેળામાં જીવનમાં એક વાર જવા અને ડૂબકી મારીને સ્નાન કરવા મળે તેને પણ લ્હાવો સમજવામાં આવે છે પરંતુ પધ્મશ્રીથી સન્માનિત યોગ સાધક સ્વામી શિવાનંદ બાબા છેલ્લા ૧૦૦ વર્ષથી દરેક કુંભમેળામાં ભાગ લે છે. કુંભમેળો દર ૧૨ વર્ષે પ્રયાગરાજ,નાસિક,ઉજ્જૈન અને હરિદ્વારમાં યોજાય છે. કોઇ વ્યકિત ૧૦૦ વર્ષથી કુંભમેળામાં ભાગ લેતી હોય ત્યારે તેમની ઉંમર કેટલી તેવો સવાલ થવો સ્વભાવિક છે.

પ્રાપ્ત માહિતી અનુસાર કુંભમેળામાં સેકટર ૧૬માં સંગમ લોઅર માર્ગ ઉપર શિવાનંદ



બાબાની શિબિર છે જેમાં બહાર લગાવાયેલા બેનર અને આધારકાર્ડમાં તેમની જન્મતિથિ ૮ ઓગસ્ટ ૧૮૯૬ દર્શાવવામાં આવી છે. એ રીતે તેમની ઉંમર ૧૨૮ હોવાનો દાવો કરવામાં આવ્યો છે. વારાણસીના કબીરનગરના દુર્ગાકુંડથી કુંભમેળામાં ભાગ લેવા આવ્યા છે. સવારે ઉઠીને દરરોજ અડધો કલાક સુધી યોગ કરવાથી સ્વસ્થ અને ફિટ રહી શકાય છે એવો બાબા ઉપદેશ આપે છે.બાબાના શિષ્યએ એક સમાચાર સંસ્થાને જણાવ્યું હતું કે બાબાનો જન્મ ગરીબ પરિવારમાં થયો હતો. માત્ર ૪ વર્ષની ઉંમરે માતા પિતાએ ગામમાં આવેલા સંત ઓંકારનંદ ગોસ્વામીને સોંપી દીધા હતા. થોડાક વર્ષ પછી માતા પિતાનું અને પછીથી બહેનનું પણ અવસાન થતા સંત ઓંકારનાથે જ તેમનું પાલન પોષણ કર્યુ હતું. તેમને યોગસાધના સાથે દાયકાઓથી પોતાની જીવનશૈલીને જોડી દીધી છે. તેઓ બાફેલો ખોરાક લે છે કયારેય તેલ કે મીઠું ખાતા નથી. કયારેય કોઇ પાસે દાન પણ લેતા નથી.

## દેશનું સૌથી વ્યસ્ત એરપોર્ટ 145 મિનિટ રહેશે બંધ

(એજન્સી) નવી દિલ્હી । તા. 19

26મી જાન્યુઆરી નજીકમાં છે. આ દિવસને લઇને દિલ્હીમાં ઘણા સુરક્ષાને લઇને પ્રોટોકોલ પાળવામાં આવશે. ત્યારે દિલ્હી એરપોર્ટના ઓપરેટર દ્વારા એક મહત્વનો નિર્ણય લેવાયો છે. તેઓએ 18 જાન્યુઆરીથી લઈને 26 જાન્યુઆરી સુધી કેટલાક સમય માટે ફ્લાઇટની સુવિધા બંધ રાખવાનો નિર્ણય લીધો છે. આવો જાણીએ કયા સમયે ફ્લાઇટ ટેક ઓફ કે લેન્ડ નહી થાય. ઈન્દિરા ગાંધી આંતરરાષ્ટ્રીય વિમાનમથક (IGIA) દેશનું સૌથી વ્યસ્ત વિમાનમથક છે અને દરરોજ લગભગ 1,300 ફ્લાઇટ્સનું સંચાલન કરે છે. વિવિધ એરલાઇન્સની સુનિશ્ચિત ફ્લાઇટ્સ પર પ્રતિબંધોની અસર વિશેની માહિતી તાત્કાલિક ઉપલબ્ધ નથી મળી શકી. DIALએ X પરની એક પોસ્ટમાં જણાવ્યું હતુ કે 19 થી 29 જાન્યુઆરી 2025 દરમિયાન પ્રજાસત્તાક દિવસના સપ્તાહ માટે જાહેર કરાયેલ NOTAM (નોટિસ ટુ એરમેન) મુજબ દિલ્હી એરપોર્ટથી સવારે 10.20 થી બપોરે 12.45 વાગ્યા સુધી ઉપડતી કોઈપણ ફ્લાઇટ પર પ્રતિબંધ છે. ફ્લાઇટ માટે એરલાઇન્સનો સંપર્ક કરવો. દિલ્હી ઇન્ટરનેશનલ એરપોર્ટ લિમિટેડ (DIAL) એ મુસાફરોને અપડેટેડ ફ્લાઇટ માહિતી માટે સંબંધિત એરલાઇન્સનો સંપર્ક કરવાની સલાહ પણ આપી છે. તમને જણાવી દઈએ કે આ દિવસોમાં દિલ્હી અને તેની આસપાસના વિસ્તારો ભારે ઠંડી અને ગાઢ ધુમ્મસની લપેટમાં છે, જેના કારણે ફ્લાઇટ્સ પર પણ અસર પડી રહી છે.

## એમેઝોન ઈન્ડિયાની પહેલ 'ડબ્બાથી વધુ પહેલ' વચન આપે છે કુંભમાં આરામદાયક રાતનો

(એજન્સી) બેંગલુરુ । તા. 19

એમેઝોન ઈન્ડિયા એક નવા વિચારની સાથે પડકારો સામનો કરીને 2025ના મહાકુંભ મેળામાં આવનારા લોકોના અનુભવને વધુ સારો બનાવવા માટે તેયાર છે, આ મેળો દર 12 વર્ષે આયોજિત કરવામાં આવે છે. જાન્યુઆરી અને ફેબ્રુઆરીમાં લાખો શ્રદ્ધાળુઓ 45 દિવસોના આ ઉત્સવ માટે ઉત્તરપ્રદેશના પ્રયાગરાજમાં એકત્રિત થશે. આ આયોજન દરમિયાન આરામદાયક આરામ માટેની જરૂરિયાત પૂરી કરવા માટે એમેઝોન ઈન્ડિયાએ એક અનોખી પહેલ રજૂ કરી છે, જેમાં તે પોતાના સિગ્નેચર કાર્ડબોર્ડ પેકેજિંગ બોક્સને તેઓ પોર્ટેબલ બેડ્સ અપસાઈકલ કરશે, જેનો ઉદ્દેશ આવનારા લોકોને કલાકો સુધી આરામની ઊંઘ પૂરી પાડવાનો છે. સુલભતા સુનિશ્ચિત કરવા માટે આ અપસાઈકલ કરેલી પાથારીઓ આવનારા લોકોને નિઃશુલ્ક ઉપલબ્ધ કરવામાં આવશે.




એમેઝોને ઉત્સવના સ્થળની અંદર એવા મુખ્ય ક્ષેત્રોની ઓળખ કરવા માટે મહાકુંભના સત્તાધિકારીઓ સાથે મળીને કાર્ય કર્યું છે, જ્યાં આ એમેઝોન બેડ્સ ખૂબ જરૂરી આરામ પૂરો પાડી શકે. આ બેડ્સનો એક મોટો હિસ્સો લોસ્ટ એન્ડ ફાઉન્ટ સેન્ટરને ફાળવવામાં આવશે, જ્યાં તેઓ સંકટમાં હોય એવા લોકોને સહાયતા કરશે, જ્યારે કેટલોક હિસ્સો જાહેર જનતા માટે ઉપલબ્ધ હશે. આ ઉપરાંત આમાંથી થોડા બેડ્સ કુંભ પોલિસના કર્મચારીઓ અને કુંભ હોસ્પિટલને પૂરા પાડવામાં આવશે. આ બેડ્સનો ઉદ્દેશ વિભિન્ન જરૂરિયાતોને પૂરી કરવા અને કાર્યક્રમમાં ઉપસ્થિત વધુમાં વધુ લોકોને ઉપલબ્ધ કરવાનો છે.

"એમેઝોન ઈન્ડિયા ખાતે નવીનીકરણ અમારા મિશનનાં કેન્દ્રમાં હોય છે, જેથી અમે જે સમુદાયોની સેવા કરીએ છીએ તેમના પર સકારાત્મક અસર પાડી શકીએ. મહાકુંભ મેળાની સાથે અમારું જોડાણ આ પ્રતિબદ્ધત્તામાંથી ઉદ્ભવ્યું છે. અમે અમારા પ્રતિષ્ઠિત અમેઝોન બોક્સ મારફતે દરેક દિવસે પોતાના ગ્રાહકોની સુવિધા, આરામ અને સંભાળ પૂરા પાડવાનો પ્રયત્ન કરીએ છીએ, જેને લાખો લોકો વિશ્વસનીય સેવાના પ્રતીક તરીકે ઓળખે છે. આ બોક્સની બેડનાં રૂપમાં કલ્પના કરીને, અમે આ કાર્યક્રમમાં ઉપસ્થિત લોકોની વાસ્તવિક જરૂરિયાતોને સંબોધિત કરવાની તક જોઈ છે. આ માત્ર બોક્સની બહાર વિચારવા વિશે નથી - આ બોક્સને જ બદલવા અંગે વિશે છે, જેથી એક મૂર્ત બદલાવ લાવી શકાય." એમ એમેઝોન ઈન્ડિયાના માર્કેટિંગ ડિરેક્ટર પ્રજ્ઞા શર્માએ જણાવ્યું હતું.

એમેઝોન ઈન્ડિયાએ પોતાના ક્રિએટિવ પાર્ટનર તરીકે ઓગિલ્વીની સાથે સહયોગ કર્યો છે, જેમણે આ નવીન અને મજબૂત બેડ્સ વિકસાવવા માટે વિશિષ્ટ ફેબ્રિકેટર્સની ટીમની સાથે કાર્ય કર્યું છે. સુરક્ષાને સુનિશ્ચિત કરવા માટે આ બેડ્સને સ્થાનિક પર્યાવરણમાં ઘસારા માટે નિષ્ણાતોની એક ટીમ દ્વારા પરીક્ષણ કરવામાં આવ્યું છે.

**માનનીય ન્યાયાધીશ શ્રી એમ બી કોટક સાહેબની કોર્ટમાં, કોર્ટ નંબર 18.**
**જાહેર સમન્સ.**
**અમદાવાદની સિટી સિવિલ કોર્ટમાં કોમર્શિયલ કોર્ટની કોર્ટમાં.**

**કોમર્શિયલ સિવિલ સૂટ નંબર:- 48/2024.** Exh.: 15.

વાદી :- મેસર્સ જમ્મુ અને કાશ્મીર બેંક લિમિટેડ.
તેની ફરજ દ્વારા અધિકૃત પાવર ઓફ એટર્ની ધારક શ્રી અમિત બારગોત્રા.
તેની ભંગ કચેરી અહીં છે:- 1, પરિસીમા કોમ્પ્લેક્સ, સી જી રોડ, અમદાવાદ ગુજરાત
V/s
પ્રતિવાદ:- શ્રીમતી મીના દવે
જે નિવાસી છે:- 78, આરોહી હોમ્સ, સન સિટી પાછળ, બોપલ, અમદાવાદ 380058.
શ્રી મેહુલકુમાર એમ આનંદાણી
જે નિવાસી છે :- એફ 404, અક્ષરધામ એપાર્ટમેન્ટ, અંબિકા ચાર રસ્તા પાસે, નિર્ણય નગર રોડ, રાણીપ, અમદાવાદ 382480

**સૂટ (suit) ની કિંમત રૂ. 3,16,760.00**

જ્યારે તમે પ્રતિવાદીઓને આથી જાણ કરવામાં આવે છે કે આ કોર્ટ દ્વારા બેલીફ અને/અથવા રજીસ્ટર પોસ્ટ એડ દ્વારા તમારી સામે જારી કરાયેલ સમન્સ પાછળથી બિનસલાહભર્યા પરત ફર્યા છે અને તમારું વર્તમાન ઠેકાણું અજ્ઞાત છે તેથી પરિણામમાં કોર્ટે આ સમન્સ પ્રકાશિત કરવાનો આદેશ આપ્યો છે.
જ્યારે ઉપરોક્ત નામના વાદીએ તમારી સામે વ્યાપારી વિવાદ સંબંધિત દાવો દાખલ કર્યો છે અને તમને આથી હાજર સમન્સની સેવાના 30 દિવસની અંદર લેખિત નિવેદન દાખલ કરવા માટે સમન્સ આપવામાં આવે છે અને જો તમે આ સમયગાળાની અંદર લેખિત નિવેદન દાખલ કરવામાં નિષ્ફળ જાઓ તો 30 દિવસના, તમને લેખિતમાં નોંધવાના કારણો માટે અને કોર્ટ જેવા ખર્ચની ચુકવણી પર કોર્ટ દ્વારા નિર્દિષ્ટ કરવામાં આવેલ હોય તેવા અન્ય દિવસોમાં લેખિત નિવેદન ફાઈલ કરવાની મંજૂરી આપવામાં આવશે. યોગ્ય માને છે પરંતુ જે સમન્સની સેવાની તારીખથી 120 દિવસ પછીનું હોવું જોઈએ નહીં. સમન્સની સેવાઓની તારીખથી એકસો અને વીસ દિવસની સમાપ્તિ પર તમે લેખિત નિવેદન દાખલ કરવાનો અધિકાર ગુમાવશો અને કોર્ટ લેખિત નિવેદનને રેકોર્ડ પર લેવાની મંજૂરી આપશે નહીં.
તમારે આ કોર્ટમાં રૂબરૂમાં અથવા પ્લીડર ડ્યુટી દ્વારા સૂચનો અને દાવો સંબંધિત તમામ સામગ્રી પ્રશ્નોના જવાબ આપવા સક્ષમ અથવા 04 ફેબ્રુઆરી 2025 ના રોજ 11 વાગ્યે આવા તમામ પ્રશ્નોના જવાબ આપવા સક્ષમ વ્યક્તિ સાથે હાજર રહેવાની જરૂર છે. પ્રાર્થના મુજબ વચગાળાના મનાઈહુકમ માંગતા અરજદાર દ્વારા દાખલ કરાયેલા દાવાના જવાબ આપવા માટે બપોરે 00 વાગ્યે તમારા કબજામાં અથવા સત્તાના તમામ દસ્તાવેજો કે જેના પર તમે તમારા બચાવનો આધાર રાખો છો અથવા સેટ-ઓફ અથવા કાઉન્ટર-ક્લેઈમ માટેનો દાવો કરો છો અને જ્યાં તમે કોઈપણ અન્ય દસ્તાવેજો પર આધાર રાખો છો, પછી ભલે તે તમારા કબજામાં હોય કે સત્તામાં હોય અથવા સમર્થનમાં પુરાવા તરીકે ન હોય અથવા તમે બચાવ અથવા દાવો કરો છો. સેટ-ઓફ અથવા કાઉન્ટર-ક્લેઈમ તમારે લેખિત નિવેદન સાથે જોડવા માટે સૂચિમાં આવા દસ્તાવેજો દાખલ કરવા પડશે.
નોંધ લો કે ઉલ્લેખિત પહેલાના દિવસે તમારા દેખાવમાં ડિફોલ્ટમાં દાવો સાંભળવામાં આવશે અને તમારી ગેરહાજરીમાં નક્કી કરવામાં આવશે.

સાક્ષી શ્રી,
અમદાવાદ ઉપરોક્ત,
વાદી એડવોકેટ - એમ એમ થાપર
**મારા હાથ નીચે આપેલ અને કોર્ટની સીલ 16મી ડિસેમ્બર 2024 ના રોજ.**

સી એમ મહિદા — મદદનીશ દ્વારા તૈયાર.
કે બી ખંભોજીયા — HOD દ્વારા સરખામણી.
એચ એસ દેસાઈ — રજિસ્ટ્રાર સિટી સિવિલ કોર્ટ, ભદ્ર,અમદાવાદ

**માનનીય ન્યાયાધીશ શ્રી પી કે ખાનચંદાની સાહેબની કોર્ટમાં, કોર્ટ નંબર 21.**
**જાહેર સમન્સ.**
**અમદાવાદની સિટી સિવિલ કોર્ટમાં કોમર્શિયલ કોર્ટની કોર્ટમાં.**

**કોમર્શિયલ સિવિલ સૂટ નંબર:- 104/2024.** Exh.: 17.

વાદી :- મેસર્સ જમ્મુ અને કાશ્મીર બેંક લિમિટેડ.
તેની ફરજ દ્વારા અધિકૃત પાવર ઓફ એટર્ની ધારક શ્રી અમિત બારગોત્રા.
તેની ભંગ કચેરી અહીં છે:- 1, પરિસીમા કોમ્પ્લેક્સ, સી જી રોડ, અમદાવાદ ગુજરાત
V/s
પ્રતિવાદ:-1. શ્રી રાજ રતન સિંહ. એકમાત્ર માલિક,મેસર્સ SGD ફુડ પાર્કસ
શોપનં એફ/1, એફ/2 અને એફ/3, સૃષ્ટિ આર્કેડ, મોટેરા સ્ટેડિયમ રોડ, મોટેરા અમદાવાદ 380005
2. શ્રી નવરત્ન કુમાર
જેમનુ ઘર છે : બી 3સી2, બાલગ અરોરા રેસીડેન્સી, અગોરા મોલ અમદાવાદ, 380005
3. શ્રી રાજેશકુમાર યાદવ
જેઓનુ ઘર છે- 42, ગ્રીન પાર્ક - 1, આઈઓસી ત્રોયોડ રોડ, અમદાવાદ,382424.

**સૂટ (suit) ની કિંમત રૂ. 12,23,901.00**

જ્યારે તમે પ્રતિવાદીઓને આથી જાણ કરવામાં આવે છે કે આ કોર્ટ દ્વારા બેલીફ અને/અથવા રજીસ્ટર પોસ્ટ એડ દ્વારા તમારી સામે જારી કરાયેલ સમન્સ પાછળથી બિનસલાહભર્યા પરત ફર્યા છે અને તમારું વર્તમાન ઠેકાણું અજ્ઞાત છે તેથી પરિણામમાં કોર્ટે આ સમન્સ પ્રકાશિત કરવાનો આદેશ આપ્યો છે.
જ્યારે ઉપરોક્ત નામના વાદીએ તમારી સામે વ્યાપારી વિવાદ સંબંધિત દાવો દાખલ કર્યો છે અને તમને આથી હાજર સમન્સની સેવાના 30 દિવસની અંદર લેખિત નિવેદન દાખલ કરવા માટે સમન્સ આપવામાં આવે છે અને જો તમે આ સમયગાળાની અંદર લેખિત નિવેદન દાખલ કરવામાં નિષ્ફળ જાઓ તો 30 દિવસના, તમને લેખિતમાં નોંધવાના કારણો માટે અને કોર્ટ જેવા ખર્ચની ચુકવણી પર કોર્ટ દ્વારા નિર્દિષ્ટ કરવામાં આવેલ હોય તેવા અન્ય દિવસોમાં લેખિત નિવેદન ફાઈલ કરવાની મંજૂરી આપવામાં આવશે. યોગ્ય માને છે પરંતુ જે સમન્સની સેવાની તારીખથી 120 દિવસ પછીનું હોવું જોઈએ નહીં. સમન્સની સેવાઓની તારીખથી એકસો અને વીસ દિવસની સમાપ્તિ પર તમે લેખિત નિવેદન દાખલ કરવાનો અધિકાર ગુમાવશો અને કોર્ટ લેખિત નિવેદનને રેકોર્ડ પર લેવાની મંજૂરી આપશે નહીં.
તમારે આ કોર્ટમાં રૂબરૂમાં અથવા પ્લીડર ડ્યુટી દ્વારા સૂચનો અને દાવો સંબંધિત તમામ સામગ્રી પ્રશ્નોના જવાબ આપવા સક્ષમ અથવા 04 ફેબ્રુઆરી 2025 ના રોજ 11 વાગ્યે આવા તમામ પ્રશ્નોના જવાબ આપવા સક્ષમ વ્યક્તિ સાથે હાજર રહેવાની જરૂર છે. પ્રાર્થના મુજબ વચગાળાના મનાઈહુકમ માંગતા અરજદાર દ્વારા દાખલ કરાયેલા દાવાના જવાબ આપવા માટે બપોરે 00 વાગ્યે તમારા કબજામાં અથવા સત્તાના તમામ દસ્તાવેજો કે જેના પર તમે તમારા બચાવનો આધાર રાખો છો અથવા સેટ-ઓફ અથવા કાઉન્ટર-ક્લેઈમ માટેનો દાવો કરો છો અને જ્યાં તમે કોઈપણ અન્ય દસ્તાવેજો પર આધાર રાખો છો, પછી ભલે તે તમારા કબજામાં હોય કે સત્તામાં હોય અથવા સમર્થનમાં પુરાવા તરીકે ન હોય અથવા તમે બચાવ અથવા દાવો કરો છો. સેટ-ઓફ અથવા કાઉન્ટર-ક્લેઈમ તમારે લેખિત નિવેદન સાથે જોડવા માટે સૂચિમાં આવા દસ્તાવેજો દાખલ કરવા પડશે.
નોંધ લો કે ઉલ્લેખિત પહેલાના દિવસે તમારા દેખાવમાં ડિફોલ્ટમાં દાવો સાંભળવામાં આવશે અને તમારી ગેરહાજરીમાં નક્કી કરવામાં આવશે.
સાક્ષી શ્રી,
અમદાવાદ ઉપરોક્ત,
વાદી એડવોકેટ - એમ એમ થાપર
**મારા હાથ નીચે આપેલ અને કોર્ટની સીલ 16મી ડિસેમ્બર 2024 ના રોજ.**

સી એમ મહિદા — મદદનીશ દ્વારા તૈયાર.
કે બી ખંભોજીયા — HOD દ્વારા સરખામણી.
એચ એસ દેસાઈ — રજિસ્ટ્રાર સિટી સિવિલ કોર્ટ, ભદ્ર,અમદાવાદ

## રીદ્રોલમાં જુગાર રમતા પાંચ શખ્સો રંગેહાથ ઝડપાયા

માણસા : માણસા તાલુકાના રીદ્રોલ ગામમાં ગઈકાલે બપોરે કેટલા શખ્સો ખુલ્લી જગ્યામાં પાના પત્તાનો જુગાર રમી રહ્યા હોવાની માણસા પોલીસને બાતમી મળતા તેમણે આ સ્થળ પર જઈ રેડ કરી અહીં જુગાર રમી રહેલા પાંચ ઇસમોને ૪૧૧૦ રૂપિયાની રોકડ રકમ સાથે ઝડપી તમામ વિરુદ્ધ ગુનો નોંધી કાયદેસર કાર્યવાહી હાથ ધરી છે.માણસા પોલીસને બાતમી મળી હતી કે તાલુકાના રીદ્રોલ ગામે મોટા રાવળ વાસમાં ચરામાં ખુલ્લી જગ્યામાં કેટલા ઈસમો તેમના અંગત આથક લાભ સારું પાના પત્તાનો હાર જીતનો જુગાર રમી રહ્યા છે જે બાતમી આધારે પોલીસે ખાનગી વાહનમાં જઈ દૂરથી જોતા અહીં પાંચ ઇસમો પાના પત્તાનો જુગાર રમી રહ્યા હતા.


# સિટી એક્સપ્રેસ

MONDAY 20 JANUARY-2025

AHMEDABAD


## કાર ચાલકની એક ભુલના કારણે બાઈકચાલકનું મોત, એક ઈજાગ્રસ્ત

અમદાવાદ શહેરના નરોડા વિસ્તારમાં અકસ્માત સર્જાયો હતો, જેમાં એક વ્યક્તિનું મોત થયું છે. નરોડામાં કારચાલકે કારને નો-પાર્કિંગમાં સાંકડા રોડ પર ઊભી રાખી હતી, આ દરમિયાન કારચાલકે કારનો દરવાજો ખોલ્યો હતો. જેના કારણે પાછળથી આવી રહેલી બાઈક પરના બે લોકો નીચે પટકાયા હતા. એજ સમયે પાછળથી આવી રહેલી ટ્રક બાઈકચાલક પર ફરી વળી હતી. જેમાં એક વ્યક્તિનું મોત થયું છે, જ્યારે એકને ગંભીર ઈજાઓ પહોંચી છે. ઘટનાના સીસીટીવી ફૂટેજ પણ સામે આવ્યા છે.



### અમદાવાદમાં યોજાયેલા કાર્યક્રમમાં તબીબો હાજર રહ્યા, નડ્ડાએ કહ્યું- દરેક જિલ્લામાં નવી મેડિકલ કોલેજ બનાવાશે

# જે.પી. નડ્ડાની નામાંકિત તબીબો સાથે ચર્ચા

ગાંધીનગર સંવાદદાતા | વિજયવીર યાદવ

અમદાવાદ શહેરની ITC નર્મદા હોટલ ખાતે ભાજપ રાષ્ટ્રીય પ્રમુખ અને કેન્દ્રીય આરોગ્ય મંત્રી JP નડ્ડા અમદાવાદ તેમજ ગુજરાતના નામાંકિત,પદ્મભૂષણ તથા પદ્મશ્રી સન્માન મેળવનાર અને મેડિકલની અલગ અલગ ક્ષેત્રોમાં બહોળો અનુભવ ધરાવતા ગોલ્ડ મેડાલિસ્ટ ડોક્ટરો સાથે ગુજરાતની આરોગ્ય પરિસ્થિતિની ચર્ચા કરી હતી. જેમાં રાજ્યના આરોગ્ય મંત્રી ઋષિકેશ પટેલ અને ભાજપ શહેર પ્રમુખ અમિત શાહ પણ જોડાયા હતા.

ભાજપ નેતા ડો. અનિલ પટેલે માહિતી આપતા જણાવ્યું હતું કે આજના કાર્યક્રમમાં પદ્મભૂષણ હોય કે પદ્મ શ્રી મેળવનાર વિવિધ જિલ્લા અને રાજ્યોમાં તેમજ રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય લેવલે પણ જેમણે કામગીરી



કરી હોય એવા ડોક્ટરો સાથે કેન્દ્રીય આરોગ્ય મંત્રી નડ્ડાનો વાર્તાલાપ હતો. આ અગાઉ પણ જેપી નડ્ડા જ્યારે કેન્દ્રીય આરોગ્ય મંત્રી હતા ત્યારે અમદાવાદના રાજપથ ક્લબમાં 80 થી 100 નામાંકીત ડોક્ટરો સાથે તેમણે મહત્વની બાબતો ઉપર ચર્ચા કરી હતી. આરોગ્ય મંત્રી જેપી નડ્ડાનો આરોગ્ય મંત્રી તરીકે બહોળો અનુભવ છે. અગાઉ પણ તેમણે અલગ અલગ મેડિકલ ક્ષેત્રના નિષ્ણાંતો પાસેથી સુધારા વધારા માટેના સૂચનો મેળવ્યા હતા અને તેનો રાષ્ટ્રીય ક્ષેત્રે અમલ પણ કરવામાં આવ્યો હતો.

વધુમાં ભાજપ નેતા ડો. અનિલ પટેલે ઉમેર્યું હતું કે જેપી નડ્ડા અને પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીના નેતૃત્વમાં અંડર ગ્રેજ્યુએટ હોય કે પોસ્ટ ગ્રેજ્યુએટ હોય તમામ ક્ષેત્રની બેઠકોમાં નોંધપાત્ર વધારો થયો છે. આ સાથે આરોગ્ય ક્ષેત્રમાં બહુ જબરજસ્ત ક્રાંતિ ગુજરાત અને દેશ લેવલે થઈ છે. ગુજરાતમાં પણ આરોગ્ય મંત્રી ઋષિકેશ પટેલ અને મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલના નેતૃત્વમાં મેડિકલ ક્ષેત્રે મોટું હબ બની ગયું છે. સમગ્ર દેશમાં જેટલું મેડિકલ ક્ષેત્રે કામ થઈ રહ્યું છે તેમાંથી 30% કરતાં પણ વધારે એકમાત્ર ગુજરાતમાં થઈ રહ્યું છે. ખાસ કરીને 2047 સુધીમાં આરોગ્ય ક્ષેત્રે ભારતનું વિઝન નક્કી કરવામાં આવ્યું છે. ગુજરાતના તમામ જિલ્લાઓમાં એક મેડિકલ કોલેજ બનવી જોઈએ તેવા વિચારો નામાંકિત ડોક્ટરોની ટીમ દ્વારા મૂકવામાં આવ્યા છે. ત્યારે અમદાવાદમાં વિવિધ ક્ષેત્રના રાષ્ટ્રીય ડોક્ટરો સાથે નડાની બેઠક થઈ છે, જે મેડિકલ ક્ષેત્રે નિર્ણાયક ગણાશે.

અત્રે મહત્વનું છે કે હેલ્થ કેર એક્સ ડાયલોગ કાર્યક્રમમાં કેન્દ્રીય મંત્રીએ હાજરી આપી અને ચર્ચા પણ કરી છે. આ સાથે જ મેડિકલ ટુરીઝમના ગુજરાતની કામગીરી બાબતે પણ ચર્ચા થઈ છે. રાજ્યના સ્વાસ્થ્ય મંત્રી ઋષિકેશ પટેલ તેમજ કેન્દ્રીય મંત્રીનું ડોક્ટરો દ્વારા સ્વાગત કરવામાં આવ્યું હતું.

# રાષ્ટ્રીય અધ્યક્ષ અને કેન્દ્રિય આરોગ્યમંત્રી, રાષ્ટ્રીય સંગઠનમંત્રી તેમજ મુખ્યમંત્રીની ઉપસ્થિતિમાં અમદાવાદના બાપુનગર ખાતે સંવિધાન ગૌરવ અભિયાન કાર્યક્રમ યોજાયો

ગાંધીનગર સંવાદદાતા | વિજયવીર યાદવ

રાષ્ટ્રીય અધ્યક્ષ અને કેન્દ્રિય આરોગ્યમંત્રી જગતપ્રકાશ નડ્ડા, રાષ્ટ્રીય સંગઠનમંત્રી વી.સતિષ તેમજ મુખ્યમંત્રી ભુપેન્દ્રભાઇ પટેલની ઉપસ્થિતિમાં અમદાવાદના બાપુનગર ખાતે સંવિધાન ગૌરવ અભિયાન કાર્યક્રમ યોજાયો. આ કાર્યક્રમમાં વડાપ્રધાન નરેન્દ્રભાઇ મોદી સાહેબનો મન કી બાત કાર્યક્રમમા વડાપ્રધાનનું સંબોધન સાથે મળી સાંભળ્યું. આ કાર્યક્રમમાં અમદાવાદ શહેરના પ્રમુખ તેમજ ધારાસભ્ય અમિતભાઇ શાહે સ્વાગત સંબોધન કર્યુ હતું. રાષ્ટ્રીય અધ્યક્ષ જે.પી.નડ્ડાએ સંબોધન કરતા જણાવ્યું કે, દેશમાં સંવિધાનના 75 વર્ષ પુર્ણ થયા જેમા




65 વર્ષ કોંગ્રેસના નેતાઓએ દેશ પર રાજ કર્યુ. આજે આ કાર્યક્રમ પહેલા મને ડો.બાબા આંબેડકરની મૂર્તીને ફુલહાર કરવાની તક મળી આ ફકત ફુલહાર પુરતુ સિમિત ન હોવું જોઇએ પણ આપણે સૌએ મહાન વ્યક્તિની દુરદર્શિતાને સમજવી જોઇએ. ડો. આંબેડકરજીએ કહ્યુ હતું કે સંવિધાન ગમે તેટલુ સારુ હોય પણ તેનુ પાલન કરવાવાળા યોગ્ય નહી હોય તો સંવિધાન અસફળ થશે. જેમણે સંવિધાન બનાવવામાં મહત્વની ભૂમિકા નિભાવી છે તેવા ડો. આંબેડકર પણ માને છે કે જો સંવિધાન સારુ બનાવ્યું છે પણ જો તેને પાલન કરવામાં સારા લોકો હશે તો કામ સારુ થશે અને સારી રીતે પાલન નહી કરાવનાર હશે તો આ જ સંવિધાન તકલીફ આપશે.

# અમદાવાદમાં કોલ્ડપ્લે કોન્સર્ટની ટિકિટના કાળા બજારિયા, 6 ટિકિટ સાથે એકની ધરપકડ




### પોલીસે અક્ષય પટેલની ધરપકડ કરી વધુ તપાસ હાથ ધરી

(એજન્સી) અમદાવાદ । તા.19

અમદાવાદમાં નરેન્દ્ર મોદી સ્ટેડિયમમાં આગામી 25મી અને 26મી જાન્યુઆરીએ કોલ્ડપ્લે કોન્સર્ટ યોજાશે. આ કોન્સર્ટની ટિકિટનું વેચાણ શરૂ થયા બાદ અમુક સમયમાં હજારો ટિકિટ વેચાઈ ગઈ હતી. ત્યારે હવે કોલ્ડપ્લે કોન્સર્ટની ટિકિટના કાળા બજારિયા થતું હોવાનું બહાર આવ્યું છે. ચાંદખેડા પોલીસે અક્ષય પટેલ નામની વ્યક્તિને કોલ્ડપ્લેની છ ટિકિટ સાથે ઝડપી પાડ્યો છે, જે આ ટિકિટો ઊંચા ભાવે વેચીને કાળા બજારિયા કરતો હતો. મળતી માહિતી અનુસાર, ચાંદખેડા પોલીસે અક્ષય પટેલ નામના વ્યક્તિ પાસેથી કોલ્ડપ્લેની 6 ટિકિટ મળી આવી છે. જે 2500 રૂપિયાની 4 અને 4500 રુપિયાની 2 ટિકિટ મળી આવી છે. અક્ષય પટેલ આ 6 ટિકિટ ઊંચા ભાવે વેચી કાળા બજારિયા કરતો હોવાનું સામે આવ્યું હતું. હાવ પોલીસે અક્ષય પટેલની ધરપકડ કરી વધુ તપાસ કરી રહી છે.

### કોન્સર્ટના બે દિવસ માટે મુંબઇ-અમદાવાદ વચ્ચે દોડાવાશે બે ખાસ ટ્રેન

ઉલ્લેખનીય છે કે, ગુજરાત કોલ્ડપ્લે કોન્સર્ટ માટે પશ્ચિમ રેલવે દ્વારા ચલાવવામાં આવતી આ ટ્રેન 25મી જાન્યુઆરીએ બાંદ્રા ટર્મિનસથી સવારે 6:15 વાગ્યે ઉપડશે અને બપોરે 2 વાગ્યે અમદાવાદ પહોંચશે. પરત ફરતી વખતે 26મી જાન્યુઆરીએ આ ટ્રેન અમદાવાદથી બપોરે 1:40 વાગ્યે ઉપડશે અને રાત્રે 8:40 વાગ્યે બાંદ્રા ટર્મિનસ પહોંચશે.26મી જાન્યુઆરીએ બાંદ્રા ટર્મિનલ- અમદાવાદ વિશેષ ટ્રેન દોડાવાશે. જેમાં ટ્રેન નંબર 09005 બાંદ્રા ટર્મિનલ 6.15 કલાકે બાંદ્રા ટર્મિનલ ઉપડશે અને બપોરના 1 વાગ્યે અમદાવાદ પહોંચાડશે. જ્યારે ટ્રેન નંબર 09006 અમદાવાદ- બાંદ્રા ટર્મિનલ 27મી જાન્યુઆરીના અમદાવાદથી 12.50 કલાકે ઉપડશે અને 8.30 કલાકે બાંદ્રા પહોંચાડશે. વિશેષ ટ્રેનનું બોરીવલી, વાપી, ભરૂચ, વડોદરા સ્ટેશન પર સ્ટોપ આપવામાં આવ્યા છે.

### 25000 ચાર્જ વસૂલીને પ્રિ-વેડિંગ શૂટિંગ કરવા મંજૂરી અપાશે

# મોટા ઉપાડે જાહેરાત છતાં ફ્લાવર શોમાં પ્રી-વેડિંગ કે મૂવી શૂટિંગ માટે એક પણ બુકિંગ ન મળ્યું

(એજન્સી) અમદાવાદ । તા.19

સાબરમતી રિવરફ્રન્ટ ખાતે આયોજિત ફ્લાવર શોમાં લોકો પ્રિ-વેડિંગ કે મૂવી શૂટિંગ કરી શકશે એવી જાહેરાત કરીને તંત્રએ ફ્લાવર શૉને 24 જાન્યુઆરી સુધી લંબાવવા નિર્ણય કર્યો હતો. ત્યારે 9 જાન્યુઆરીએ પ્રિ-વેડિંગ, મૂવી શૂટિંગ માટે જાહેરાત કરાયા બાદ 17 જાન્યુઆરી સુધી એકપણ બુકિંગ થયું ન હોવાની જાણકારી સામે આવી છે.



તંત્રની પ્રિ-વેડિંગ-મૂવી શૂટિંગના નામે આવક ઉભી કરવાની કરેલી યુક્તિ સફળ તો ના થઈ પરંતુ નિર્ણય પણ ખોટો સાબિત થયો છે. ઉલ્લેખનીય છે કે 3 જાન્યુઆરીથી સાબરમતી રિવરફ્રન્ટ ખાતે શરૂ થયેલા ફ્લાવર શોને 23 અને 24 એમ બે દિવસ માટે લંબાવીને શહેરીજનો પ્રિ-વેડિંગ શૂટીંગ કરી શકે એ માટે સવારના 7થી 8 એમ એક કલાક દરમિયાન રૂપિયા 25000 ચાર્જ વસૂલીને પ્રિ-વેડિંગ શૂટિંગ કરવા મંજૂરી અપાશે એ પ્રકારની સત્તાધીશો દ્વારા જાહેરાત કરવામાં આવી હતી.

આ ઉપરાંત વેબ સિરીઝ અને મૂવી ઉપરાંત જાહેરાતના શૂટિંગ માટે 23 અને 24 જાન્યુઆરીના રોજ સાંજના 6થી 9 કલાક દરમિયાન રૂપિયા એક લાખ ચાર્જ વસૂલીને તંત્ર તરફથી શૂટિંગ માટે મંજૂરી આપવામાં આવવાની જાહેરાત કરાઈ હતી. રિક્રીએશન કમિટીના ચેરમેન જયેશ ત્રિવેદીએ કહ્યું કે, ફ્લાવર શોમાં પ્રિ-વેડિંગ શૂટિંગ માટે કરવામાં આવેલી જાહેરાત પછી 17 જાન્યુઆરી સુધી એકપણ બુકિંગ મળ્યું નથી.

# સગીરાનું અપહરણ કરીને બળાત્કાર ગુજારનાર આરોપીને ૨૦ વર્ષની કેદ

ગાંધીનગર : ગાંધીનગરના સેક્ટર ૭ પોલીસ સ્ટેશન વિસ્તારમાં ત્રણ વર્ષ અગાઉ સગીરાને લગ્નની લાલચ આપીને અપહરણ કરી સુરત ખાતે લઈ જઈ બળાત્કાર ગુજરનાર આરોપી સામે ગુનો દાખલ થયા બાદ કેસ ગાંધીનગર બીજા એડિશનલ સેશન્સ કોર્ટમાં ચાલ્યો હતો અને સરકારી વકીલની દલીલોને ગ્રાહ્ય રાખીને આરોપીને ૨૦ વર્ષની સખત કેદ ફટકારવામાં આવી છે. ત્રણ વર્ષ અગાઉ ગાંધીનગરના સેક્ટર ૭ પોલીસ સ્ટેશન વિસ્તારમાં રહેતી સગીરાને આરોપી મહેશ મનુભાઈ માછી (રહે, સાદરા ટીંબાના મુવાડા જિલ્લો પંચમહાલ) દ્વારા પ્રેમજાળમાં ફસાવીને લગ્ન કરવાની લાલચ આપી તેનું અપહરણ કરીને સુરત ખાતે લઈ જવામાં આવી હતી. જ્યાં તેની સાથે અવારનવાર શરીર સંબંધ બાંધવામાં આવ્યો હતો. જે સંદર્ભે સગીરાના પિતા દ્વારા સેક્ટર ૭ પોલીસ મથકમાં આરોપી સામે ગુનો દાખલ કરવામાં આવ્યો હતો. જે કેસ ગાંધીનગરના બીજા એડિશનલ સેશન્સ જજ એસ.ડી મહેતાની કોર્ટમાં ચાલ્યો હતો. જ્યાં સરકારી વકીલ દ્વારા ભોગ બનનાર અને સાહેદોની જુબાની લેવામાં આવી હતી અને દલીલ કરવામાં આવી હતી કે, આરોપીએ ગંભીર પ્રકારનો ગુનો આચર્યો છે. આવા કેસમાં સખતમાં સખત સજા થવી જોઈએ. સમાજમાં દાખલો બેસે તે પ્રકારે અને આવા ગુનાઓ બનતા અટકે તે માટે આરોપીને કાયદામાં દર્શાવેલી સજા કરવી જોઈએ. જેના પગલે કોર્ટ દ્વારા આ ગુનાના આરોપી મહેશ મનુભાઈ માછીને ૨૦ વર્ષની સખત કેદની સજા ફટકારવામાં આવી હતી તેમજ ૧૪ હજાર રૂપિયા દંડ ભરવા પણ હુકમ કરવામાં આવ્યો હતો. એટલું જ નહીં જિલ્લા કાનૂની સેવા સત્તા મંડળને ભોગ બનનારને ચાર લાખ રૂપિયા વળતર આપવા પણ આદેશ કરવામાં આવ્યો હતો.

## પ્રેમીનો પ્રેમિકાના પિતા અને માતા ઉપર પાઇપ ચાકુથી હુમલો

(એજન્સી) અમદાવાદ । તા.19

નવા નરોડામાં પ્રેમ સંબંધ બાબતે ઠપકો આપતાં પ્રેમી અને તેના ભાઈએ પ્રેમિકાના પિતા અને તેની માતા ઉપર પાઈપ અને ચાકુથી હુમલો કરીને લોહી લુહાણ કરતાં ગંભીર હાલતમાં તેઓ સિવિલમાં સારવાર હેઠળ છે. આ બનાવ અંગે કૃષ્ણનગર પોલીસે ત્રણ લોકો સામે ગુનો નોધી વધુ તપાસ હાથ ધરી છે.પ્રેમ સંબંધે ઠપકો આપતા ઢોર માર મારીને ઘાતક હુમલો કરતાં માતા પુત્ર લોહી લુહાણ હાલતમાં સારવાર હેઠળ કૃષ્ણનગર પોલીસે ત્રણ સામે ગુનો નોંધી તપાસ શરુ કરીનવા નરોડામાં રહેતા અને કેનાલ પાસે આદિશ્વર કેનાલ પાસે શાકભાજીનો વ્યવસાય કરતા યુવકે કૃષ્ણનગર પોલીસ સ્ટેશનમાં પડોશમાં રહેતા ત્રણ ભાઈ સામે ફરિયાદ નોંધાવી છે કે ફરિયાદી યુવકની પુત્રી સાથે પડોશી યુવકને પ્રેમ સંબંધ હતો તેને સમજાવવા માટે યુવકના પિતાને વાત કરી હતી. બે દિવસ પહેલા યુવક અને તેની માતા શાકભાજીની લારી ઉપર હાજર હતા ત્યારે પ્રેમી સહિત ત્રણ ભાઈ આવ્યા હતા.

## જિલ્લામાં એક વર્ષમાં૨૮ હજાર પ્રોપર્ટી કાર્ડ બન્યાં,ત્રણ લાખ માલિકોના બાકી

(એજન્સી) ગાંધીનગર । તા.19

ગ્રામ્યવિસ્તારરમાં ડ્રોન ફ્લાઈટ ઉડાડીને મિલકતોનો સર્વે-માપણી કરી નકશા તૈયાર કરવા તથા તેના આધારે જે તે માલિકને તેની પ્રોપર્ટીનું કાર્ડ આપવાની સામીત્વ યોજના અંતર્ગત ગાંધીનગર જિલ્લામાં છેલ્લા એક વર્ષમાં ૨૮ હજાર માલિકોના પ્રોપર્ટી કાર્ડ બન્યા છે જ્યારે ત્રણ લાખ જેટલા હજુ બનાવવાના બાકી છે જે કામગીરી ચાલી રહી છે.લોન લેવા સહિતના પુરાવા તરીકે આ કાર્ડનો ઉપયોગ થઇ શકશે અને મિલકત સંબંધી કાયદાકીય તથા સામાજિક ઘર્ષણ પણ ઘટશે. ગાંધીનગર જિલ્લામાં ત્રણ લાખ પ્રોપર્ટી કાર્ડ બનાવવાનું કાર્ય ટૂંક સમયમાં પૂર્ણ થશે અને વર્તમાન સમયમાં ૨૮ હજાર જેટલા કાર્ડ અપાય ચૂક્યા છે. માણસા ખાતે આ પ્રોપર્ટી કાર્ડ વિતરણનો કાર્યક્રમ પણ યોજવામાં આવ્યો હતો. આ કાર્ડ જમીન અને મકાનના સાચા માલિકને તેનો હક્ક પારદર્શી રીતે પૂરો પાડે છે. મિલકતને લઈને કુટુંબમાં વાદ-વિવાદ થતા હતાં, તેનું નિરાકરણ આ કાર્ડને કારણે કાયમી ધોરણે આવશે.

## રૂા.૨૬ લાખ પરત નહી આપીને મહિલાને છેડતી કરી

(એજન્સી) અમદાવાદ । તા.19

મણિનગરમાં રહેતી મહિલાની માતા પાસે વર્ષ પહેલા ઉછીના રૂા.૨૬ લાખ લીધા હતા જે પરત આપવાની ના પાડી હતી અને મહિલાને ઘરે બોલાવીને તેના પુત્ર પાસે એક લાખનનું લખાણ કરી સહી કરવા દબાણ કરતા મહિલાએ સહી કરવાની ના પાડતાં તેને ગાળો બોલીને મારી નાખવાની ધમકી આપી હતી અને હાથ પકડી છેડતી કરી હતી.ઘોડાસરમાંઘરે બોલાવી મહિલાના પુત્ર પાસે એક લાખનું લખાણ કરી સહી કરાવવા દબાણ કર્યું મહિલાએ ના પાડતાં ધમકી આપી હાથ પકડી રૂમમાં ખેંચવા પ્રયાસ કર્યોનારોલ મણિનગરમાં રહેતી ૩૬ વર્ષની મહિલાએ તેંમના સબંધી પતિ પત્ની સામે ઈસનપુર પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી છે કે આરોપીએ વર્ષ પહેલા તેમની માતા પાસેથી બે મહિના માટે હાથ ઉછીના રૂા.૨૬ લાખ લીધા હતા જે પરત આપવાની ના પાડી હતી ત્રણ મહિના પહેલા મહિલાને ઘોડાસર ઈસનપુર ખાતે આરોપીઓ તેમના ઘરે બોલાવીને તેના એક લાખનનું લખાણ કરી પુત્ર પાસે સહી કરવા દબાણ કરતા હતા.

# પતંગ ચગાવવા મામલે સગીરને દંડાથી મારતાં ગંભીર હાલતમાં સારવાર હેઠળ

(એજન્સી) અમદાવાદ । તા.19

પતંગ ચગાવવા મામલે તકરાર થતાં સગીરને ઢોર મારીને લાકડાના દંડાથી માર મારીને લોહી લુહાણ કર્યો હતો. આ બનાવ અંગે કૃષ્ણનગર પોલીસે પડોશમાં રહેતા પિતા-પુત્ર સહિત ત્રણ લોકો સામે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.પડોશી પિતા-પુત્રએ સગીને ધમકી આપીને ઢોર માર ઘાતક હુમલો કરી લોહી લુહાણ કર્યોકૃષ્ણનગરમાં પાર્શ્વનાથ કેનાલ પાસે રહેતી મહિલાએ કૃષ્ણનગર પોલીસ સ્ટેશનમાં પડોશમાં રહેતા ત્રણ લોકો સામે ફરિયાદ નોંધાવી છે કે વાસી ઉતરાયણના દિવસે સાંજે તેમના સંતાનો પતંગ ચગાવતા હતા આ સમયે એક યુવકને આવીને વાત કરીને કે તમારા પુત્રને કેટલાક લોકો માર મારે છે જેથી ફરિયાદી ત્યાં ગયા તો તેમના પુત્રને માથામાં લાકડાના દંડાથી મારતાં લોહી લુહાણ થઇ ગયો હતો. પુત્રએ જણાવ્યું કે આરાપીઓએ તેને ગાળો બોલીને ઢોર માર માર્યા બાદ જાનથી મારી નાંખવાની ધમકી આપીને ટાઈલ્સના ટુકડાથી મારતાં આંખે અને માથામાં ગંભીર ઈજાઓ થઈ હતી.

# ખ્યાતિ હોસ્પિટલને લઈ કાર્તિક પટેલે કહ્યું, ચિરાગ અને રાહુલ આખું કૌભાંડ ચલાવતા

(એજન્સી) અમદાવાદ । તા.19

ખ્યાતિકાંડમાં કાર્તિક પટેલની પૂછપરછમાં મોટો ખુલાસો થયો છે જેમાં ક્રાઈમ બ્રાન્ચની પૂછપરછમાં કાર્તિકે હકીકત જણાવી અને કહ્યું કે,હોસ્પિટલમાં ગોરખધંધા અંગે કાર્તિક બધું જાણતો હતો અને ચિરાગ રાજપુત અને રાહુલ જૈન આખું કૌભાંડ ચલાવતા હતા અને આ વાતની જાણ તમામ લોકોને હતી સ્ટાફમાં તો આરોગ્ય વિભાગ સાથેના સંપર્ક ચિરાગ રાજપુતના હતા અને ખ્યાતિકાંડમાં અલગ અલગ વિભાગમાં 10થી વધુ અરજીઓ પણ થઈ છે.કાર્તિક પટેલે કહ્યુ કે,હોસ્પિટલમાં નુકસાન બતાવી રુપિયા કમાવવા ગોરખધંધો કરવામાં આવતો હતો હું લાંબો સમય જેલમાં રહેવાની તૈયારી સાથે જ પરત ફર્યો છું,ખ્યાતિ હોસ્પિટલમાં કાર્તિક પટેલ 51%નો ભાગીદાર છું અને કાયદાકીય પ્રક્રિયા લાંબી ચાલશે તે સ્વીકારી હાજર થયોખ્યાતિ કાંડને લઈ મુખ્ય આરોપી કાર્તિક પટેલે કહ્યું કે,કાર્તિક પટેલ



વિરુદ્ધ કુલ 7 ફરિયાદ પોલીસ ચોપડે નોંધાઈ છે અને દર્દીઓના મૃત્યુમાં મામલે વસ્ત્રાપુરમાં 3 ફરિયાદ નોંધાઈ છે જેમાં PMJAYના કાર્ડ બનાવવા અંગે ક્રાઈમ બ્રાંચમાં ફરિયાદ નોંધાઈ છે અને કાર્તિકના ઘરમાંથી મળી આવેલા દારૂ અંગે ફરિયાદ નોંધાઈ છે,EDએ કાર્તિક પટેલ વિરુદ્ધ નોંધી હતી ફરિયાદ અને મુંબઈમાં જમીન દલાલ સાથે છેતરપિંડી અંગે ફરિયાદ નોંધાઈ છે,પોલીસ પણ આ મામલે તપાસ કરી રહી છે.ક્રાઈમ બ્રાન્ચના એસીપી ભરત પટેલે નિવેદન આપતા કહ્યું કે કાર્તિક પટેલના માર્ગદર્શનમાં ખ્યાતિ હોસ્પિટલની તમામ કાર્યવાહી થતી હતી. આ હોસ્પિટલમાં 3800થી વધુ દર્દીઓએ PMJAY હેઠળ સારવાર મેળવી છે. હોસ્પિટલના 33 બેન્ક અકાઉન્ટની તપાસ પણ હાલમાં ચાલુ છે. કાર્તિક પટેલે વીડિયો કેસેટ વેચવાથી કારકીર્દી શરૂ કરી હતી. હાલમાં તેની ધરપકડ કરવામાં આવી છે અને કાર્તિક પટેલના રિમાન્ડ માગવામાં આવશે અને તમામ પુરાવાઓ એકત્ર કરવામાં આવશે.

કાર્તિક પટેલ ખ્યાતિકાંડનો મુખ્ય આરોપી છે અને તે હોસ્પિટલમાં ડિરેક્ટર પદે હતો,કાર્તિક પટેલ પહેલેથી કૌંભાડ કરતો હોવાની વાત સૂત્રો તરફથી સામે આવી છે,આ સમગ્ર કેસમાં હવે કોઈ આરોપીઓને ઝડપવાના બાકી નથી તમામ આરોપીઓને ઝડપી લેવામાં આવ્યા છે,જ્યારે ખ્યાતિ કાંડ સામે આવ્યો ત્યારથી કાર્તિક પટેલ ફરાર હતો અને વિદેશ ભાગી ગયો હતો,મહત્વની વાત તો એ છે કે,કાર્તિક પટેલ માર્કેટીંગની ટીમ સાથે મળીને નક્કી કરતો હતો કે કયાંથી કેટલા દર્દીઓ સારવાર માટે લાવવા અને કયાં કેટલા કેમ્પ કરવા એટલે આખી હોસ્પિટલનું મેનેજમેન્ટ એક જ કાર્તિક પટેલ કરતો હતો.

### ફેરિયાએ કર્યો ખુલાસો

# લારીમાં વેચાતી બળી દૂધની જ હોય છે તેવું ન માનતા, ઈંડામાંથી પણ બનેલી હોઇ શકે છે

(એજન્સી) અમદાવાદ । તા.19

ગુજરાત સહિત દેશભરમાં ખાણી-પીણીની વસ્તુઓ નકલી હોવાનું સામે આવતું હોય છે. એવો જ એક બીજો કિસ્સો પણ સામે આવ્યો છે. જેમાં લારી પર ફેરિયાઓ દ્વારા વેચવામાં આવતી બળી નામની મીઠાઈ પણ નકલી હોવાનું સામે આવ્યું છે. અમદાવાદમાં બળી વેચનાર ફેરિયાએ ખુદ આ વાતનો ખુલાસો કર્યો છે. જે બળીને આપણે દૂધની મીઠાઈ સમજીને આરોગીએ છીએ તે હકીકતમાં ઈંડાથી બનાવવામાં આવે છે.

હાલ સોશિયલ મીડિયા પર એક વીડિયો વાઈરલ થઈ રહ્યો છે. જેમાં અમદાવાદના નરોડા વિસ્તારમાં એક ફેરિયો બળી લઈને જતો હોય છે. એવા સમયે વીડિયો ઉતારી રહેલો



વ્યક્તિ તેને આ વિશે સવાલ પૂછે છે કે, આ શું છે અને શેમાંથી બનાવી છે? ત્યારે ફેરિયો જવાબ આપે છે કે, આને લોકો બળી કહે છે અને ઈંડામાંથી બનાવવામાં આવે છે. જોકે, આ લારી પર આ બળી જોતા તે એકદમ અસલ દૂધની બળી જેવી જ દેખાય છે. જેના કારણે ઘણાં શાકાહારી લોકો આ ઈંડાની બળીને દૂધની બળી સમજીને આરોગી લે છે.આ વિશે ફેરિયાએ કહ્યું કે, કોઈ મને પૂછતું નથી કે, આ બળી શેમાંથી બનાવેલી છે એટલે હું નથી જણાવતો. જે મને પૂછે છે તો હું તેમને સાચું જ કહી દઉ છું કે, આ ઈંડામાંથી બનાવેલી બળી છે. ત્યારે વીડિયો બનાવતા વ્યક્તિએ પૂછ્યું કે, શાકાહારી વ્યક્તિ હોય તો તેને સામેથી કેમ નથી કહેતો કે આ બળી દૂધ નહીં પરંતુ ઈંડામાંથી બનેલી છે? ત્યારે ફેરિયાએ એ જ રટણ કર્યું કે, કોઈ મને પૂછતું નથી એટલે નથી કહેતો.